બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**મે-૨૦૨૧**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મુકર્રમ
હિજરી સન : ૧૪૪૨

વર્ષ : ૧૮, અંક : ૦૫, સળંગ અંક : ૨૦૮

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | આલમી ધોકા ફરેબનો ઈલાજ | 04 |
| 02 | **ધર્મના વડાની ગુસ્તાખી કરનારને તાત્કાલિક સજા થવી જોઈએ** | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | હદાઈકે બખ્શિશ | 14 |
| 06 | હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہના હાલાત.... | 18 |
| 07 | કાનૂને શરીઅત | 21 |
| 08 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 24 |
| 09 | لَيۡسَ مِنَّا 'તે અમારો નથી' | 27 |
| 10 | હું મુસલમાન થઈને કુર્આન વિશે શું જાણું છું ?! | 31 |
| 11 | નમાઝ અને મેડિકલ સાયન્સ | 34 |
| 12 | મુસલમાનોની બુઝદિલીના સબબો | 38 |
| 13 | અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દષ્ટિએ | 42 |
| 14 | ઈસ્લામના પયગંબર પશ્ચિમી બુદ્ધિશાળીઓની દષ્ટિમાં | 47 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


**કરો લુત્ફો કરમ કા એક ઈશારા**

મુઝે અપના બના લો તુમ, ખુદારા યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم
કરો લુત્ફો કરમ કા એક ઈશારા યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم

તુમ્હીં હો કાસિમે નેઅમત, મિલી તુમસે હી સબ નેઅમત
તુમ્હારે ટુકળોં પર મેરા ગુઝારા યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم

ન છેળો મુઝકો આઅ્દા તુમ, ગુલામે શાહે બતહા હૂં
ચલી આએગી નુસ્રત ગર પુકારા યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم

છુપાઓ જબ કે દામનમેં, ગુલામોં કો સરે મેહશર
મિલે મુઝકો ભી ચાદર કા કિનારા યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم

અતા ઈલ્મે લદુન્ની હો, મુઝે સદકે મેં હૈદર કે
જેહાલત કો હમસે અબ હો કિનારા યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم

મેરી જોલીમેં સદકા ગૌષ કા રખ દે હુઝૂરે મન
ઈસી ઉમ્મીદ પર દામન પસારા યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم

બનાકર સાઈલે તયબહ મેરી કિસ્મત જગાઈ હૈ
બુલંદી પર હૈ **'શાકિર'** કા સિતારા યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم

**રજૂકર્તા :** *અતાએ મુફતીએ આ'ઝમ, પીરે તરીકત અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી* **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી-મુંબઈ**

# આલમી ધોકા ફરેબનો ઈલાજ

**તક્વો અપનાવ્યા વિના પરેશાનીઓથી નથી નીકળી શકાતુ**

:: રજૂકર્તા ::
*અતાએ મુફતીએ આ'ઝમ, પીરે તરીકત અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી*
**હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી-મુંબઈ**

આજે આપણે સૌ ન કેવળ મેહસૂસ કરી રહ્યા છીએ બલ્કે જોઈ પણ રહ્યા છીએ કે અત્યારે આખુ વિશ્વ કોરોના તથા આર્થિક સંકટ જેવી સમસ્યાઓથી સખત રીતે ઘેરાયેલુ છે. કોરોના હકીકત છે કે કેવળ કોઈ બનાવટ છે ?! એના સંબંધે વિવિધ માન્યતાઓ સામે આવી રહી છે. કેટલાક લોકો ખરેખર કોરોનાને એક ખતરનાક વાયરસ સમજે છે અને કેટલાક લોકો શંકાની દષ્ટિએ જુએ છે. કોઈ એને ન્યૂ વર્લ્ડ ઓર્ડર ઠરાવી રહેલ છે, કોઈ એને વૈશ્વિક મંદી પર ખાસ લોકોની ઈજારાદારી અને તેમના કબજાની વાત કરી રહ્યા છે જેનાથી મધ્યમ વર્ગના લોકોનો ખાતમો થઈ જાય અને ઉચ્ચ વર્ગના લોકો સૌના પર હુકમરાની કરે. અમુકની દષ્ટિએ આ વબાનુ મુદ્દલે કોઈ અસ્તિત્વ જ નથી, બલ્કે કેવળ હુકૂમતોનો એક સ્ટંટ છે જેના થકી નાગરીકોની આઝાદી છીનવાની કોશિશ કરવામાં આવી રહી છે.

એક ધારણા એવી છે કે આ વાયરસનો મુદ્દલે કોઈ પ્રાકૃતિક શ્રોત નથી. ઓન લાઈન થિયરિસ્ટોએ એવો દાવો કર્યો હતો કે કોવિડ-૧૯ અસલમાં ઉચ્ચ કક્ષાની જીવ શાસ્ત્રની લેબોરેટરીઓમાં બનાવવામાં આવ્યો હતો. એના હેઠળ ચીની વૈજ્ઞાનિકો પર આક્ષેપ મૂકવામાં આવ્યો હતો કે તેમણે જ આ વાયરસને ડિઝાઈન કર્યો અને આધુનિક યુગના હથિયારના રૂપે ફેલાવ્યો હતો. અને એ ઘણુ જીવલેણ તથા અસરકારક હથિયાર સાબિત થયું છે. પી.ઓ. રિસર્ચના એક અભ્યાસ પ્રમાણે દરેક દસમાંથી ત્રણ અમરિકી એ વાતમાં વિશ્વાસ ધરાવતા હતા કે કોવિડ-૧૯ને આકસ્મિક રીતે કે જાણીબુઝીને લેબોરેટરીમાં બનાવવામાં આવ્યો હતો. કેવળ ૬%નો એ ખયાલ હતો કે આ આકસ્મિક રૂપે ફેલાયો હતો. પી.ઓ. રિસર્ચે આ સર્વે વાયરસના શરૂ થવાના દિવસોમાં કર્યો હતો. સારાંશ કે વિશ્વ કક્ષાએ ધોકા ફરેબની એક જાળ બિછાવી દેવામાં આવી છે અને આખુ જગત અમુક લોકોના ધોકા પ્રપંચનો શિકાર છે. હવે સવાલ એ છે કે શું આ આલમી ધોકા પ્રપંચથી બચવાનો ઈલાજ પણ કુર્આન તથા હદીષમાં મૌજૂદ છે ? જી હા ! મૌજૂદ છે. કુર્આન મુકદ્દસમાં રબ્બે કદીર ﷻ સે ઈર્શાદ ફર્માવ્યો : "અને જો તમે સબ્ર તથા પરહેઝગારી કરતા રહો તો એમનો દાવ તમારું કાંઈ બગાડશે નહીં. બેશક ! તેમનાં સર્વ કામો ખુદાના ઘેરામાં છે."

*(સૂ. આલે ઈમરાન-૧૨૦)*

આ આયતથી જાણવા મળ્યું કે દુશ્મનના પ્રપંચથી બચવાનો ઈલાજ સબ્ર તથા તક્વામાં છે. અફસોસ એ વાતનો છે કે આપણે શોર તો મચાવીએ છીએ પરંતુ અમલ નથી કરતા. જયારે કે અલ્લાહ વ રસૂલનાં ફર્માનોમાં દરેક પરેશાનીનો ઈલાજ મૌજૂદ છે. કુર્આને મુકદ્દસમાં અલ્લાહ ﷻ એ વિવિધ ઠેકાણે સબ્ર તથા તક્વાને વિવિધ પરેશાનીઓનો ઈલાજ ઠરાવ્યો છે.

તક્વાના વિશે રબ તઆલા ફર્માવે છે : "અને જેઓ અલ્લાહથી ડરે છે અલ્લાહ તેમના માટે નજાતની રાહ કાઢી આપે છે." *(સૂરએ તલાક, આ. ૨)*

"અને અલ્લાહ બચાવશે પરહેઝગારોને (ખુદાથી ડરનારાઓને) તેમની નજાતની જગા, ન તેમને અઝાબ સ્પર્શે અને ન તેમને ગમ થાય." *(ઝુમર-૬૧)*

એક જગાએ સબ્રના બારામાં ફર્માવ્યું, "અલ્લાહ સબ્ર કરનારાઓ સાથે છે." એક જગાએ ફર્માવ્યું, "સાબિરો માટે ખુશખબરી છે."

હુઝૂર રહમતે આલમ ﷺ ફર્માવે છે : "સબ્ર ખુશહાલીની ચાવી છે." એક જગાએ ફર્માવ્યું, "સબ્ર અડધુ ઈમાન છે." આ આયતો તથા હદીષોની રોશનીમાં જાણવા મળ્યું કે ધોકા પ્રપંચથી બચવા માટે આપણી પાસે બે મહાન નુસ્ખા સબ્ર તથા તક્વો મૌજૂદ છે. જો આપણે તેના પર અમલ કરતા થઈ જઈએ તો ઈન્શા અલ્લાહ ! આપણે મહફૂઝ રહી શકીએ છીએ.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, માર્ચ-૨૦૨૧, મુંબઈ)*

www.barkatekhwaja.net

# ધર્મના વડાની ગુસ્તાખી કરનારને તાત્કાલિક સજા થવી જોઈએ

તંત્રી લેખ...

ઈસ્લામ ધર્મના મહાન પયગંબર, આખરી નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ જે સર્વ જહાનોના માટે રહ્‌મત બનીને તશરીફ લાવેલા છે. જેમના જીવનનો નિષ્પક્ષપણે અભ્યાસ કરનાર આપની જાતને અમ્નો શાંતિના જામિન માને છે. જેમણે દુનિયાના કચડાયેલા વર્ગો, ગરીબો, સ્ત્રીઓ, જુલ્મ પીડિતોને, ગુલામો, લોંડીઓ, વૃદ્ધો તથા અશક્તોને રાહત તથા ચૈન સુકૂનથી તથા આઝાદીથી જીવન જીવવાનું મળે એવું બંધારણ પેશ કર્યુ અને જુલ્મની ચક્કીમાંથી, જાલિમોના પંજાથી મઝલૂમોને બચાવ્યા છે. જેમની તા'લીમે શરાબી, ઝાની, જાલિમ કોમોને ગુનાહોની ચુંગાલથી બહાર કાઢીને સુસંસ્કારી તથા ઉચ્ચ અખ્લાકવાળા અને સમાજ સુધારક બનાવી દીધા. એવા વિશ્વના સર્વ શ્રેષ્ઠ ઈન્સાન માટે જ્યારે કોઈ અવિચારી શૈતાન, જાલિમ, મલઊન સમજ્યા વિના ગમે તેમ અયોગ્ય તથા અભદ્ર શબ્દોનો પોતાનામાં રહેલા પૂર્વગ્રહના ઝહેરના કારણે બકવાસ કરે ત્યારે એ બાબત જગતભરના મુસલમાનના બલ્કે દરેક ન્યાયપ્રિય વ્યક્તિના દિલને ઠેસ પહોંચાડે છે.

### ★ મલઊન નરસિંહાનંદની ધરપકડ કરવી એ બંધારણનું સૂચન છે ★

એવા જ એક મલઊન શૈતાન વિકૃત માનસિક્તાવાળા યુ.પી.ના ગાઝિયાબાદ સ્થિત શિવશક્તિ ધામ ડાસના દેવી મંદિરના મુખ્ય મહંત નરસિંહાનંદ સરસ્વતીએ પોતાના દિલની કાળાશને છતી કરી છે. તેણે ૧–૪–૨૦૨૧ના રોજ જાહેરમાં દિલ્હી સ્થિત પ્રેસ કલબ ઓફ ઈન્ડિયા ખાતે એક પત્રકાર પરિષદમાં જેમણે સમગ્ર વિશ્વમાં ''શાંતિ તથા ભાઈચારા''નો સંદેશ આપ્યો તે ઈસ્લામના મહાન પયગંબર હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ માટે અભદ્ર ભાષાનો ઉચ્ચાર કરીને સમગ્ર મુસ્લિમ જગત તથા ન્યાયપ્રિય બુદ્ધિજીવીઓના દિલોને રંજ આપ્યો છે તથા એની આ ઝહેરીલી વાણીથી દેશમાં કૌમી એકતા તથા ભાઈચારાથી રહેતી પ્રજાની એકતા તથા અખંડિતતામાં ખલેલ પહોંચાડવાનો આ નાલાયકે ધાર્મિક ઉશ્કેરણી કરીને પ્રયાસ કરેલ છે. આવી વ્યક્તિઓ દેશના માટે ખતરારૂપ હોય એની તાત્કાલિક ધોરણે ધરપકડ કરીને તેના પર કાયદેસર રીતે કાર્યવાહી કરવામાં આવે, એ રીતની માગણી સાથે દેશભરમાં ઠેરે ઠેર વિવિધ શહેરોમાં પોલીસ સ્ટેશોનોમાં **F.I.R.** કરવામાં આવેલ છે તથા જીલ્લાઓના વડાઓ, કલેકટરોને આવેદન પત્રો આપવામાં આવેલ છે. રઝા એકેડમી મુંબઈ તેમજ બરેલી શરીફના કાઈદોએ પણ સખત વિરોધ પ્રદર્શનો કરી તેની ધરપકડની માગ કરી છે. અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ હઝરત મૌલાના શાકિર નૂરીએ પણ ગવર્નમેન્ટ પાસે આ પયગંબરના બેઅદબ પર સખત કાર્યવાહી કરવા માગણી કરી છે. ભરૂચના સુન્ની મુસ્લિમો તરફથી મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી, મૌલાના યાસીન નૂરાની, મૌલાના હુસૈન નજમી, મૌલાના સુહેલ નજમી, મૌલાના અશરફ નજમી, હાફિઝ અ. રહીમ બરકાતી, હાફિઝ સીરાજ સાપા તથા અન્ય ઉલમા, તંત્રી બરકાતે ખ્વાજા (માસિક), એડવોકેટ કારી ઈમરાન ટંકારવી, બાબા સૈયદ એડવોકેટ તેમજ અન્ય એડવોકેટો થકી પણ એના સંબંધે કલેકટર સાહેબ ભરૂચ તથા

Web.:www.barkatekhwaja.net

ડી.વાય.એસ.પી. ભરૂચને આવેદન પત્રો આપવામાં આવ્યાં. અને પોતાનો ગમ તથા ગુસ્સો કાયદામાં રહીને પ્રદર્શિત કર્યો છે. અને મુસ્લિમ સમાજની લાગણી દુભાવનાર આ મહંત સામે આઈ.પી.સી.ની કલમ, ૨૯૫ (અ), ૧૫૩ (અ), ૫૦૫ (૨) મુજબ ફરિયાદ નોંધી કાર્યવાહી કરવા માગ કરી છે. પરંતુ અફસોસ કે હજી આ મહંતની આ લખાય છે ત્યાં સુધી ધરપકડ કરવાની કોઈ કાર્યવાહી થઈ નથી.

## ★ આ પ્રમાણે કાર્યવાહી દરેક કેસમાં થવી જોઈએ ★

૭ એપ્રિલ ૨૦૨૧ના સમાચાર પ્રમાણે અલ્હાબાદ હાઈકોર્ટ રામ મંદિર વિરુદ્ધ બોલનારા **P.F.I.**ના નેતાને જામિન ન આપ્યા. સમાચારમાં છે કે, "અલ્હાબાદની હાઈકોર્ટની લખનઉ બેન્ચે અયોધ્યામાં ભગવાન રામના મંદિરની આધારશિલા રાખવા વિરુદ્ધ બારાબંકીની કુર્સી વિસ્તારમાં ભાષણ આપતાં ધાર્મિક લાગણીને નુકસાન પહોંચાડવાના આરોપમાં **P.F.I.**ના સક્રિય નેતા મોહમ્મદ નદીમના આગોતરા જામિનને ફગાવી દીધા છે. પોતાના આદેશમાં જજ ચંદ્રધારી સિંહે કહ્યું કે **બંધારણમાં આપવામાં આવેલ બોલવાના અધિકારનો એ મતલબ નથી કે તમે બીજા ધર્મ અથવા સમુદાય વિરુદ્ધ બોલો અને તેનાથી કોઈની ધાર્મિક લાગણીને નુકસાન પહોંચાડવામાં આવે.**

સિંહે કોર્ટને એ પણ કહ્યું કે પહેલાં પણ આરોપીએ આ પ્રકારના અપરાધ કર્યા છે. જણાવે છે કે બારાબંકીની કુર્સી પોલીસે આરોપી નદીમ વિરુદ્ધ ધાર્મિક લાગણી ભડકાવવા અને રામ મંદિર વિરુદ્ધ જેમ તેમ બોલવાના કેસમાં આઈ.પી.સી.ની કલમ ૧૫૩એ અંતર્ગત **F.I.R.** નોંધવામાં આવી હતી. નદીમની આગોતરા જામિનની અરજીનો વિરોધ કરતાં સરકારી વકીલ રાજેશકુમાર સિંહે કહ્યું કે આરોપી વિરુદ્ધ પૂરતા સાક્ષી સામે આવ્યા છે કે તે **P.F.I.**ના સક્રિય નેતા છે અને અન્ય ધર્મના લોકોને ભડકાવનારા ભાષણ તેમણે આપ્યાં છે.

તો આ પ્રમાણે નદીમના આગોતરા જામિન રદ કરી દેવામાં આવ્યા. ઈસ્લામે કદી અન્ય ધર્મના મઅબૂદોને કે તેમના વડાઓને ભલુબુરુ કહેવાની ઈજાઝત આપી નથી. જેથી જજ સાહબના આ નિર્ણયને અમે આવકારીએ છીએ અને ધાર્મિક લાગણી ઉશ્કેરનાર વ્યક્તિ સામે આ પગલા લેવા બદલ અમો મુબારકબાદ પેશ કરીએ છીએ કે જેથી અન્ય કોઈ વ્યક્તિ કોઈપણ ધર્મના વડા કે સમુદાય વિરુદ્ધ ઝબાન ચલાવતાં વિચાર કરે, અને દેશમાં અમ્નો અમાનનો, ભાઈચારાનો માહોલ બનેલો રહે.

## ★ એક સમાન જ કેસ છતાં અહીં કાર્યવાહીના નામે મીંડુ ! ★

ઉપરોક્ત લખાણમાં તમે જોઈ લીધું કે રામ મંદિર વિરુદ્ધ બોલનારા સામે કેવી કાર્યવાહી કરવામાં આવી. તો સિક્કાની બીજી બાજુ જુઓ કે એ જ દેશ એ જ પ્રકારનો ગુનો કરનારા નરસિંહાનંદ, નબીના ગુસ્તાખ સામે દેશભરમાં ધરપકડની માગ થવા છતાં કોઈ એકશન લેવાયાનું જણાયું નથી. આ બાબત દેશની શાંતિ તથા એકતા માટે જોખમરૂપ છે. તંત્રએ સાબદા થઈને આવા પયગંબરના બેઅદબ તથા મુસ્લિમ સમુદાયનું અપમાન કરનાર સામે પગલાં લેવા જોઈએ. જે કલમો નદીમને લગાડી તે જ બંધારણીય કલમો હેઠળ નરસિંહાનંદની ધરપકડ થવી જોઈએ અને સખત સજા તેને પણ થવી જોઈએ.

પરંતુ આશ્ચર્યની વાત છે કે ઈસ્લામના ધર્મના મહાન પયગંબર વિશે ઘસાતુ બોલાનાર નપાવટ મહંત સામે કાર્યવાહીના બદલે સૂરત ખાતે કલેકટરને માઈનોરિટી અધિકાર સમિતિ સૂરત થકી પણ આવેદનપત્ર આપી

રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરનારાને જ પોલીસે ઊંચકી લીધા હતા. અને તેમના પૂરા વીડિયો ચકાસ્યા બાદ ચાર કલાક સુધી ઉલટ તપાસ કરી હતી. છેવટે કાંઈ વાંધાજનક મળ્યુ ન હોવાથી પોતાની ભૂલનો પોલીસને એહસાસ થતાં ચારેવ આગેવાનોને મુક્ત કર્યા હતા. એ સમાચાર પત્રથી જાણવા મળ્યું.

મજકૂર મહંતની એ આદત રહી છે કે હમેશાં લોકોની લાગણીઓ દુભાય તથા ઉશ્કેરણી ફેલાય એવી વાતો એ ઘણા સમયથી બોલતો આવે છે. અગાઉ પણ ઈસ્લામ વિશે તથા અલ્લાહની પાક જાત વિશે તથા મુસ્લિમ સમુદાય વિશે તેણે ઝહેર ઓકેલુ છે અને મુસલમાનોના પયગંબરની બેઅદબી કરી છે. તેની અભદ્ર બકવાસ કરવાની આદત રહી છે. તેણે દેશના રાષ્ટ્રપિતા ગાંધીજીની વિરુદ્ધ પણ ગલત ટીપ્પણીઓ કરેલી છે. તો ન્યાય એમાં જ ગણાશે કે દેશની જનતાની ભલાઈ ખાતર કૌમી વૈમનસ્ય ફેલાવવા મથતા આ મહંતને સળીયા પાછળ કરવામાં આવે તો બીજા એના રસ્તે ચાલી ન શકે.

## ★ મરદૂદ વસીમે પણ મોંઢાની ખાધી ! ★

શૈતાન વસીમ રઝવી મુર્તદે થોડા સમય પહેલાં કુર્આન શરીફની ૨૬ આયતોને કુર્આનમાંથી હટાવવાની વાત કરી અને સુપ્રિમ કોર્ટમાં અરજી આપી હતી. પણ સુપ્રિમ કોર્ટે તેની અરજીને 'તદ્દન વાહિયાત' ગણાવીને તેને રદ કરીને ૫૦ હજારનો દંડ એ શૈતાનને ફટકાર્યો છે. વિશ્વભરના મુસ્લિમો તેમજ જાગૃત નાગરિકોએ તેના પર ફિટકાર વરસાવી હતી પણ સુપ્રિમ કોર્ટે પણ તેના પર ફિટકાર વરસાવી. શૈતાન વસીમ વિરુદ્ધ પણ હિંદભરમાં મુસલમાનોએ ખૂબ વિરોધ પ્રદર્શિત કર્યો હતો. રઝા એકેડમી મુંબઈના કર્તાહતા જનાબ સઈદ નૂરી સાહબે મુંબઈ, સૂરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ, દિલ્હી તથા અન્ય મહારાષ્ટ્રના વગેરે ઠેકાણે પ્રવાસો ખેડીને શૈતાન વસીમનો વિરોધ દર્શાવ્યો હતો. તો ન્યાયતંત્રે પણ વસીમ મુર્તદની અરજી રદ કરીને સાબિત કરી આપ્યું કે હજી ન્યાય મરી પરવાર્યો નથી. તો એ જ પ્રમાણે આપણે ન્યાયતંત્ર પાસે આશા રાખીએ કે નબી પાકના આ નરસિંહાનંદ બેઅદબને પણ એરેસ્ટ કરીને યોગ્ય સજા તેને આપશે અને દેશમાં અમ્નો અમાનને જીવંત રાખવામાં મદદરૂપ થશે. ઈન્શા અલ્લાહ ! ❑ ❑ ❑

## "બરકાતે ખ્વાજા"ના ગ્રાહકો વધારો !

પ્યારા દીની સુન્ની ભાઈઓ ! બહેનો ! બરકાતે ખ્વાજા (માસિક) અહલે સુન્નત વ જમાઅતના મઝહબે હક્કનુ મસ્લકે આ'લા હઝરતનું ડંકાની ચોટ પર એલાન કરે છે તથા બાતિલ ફિર્કાઓની સચોટ રદ કુર્આન હદીષથી કરે છે તથા ગુનાહોથી પ્રદૂષિત થઈ રહેલી દુનિયામાં ગુનાહોથી પાક સાફ રહેવાની ઈસ્લાહ સંબંધે અસરકારક લેખો પીરસીને નવયુવાનોને ઈસ્લામ પ્રતિ આકર્ષી રહેલ છે. જે દરેક ઘર કુટુંબમાં વંચાવુ આપને જરૂરી જણાતું હોય તો દીનો સુન્નિયતની રક્ષા કાજે અલ્લાહને રાજી કરવાની નિય્યતે તમારા સર્કલ, સગાં, મિત્રોમાં તેના ફેલાવા માટે ગ્રાહકો કરીને મોકલાવો. **આશ્ચર્યની તથા અફસોસની વાત છે કે ગુજરાતમાં લાખો સુન્નીઓ છે જેમાંથી અમુક હજાર જ કોપી "બરકાતે ખ્વાજા (માસિક)ની તથા અન્ય સુન્ની માસિકોની પ્રસિધ્ધ થાય છે !** તો દીન તથા સુન્નિયતના ઈલ્મથી દૂર રહેનારાઓને સમજાવીને ગંભીરતાપણે આ બરકતવંતી બરકાતે ખ્વાજા (માસિક)ની બરકતોને વહેંચવા તનતોડ કોશિશ કરો ! **દરેક ગ્રાહક કેવળ બે બે કે ત્રણ ત્રણ ગ્રાહકો કરીને મોકલે તો પણ ડબલ કે ત્રણ ગણા ગ્રાહકો થઈ શકે છે અને આ કામ મુશ્કેલ પણ નથી !** તો આજીજીભરી અપીલ છે કે થોડીક તકલીફ સુન્નિયતની રક્ષા કાજે ઉઠાવશો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન


:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ


**સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.**

وَ لِلّٰهِ مَا فِی السَّمٰوٰتِ وَ مَا فِی الْاَرْضِ ؕ وَ لَقَدْ وَصَّیْنَا
الَّذِیْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَ اِیَّاكُمْ اَنِ اتَّقُوا
اللّٰهَ ؕ وَ اِنْ تَكْفُرُوْا فَاِنَّ لِلّٰهِ مَا فِی السَّمٰوٰتِ وَ مَا فِی
الْاَرْضِ ؕ وَ كَانَ اللّٰهُ غَنِیًّا حَمِیْدًا ﴿۱۳۱﴾ وَ لِلّٰهِ مَا فِی السَّمٰوٰتِ
وَ مَا فِی الْاَرْضِ ؕ وَ كَفٰی بِاللّٰهِ وَكِیْلًا ﴿۱۳۲﴾ اِنْ یَّشَاْ یُذْهِبْكُمْ
اَیُّهَا النَّاسُ وَ یَاْتِ بِاٰخَرِیْنَ ؕ وَ كَانَ اللّٰهُ عَلٰی ذٰلِكَ
قَدِیْرًا ﴿۱۳۳﴾ مَنْ كَانَ یُرِیْدُ ثَوَابَ الدُّنْیَا فَعِنْدَ اللّٰهِ ثَوَابُ
الدُّنْیَا وَ الْاٰخِرَةِ ؕ وَ كَانَ اللّٰهُ سَمِیْعًۢا بَصِیْرًا ﴿۱۳۴﴾ یٰۤاَیُّهَا
الَّذِیْنَ اٰمَنُوْا كُوْنُوْا قَوّٰمِیْنَ بِالْقِسْطِ شُهَدَآءَ لِلّٰهِ وَ لَوْ
عَلٰۤی اَنْفُسِكُمْ اَوِ الْوَالِدَیْنِ وَ الْاَقْرَبِیْنَ ۚ اِنْ یَّكُنْ غَنِیًّا
اَوْ فَقِیْرًا فَاللّٰهُ اَوْلٰی بِهِمَا ۫ فَلَا تَتَّبِعُوا الْهَوٰۤی اَنْ تَعْدِلُوْا ۚ
وَ اِنْ تَلْوٗۤا اَوْ تُعْرِضُوْا فَاِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعْمَلُوْنَ خَبِیْرًا ﴿۱۳۵﴾
یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْۤا اٰمِنُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ وَ الْكِتٰبِ الَّذِیْ
نَزَّلَ عَلٰی رَسُوْلِهٖ وَ الْكِتٰبِ الَّذِیْۤ اَنْزَلَ مِنْ قَبْلُ ؕ وَ مَنْ
یَّكْفُرْ بِاللّٰهِ وَ مَلٰٓىٕكَتِهٖ وَ كُتُبِهٖ وَ رُسُلِهٖ وَ الْیَوْمِ الْاٰخِرِ
فَقَدْ ضَلَّ ضَلٰلًۢا بَعِیْدًا ﴿۱۳۶﴾ اِنَّ الَّذِیْنَ اٰمَنُوْا ثُمَّ كَفَرُوْا ثُمَّ

## સૂરએ નિસાઅ્ની તફસીર

*અને અલ્લાહનું જ છે જે કાંઈ આસ્માનોમાં છે અને જે કાંઈ ધરતીમાં છે. અને બેશક ! તાકીદ કરી દીધી છે અમે તેમને જેઓ તમારી પહેલાં કિતાબ આપવામાં આવ્યા, અને તમને, કે અલ્લાહથી ડરતા રહો[૨૬૨] અને જો કુફ્ર કરો તો બેશક ! અલ્લાહનું જ છે જે કાંઈ આસ્માનોમાં છે અને જે કાંઈ ધરતીમાં છે, અને છે અલ્લાહ બેનિયાઝ[૨૬૩] બધી ખૂબીઓથી વખણાએલ (૧૩૧) અને અલ્લાહનું છે જે કાંઈ આસ્માનોમાં છે અને જે કંઈ ધરતીમાં છે. અને અલ્લાહ પૂરતો છે કાર્ય સાધક (૧૩૨) હે લોકો ! તે ઈચ્છે તો તમને લઈ જાય[૨૬૪] અને બીજાઓને લઈ આવે, અને અલ્લાહને એની શક્તિ છે (૧૩૩) જે દુનિયાનું ઈનામ ઈચ્છે, તો અલ્લાહની જ પાસે દુનિયા અને આખિરત બન્નેનું ઈનામ છે[૨૬૫]. અને અલ્લાહ જ સાંભળે જુએ છે (૧૩૪) હે ઈમાનવાળાઓ ! ન્યાય પર ખૂબ મક્કમ બની જાવ, અલ્લાહ માટે સાક્ષી આપતા. ભલે પછી એમાં તમારું પોતાનું નુકસાન હોય, અથવા મા બાપનું અથવા સગા સંબંધીઓનું, જેના પર સાક્ષી આપો તે ધનવાન હોય કે ફકીર હોય[૨૬૬]. ગમે તેમ, અલ્લાહને એનો સર્વોધિક અધિકાર*

છે. માટે મનેચ્છા પાછળ ન જાવ જેથી સત્યથી વેગળા પડી જાવ અને જો તમે હેર ફેર કરો[૨૬૭], અથવા મોઢું મચકોડો[૨૬૮] તો અલ્લાહને તમારા કાર્યોની ખબર છે[૨૬૯] (૧૩૫) હે ઈમાનવાળાઓ ! ઈમાન રાખો અલ્લાહ અને અલ્લાહના રસૂલ પર[૨૭૦] અને તે કિતાબ પર જે પોતાના આ રસૂલ પર ઉતારી, અને તે કિતાબ પર જે પહેલાં ઉતારી[૨૭૧] અને જે ન માને અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને કિતાબો અને રસૂલો અને ક઼યામતને[૨૭૨] તો જરૂર દૂરની ગુમરાહીમાં પડયો (૧૩૬) બેશક ! તે લોકો જે ઈમાન લાવ્યા. પછી કાફિર થયા, ફરી ઈમાન લાવ્યા, ફરી કાફિર થયા, પછી કુફ્રમાં ઓર વધ્યા[૨૭૩] અલ્લાહ કદાપિ તેમને ન બખ્શે[૨૭૪], ન માર્ગ બતાવે (૧૩૭) ખુશખબર આપો મુનાફિકોને કે તેમના માટે દુ:ખ દાયક અઝાબ છે (૧૩૮) તો જેઓ મુસલમાનોને છોડીને કાફિરોને મિત્ર બનાવે છે[૨૭૫], શું તેમની પાસે ઈજ્જત ઢુંઢે છે ? તો ઈઝ્ઝત તો બધી અલ્લાહ માટે જ છે[૨૭૬] (૧૩૯) અને બેશક ! અલ્લાહ તમારા પર કિતાબ[૨૭૭] માં ઉતારી ચૂક્યો, કે જ્યારે તમે અલ્લાહની આયતોનો ઈન્કાર થતો અને એની ઠેકડી ઉડતી સાંભળો, તો ન બેસો તે લોકો સાથે જ્યાં સુધી તેઓ બીજી વાતમાં મગ્ન ન બને[૨૭૮], નહિ તો તમે પણ તેમની જેવા જ છો[૨૭૯], બેશક ! અલ્લાહ મુનાફિકો અને કાફિરો બધાંને જહન્નમમાં એકઠા કરશે (૧૪૦)

## :: સમજૂતી ::

**૨૬૨** : તેની આજ્ઞાઓનું પાલન કરો, અને તેની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરો, તવહીદ અને શરીઅત પર ચાલો, આ આયતથી જણાયું કે તકવો અને

اٰمَنُوْا ثُمَّ كَفَرُوْا ثُمَّ ازْدَادُوْا كُفْرًا لَّمْ يَكُنِ اللّٰهُ لِيَغْفِرَ لَهُمْ وَ لَا لِيَهْدِيَهُمْ سَبِيْلًا ﴿۱۳۷﴾ بَشِّرِ الْمُنٰفِقِيْنَ بِاَنَّ لَهُمْ عَذَابًا اَلِيْمَا ﴿۱۳۸﴾ اِلَّذِيْنَ يَتَّخِذُوْنَ الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ؕ اَيَبْتَغُوْنَ عِنْدَهُمُ الْعِزَّةَ فَاِنَّ الْعِزَّةَ لِلّٰهِ جَمِيْعًا ﴿۱۳۹﴾ وَ قَدْ نَزَّلَ عَلَيْكُمْ فِى الْكِتٰبِ اَنْ اِذَا سَمِعْتُمْ اٰيٰتِ اللّٰهِ يُكْفَرُ بِهَا وَ يُسْتَهْزَاُ بِهَا فَلَا تَقْعُدُوْا مَعَهُمْ حَتّٰى يَخُوْضُوْا فِىْ حَدِيْثٍ غَيْرِهٖۤ ۖ اِنَّكُمْ اِذًا مِّثْلُهُمْ ؕ اِنَّ اللّٰهَ جَامِعُ الْمُنٰفِقِيْنَ وَ الْكٰفِرِيْنَ فِىْ جَهَنَّمَ جَمِيْعَا ﴿۱۴۰﴾

પરહેઝગારીનો હુકમ પૂરાણો છે. દરેક ઉમ્મતને એની તાક઼ીદ થતી આવી છે.

**૨૬૩** : તમામ મખ્લૂક઼ અને તેમની ઈબાદતથી.

**૨૬૪** : નાબૂદ કરી દે.

**૨૬૫** : અર્થ એ છે કે, જેને પોતાના અમલથી દુનિયા (પ્રાપ્તિ)નો ધ્યેય હોય, અને તેનો હેતુ એટલો જ હોય, તો અલ્લાહ તેને આપી દે છે, અને જો આખિરતના સવાબ અર્થે અમલ કર્યો, તો અલ્લાહ દુનિયા આખિરત બન્નેમાં સવાબ દેનારો છે. તો જે માણસ અલ્લાહ પાસે માત્ર દુનિયાનો ચાહક બને તો નાદાન, ઉતરતી કક્ષાનો, અને ઓછી દ્રષ્ટિવાળો છે.

**૨૬૬** : કોઈની તરફેણમાં ન્યાયથી ન હટો અને કોઈ સંબંધ કે સગાઈ સત્યોચ્ચારમાં આડે ન આવે.

**૨૬૭** : સત્ય કહેવામાં, અને જેવું કહેવું જોઈએ તેવું ન કહો.

**૨૬૮** : સાક્ષી આપવાથી.

**૨૬૯** : જેવાં કાર્યો હશે તેવો બદલો આપશે.

**૨૭૦** : અર્થાત ઈમાન પર મક્કમ રહો. આ અર્થ ત્યારે થશે જ્યારે يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا નું સંબોધન

મુસલમાનોને હોય. અને જો એ ઉદબોધન યહૂદીઓ અને નસરાનીઓને હોય તો અર્થ એ થશે કે, અય અમુક કિતાબો અને અમુક રસૂલ પર ઈમાન લાવનારાઓ! તમને આ આદેશ છે. અને જો સંબોધન મુનાફિકોને હોય તો, અર્થ એ છે કે, અય ઈમાનનો દેખાવ પૂરતો દાવો કરનારાઓ ! નિખાલસપણે ઈમાન લઈ આવો. અહીં રસૂલનો મતલબ સૈયદુલ અંબિયા અને કિતાબનો ઈશારો કુર્આન મજીદ પ્રતિ છે.

**શાને નુઝૂલ** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, આ આયત અબ્દુલ્લાહ બિન સલામ, અસદ, ઉસેદ, સઅલબા બિન કૈસ, સલામ, સલ્મા અને યામીન બાબત ઉતરી. આ લોકો એહલે કિતાબના મો'મિનોમાંના હતાં, રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા, અને કહ્યું, અમે તમારા પર, તમારી કિતાબ પર, અને હઝરત મૂસા પર તથા તવરાત પર અને ઉઝૈર પર ઈમાન લાવીએ છીએ, અને એ સિવાય બીજા રસૂલો અને કિતાબો પર ઈમાન નહીં લાવીએ. હુઝૂર ﷺએ તેમને ફર્માવ્યું, તમે અલ્લાહ પર, તેના રસૂલ મુહમ્મદ ﷺ પર, અને કુર્આન પર, અને એના પહેલાંની દરેક કિતાબ પર ઈમાન લાવો. ત્યારે આ આયત ઉતરી.

**૨૭૧** : અર્થાત કુર્આને પાક પર અને તે તમામ કિતાબો પર ઈમાન લાવો, જે અલ્લાહ તઆલાએ કુર્આન પહેલાં પોતાના પૈગમ્બરો પર ઉતારી.

**૨૭૨** : એટલે કે તેમાંથી કોઈ એકનો પણ નકાર કરે. કારણ કે કોઈ એક રસૂલ કે એક કિતાબની ઈન્કાર પણ બધાનો ઈન્કાર છે.

**૨૭૩ શાને નુઝૂલ** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ કહ્યું, આ આયત યહૂદીઓ વિશે ઉતરી, જેઓ હઝરત મૂસા علیہ السلام પર ઈમાન લાવ્યા, અને પછી વાછરડાને પૂજીને કાફિર થયા. ત્યાર બાદ ફરી ઈમાન લાવ્યા, ફરી હઝરત ઈસા અને ઈન્જીલનો ઈન્કાર કરીને કાફિર થયા, અને પછી સરવરે આલમ ﷺ અને કુર્આનનો ઈન્કાર કરીને કુફ્રમાં ઓર વધ્યા.

એક કથન એવું છે કે આ આયત મુનાફિકો બાબત ઉતરી. તેઓ ઈમાન લાવ્યા, અને ઈમાન લાવ્યા પછી કાફિર બની ગયા. ફરી ઈમાન લાવ્યા એટલે કે પોતાના ઈમાનનો દેખાવ કર્યો, જેથી મો'મિનોના હુકમો તેમને લાગુ થાય, પછી કુફ્રમાં વધ્યા, અર્થાત તેમનું મૃત્યુ કુફ્ર પર થયું

**૨૭૪** : જ્યાં સુધી કુફ્ર પર રહે, અને કુફ્ર પર મરે, કારણ કે કુફ્ર માફ કરવામાં નથી આવતું પરંતુ જ્યારે કાફિર તવબહ કરે અને ઈમાન લાવે. જેમ કે ફર્માવ્યું,

قُلْ لِّلَّذِيْنَ كَفَرُوْٓا اِنْ يَّنْتَهُوْا يُغْفَرْ لَهُمْ مَّا قَدْ سَلَفَ ۚ

(કાફિરોને કહી દો કે જો તેઓ પોતાના કુફ્રથી રોકાઈ જાય તો તેઓ જે કરી ચૂક્યા છે તેને અલ્લાહ માફ કરી દેશે). *(સૂરએ અન્ફાલ, ૮/૩૮)*

**૨૭૫** : આ હાલત મુનાફિકોની છે. જેમનું ગુમાન હતું કે ઈસ્લામ વિજયી નહીં બની શકે. તેથી જ તેઓ કાફિરોને શક્તિવાળા સમજી તેમની સાથે મિત્રતા રાખતા હતા. અને તેમના મેળાપમાં પોતાની આબરૂ જાણતા હતા. કાફિરો સાથે દોસ્તી અને એમના મેળાપ દ્વારા આબરૂ પ્રાપ્તિ અસત્ય અને મનાઈ હોવા છતાં.

**૨૭૬** : અને તેમના માટે જેમને તે ઈજ્જત આપે. જેમ કે અમ્બિયા અને મો'મિનો.

**૨૭૭** : અર્થાત કુર્આન.

**૨૭૮** : કાફિરો સાથે બેઠક, ઉઠક અને તેમની સભાઓમાં ભાગ લેવો, એવી જ રીતે બીજા બેદીન અને ગુમરાહ લોકોની મજલિસોમાં જવું, તેમજ તેમની સાથે મિત્રતા અને મેળમેળાપથી મનાઈ ફર્માવવામાં આવી છે.

**૨૭૯** : આથી પુરવાર થયું કે કુફ્રથી રાજી થનાર પણ કાફિર છે. *(ક્રમશઃ)*

Web:-www.barkatekhwaja.net

## દર્સે હદીષે પાક
## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈ'મી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

*હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે મસ્જિદમાં દાખલ થતા તો આ પ્રમાણે કહેતા, હું અઝમતવાળા અલ્લાહની પનાહ લઉં છું, તેની જાત કરીમ, અને તેના પૂરાણા ગલ્બાના ઝરીઆ મરદૂદ શૈતાનથી[1] ફર્માવ્યું, જ્યારે મો'મિન આવું કહી લે છે તો શૈતાન કહે છે કે આ મારાથી આખો દિવસ મેહફૂઝ રહેશે.[2] (અબૂ દાઊદ)*

**૧.** જાણવા મળ્યું કે ખુદાની સિફતોને દુઆનો વસીલો બનાવવું જાઈઝ છે અને **દરેક શખ્સ શૈતાનથી રબની પનાહ માગે, કોઈ પોતાને મેહફૂઝ ન સમજે. આદમ માસૂમ હતા અને જન્નત મેહફૂઝ ખિત્તો (સ્થળ) પણ તેમ છતાં ત્યાં તેનો દાવ ચાલી ગયો, તો આપણી શી ગણના ?!** કે ન ખુદ મેહફૂઝ છીએ ન આપણા ઘરો એનાથી મેહફૂઝ છે.

**૨.** જાણવા મળ્યું કે શૈતાન દુઆઓને પણ જાણે છે અને તેની અસરોને પણ જાણે છે. તફસીરે કબીરે ફર્માવ્યું કે શૈતાન દરેક નેક તથા બદથી ખબરદાર છે એટલા માટે દરેક નેકીથી રોકે છે, દરેક ગુનોહ કરાવે છે. બલ્કે દરેકના ઈરાદાથી માહિતગાર છે એટલા માટે દરેકને બહેકાવે છે. જ્યારે આ ફસાદી (બુરાઈ ફેલાવનાર)ના ઈલ્મની આ હાલત છે તો મુસ્લેહે આલમ ﷺના ઈલ્મનો શો આલમ હશે ?! એ પણ જાણવા મળ્યું કે હુઝૂર પણ શૈતાનના દરેક હાલ અને તેના દરેક કલામ (વાતચીત)થી વાકેફ છે.

*હઝરત અતાઅ ઈબ્ને યસાર رضی اللہ عنہ થી[1] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઈલાહી ! મારી કૂબ્રને મૂર્તિ ન બનાવતો કે જેને પૂજવામાં આવે[2]. એ કૌમ પર અલ્લાહનો સખત ગઝબ થયો જેમણે પોતાના નબીઓની કૂબરોને સજદાગાહ બનાવી લીધી[3]. (માલિક ઈરસાલન્)*

**૧.** આપ મશહૂર તાબઈ છે. હઝરત ઉમ્મુલ મો'મિનીન મૈમૂનાના આઝાદ કરેલા ગુલામ છે. ૮૪ વરસની ઉમર પામ્યા. હિ.સ. ૯૪માં વફાત થઈ.

**૨.** સુબ્હાનલ્લાહ ! હુઝૂર ﷺની એ દુઆઓ કૂબૂલ થઈ કે દર વરસે લાખો જાહિલ તથા આલિમ ઝિયારતના માટે જાય છે પણ ન કોઈ કૂબ્રે અન્વરને સિજદો કરે છે ન કોઈ એની તરફ નમાઝ પઢે છે. અને આ એ દુઆની અસર છે. યાદ રાખશો કે યહૂદી તથા ઈસાઈએ હઝરત ઈસા તથા હઝરત ઉઝૈર علیہم السلام ના એક બે મોજિઝા સાંભળીને તેમને ખુદા અથવા ખુદાના પુત્ર કહી દીધા, અને તેમની ઈબાદત કરવા લાગ્યા. પણ મુસલમાન હજારો મોજિઝા સાંભળીને બલ્કે આંખો વડે જોઈને ન હુઝૂર ﷺને ખુદા કહે છે ન ખુદાના પુત્ર. જાહિલ મુસલમાનોનો પણ અકીદો આ છે : عَبْدُ اللّٰہِ وَرَسُوْلُہٗ (અબ્દુલ્લાહિ વ રસૂલિહી). આ હુઝૂર ﷺની એ જ દુઆની બરકત છે.

**લતીફા :** અમુક લોકો આ હદીષના હેઠળ એ વર્ણવે છે કે કબ્રોની તા'ઝીમ કરવી, વરસે વરસે ત્યાં જવું, મજમો કરીને ઝિયારતો કરવી, ત્યાં ચિરાગાં કરવું સર્વ શિર્ક છે. કેમ કે એમાં કબરપૂજા છે કે કબરને મૂર્તિ બનાવી લેવામાં આવી. **પણ આ તદ્દન ગલત છે.** કેમ કે આ સર્વ કામો ૧૩૦૦ વરસોથી (હાલ ૧૪૫૦ વરસોથી) હુઝૂર ﷺની કબ્રે અન્વર પર થઈ રહેલ છે. દર વરસે ઝિયારત કરનારાઓની ભીડ થાય છે. હાથ બાંધી માથુ ઝુકાવીને સલામ પઢવામાં આવે છે. રાતે ઈમાન અફરોઝ રોશની થાય છે. સર્વ ઉલમા, સાલેહીન, અવલિયા આ કામ કરે છે. ફકીહો ફર્માવે છે કે રોઝએ અન્વર પર સલામ કરવા એ રીતે ઉભા થાય જેવી રીતે નમાઝમાં ઉભા રહે છે. જો એ કામોમાંથી કોઈ કામ શિર્ક હોત તો હુઝૂર ﷺના રોઝા પર હરગિઝ ન થાત, કેમ કે હુઝૂર ﷺની દુઆ કબૂલ થઈ ચૂકી છે. એ નાદાનોની આ તફસીરથી લાઝિમ ઠરશે કે હુઝૂર ﷺની એ દુઆ રબે તદ્દન રદ કરી દીધી. જેથી આ હદીષ ઉર્સના જાઈઝ હોવાના સંબંધે એહલે સુન્નતની મજબૂત દલીલ છે. હદીષ સમજવા માટે ઈલ્મ, અક્લ તથા ઈશ્કની જરૂરત છે.

**૩.** એ રીતે કે તે કબરોની ઈબાદત કરવા લાગે અથવા એમની તરફ નમાઝ પઢવા લાગે. પ્રથમ કામ શિર્ક છે, બીજુ હરામ. યાદ રાખશો કે જો સંજોગોવસાત મસ્જિદમાં કબ્ર હોય તો નમાઝી અને કબ્રની વચ્ચે પૂરી આડ જોઈએ. જેવી રીતે મસ્જિદે નબવી શરીફમાં રોઝએ અત્હર છે જેની ચારેવ બાજુ નમાઝ થાય છે, પણ કબ્ર અન્વરની ચો તરફ દીવાલોની આડ છે. એની સંપૂર્ણ તેહકીક પહેલાં થઈ ચૂકી.

*હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે હુઝૂર નબી કરીમ علیہ الصلوٰۃ والسلام બાગોમાં નમાઝ પઢવાનુ પસંદ કરતા હતા[1]. અમુક રાવીઓએ ફર્માવ્યું, એટલે કે બસાતૈન[2]. (અહમદ, તિર્મિઝી) તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ ગરીબ છે. અમે તેને કેવળ હસન ઈબ્ને અબી જઅફરની હદીષથી જાણીએ છીએ. તેને યહ્યા ઈબ્ને સઈદ વગેરેએ ઝઈફ કહી[3].*

**૧.** એટલે કે નફલ નમાઝ દીવાલોની પાછળ અથવા બાગોમાં બેહતર જાણતા હતા. જેથી બાગોમાં રહેવાવાળા નિઃસંકોચ નફ્લો બલ્કે જરૂરતના સમયે ફર્ઝો પઢી શકે, નહીં તો ફર્ઝો મસ્જિદમાં અફઝલ છે.

**૨.** એટલે હદીષમાં حیطان જે એ حائطનું બહુવચન છે. حائط દીવાલને પણ કહે છે અને બાગને પણ કહે છે, કેમ કે તે દીવાલથી ઘેરાયેલ હોય છે. અહીં બાગના અર્થમાં છે.

**૩.** અબૂ હાતિમ કહે છે કે હસન મકબૂલુદુઆ તથા મહાન આબિદ હતા પરંતું ઈબાદતોમાં અધિક મશગૂલિયતના સબબે હદીષના હિફઝમાં ઉણપ પેદા થઈ ગઈ હતી.

*હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, પુરૂષની નમાઝ પોતાના ઘરમાં એક નમાઝ છે અને કબીલાની મસ્જિદમાં પચીસ (૨૫) નમાઝો છે, અને જે મસ્જિદમાં જુમ્આ પઢાવવામાં આવે છે એમાં એક નમાઝ પાંચસો નમાઝો, અને મસ્જિદે અકસામાં એક નમાઝ ૫૦ હજાર નમાઝો, અને મારી મસ્જિદમાં એક નમાઝ પચાસ હજાર નમાઝો અને મસ્જિદે હરામમાં એક નમાઝ એક લાખ નમાઝો છે[1]. (ઈબ્ને માજહ)*

**૧.** મિર્કાતે ફર્માવ્યું, હદીષનો મતલબ એ છે કે ઘરની એક નમાઝનો સવાબ એક નમાઝના બરાબર છે અને મહોલ્લાની મસ્જિદમાં એક નમાઝ ઘરની પચીસ નમાઝો બરાબર, અને જામેઅ મસ્જિદની એક નમાઝ મહોલ્લાની

Web : www.barkatekhwaja.net

મસ્જિદની ૫૦૦ નમાઝોના બરાબર. અને મસ્જિદે બયતુલ મુકદ્દસ જે ઈસ્લામનો પ્રથમ કિબ્લો હતી, ત્યાંની એક નમાઝ જામેઅ મસ્જિદની પચાસ હજાર નમાઝોના બરાબર, અને મસ્જિદે નબવી શરીફની એક નમાઝ બયતુલ મુકદ્દસની પચાસ હજાર નમાઝોના બરાબર, અને બયતુલ્લાહ શરીફની એક નમાઝ મસ્જિદે નબવીની એક લાખ નમાઝો બરાબર. પણ યાદ રાખશો કે આ સવાબોનો મોટો ફરક છે, રહી વાત મકબૂલિયત અને કુર્બે ઈલાહીની તો એનો એ હાલ છે કે મસ્જિદે નબવીની એક નમાઝ બયતુલ્લાહ શરીફની પચાસ હજાર નમાઝોના બરાબર. એટલા માટે મુહાજિર તથા અન્સાર મસ્જિદે નબવી શરીફની નમાઝને દિલોજાનથી પસંદ કરતા હતા. (શેઅર)

***મુહાજિર છોળકર કાબા બસે આકર મદીના મેં-મદીના ઐસી બસ્તી હૈ મદીના ઐસી બસ્તી હૈ***

જાણવા મળ્યું કે હુઝૂર ﷺની નજીક ઈબાદતોનો સવાબ વધી જાય છે. એટલા માટે મસ્જિદે નબવીમાં સફનો ડાબો હિસ્સો જમણાથી અફઝલ છે, કેમ કે તે હિસ્સો રોઝા પાકની નજીક છે. યાદ રાખશો કે કયામત સુધી નમાઝોનો આ હાલ છે પણ હુઝૂર ﷺની પાછળ નમાઝોનો સવાબ અને મકબૂલિયત એ આપણા અંદાઝાથી બહાર છે.

*હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ જમીનમાં પહેલી કઈ મસ્જિદ બનાવવામાં આવી ? ફર્માવ્યું, મસ્જિદે હરામ[1]. ફર્માવે છે મેં કહ્યું, પછી કઈ ? ફર્માવ્યું, પછી મસ્જિદે અકસા[2]. મેં કહ્યું, એમની વચ્ચે કેટલો ગાળો હતો ? ફર્માવ્યું, ચાલીસ વરસનો[3]. હવે સઘળી જમીન તમારા માટે મસ્જિદ છે, જ્યાં સમય આવી જાય ત્યાં પઢી લો[4]. (મુસ્લિમ, બુખારી)*

૧. કેમ કે આદમ علیہ السلامએ ખુદાવંદીના હુકમથી હઝરત જિબ્રઈલ علیہ السلامના અર્ઝ કરવા પર જમીન પર આવતાં જ આ મસ્જિદ બનાવી.

૨. અકસાનો અર્થ છે ઘણે દૂર. કેમ કે બયતુલ મુકદ્દસની મસ્જિદ કા'બા મોઅઝ્ઝમા તથા મદીના મુનવ્વરાથી ઘણી દૂર છે એટલા માટે અકસા કહેવાય છે.

૩. યાદ રાખશો કે ઈબ્રાહીમ علیہ السلامએ ખાનએ કા'બાનો અને હઝરત સુલૈમાન علیہ السلامએ બયતુલ મુકદ્દસનો પાયો નથી નાખ્યો બલ્કે પહેલા પાયાઓ પર ઈમારતો બનાવી. એ બંનેવ પયગંબરોના દરમિયાન એક હજાર વરસથી અધિક અંતર છે. આ હદીષમાં ક્યાં તો એ બંનેવ મસ્જિદોના પાયાનું વર્ણન છે કે આદમ علیہ السلامએ તૌબા કબૂલ થતાં જ કા'બાતુલ્લાહનો પાયો નાખ્યો પછી ૪૦ વરસ પછી જ્યારે આપની ઔલાદ ઘણી જ થઈ ગઈ અને ફેલાય ગઈ તો એમનામાં કોઈએ બયતુલ મુકદ્દસનો પાયો રાખ્યો. અમુક રિવાયતોમાં છે કે ખુદ આદમ علیہ السلامએ કા'બાના ૪૦ વરસો પછી બયતુલ મુકદ્દસનો પાયો રાખ્યો, અથવા કોઈ ખાસ બાંધકામ મુરાદ છે. જેમ કે અમુક રિવાયતોમાં છે કે ઈબ્રાહીમ علیہ السلامના કા'બાના બાંધકામના ૪૦ વરસ બાદ યાકૂબ علیہ السلامએ બયતુલ મુકદ્દસનું બાંધકામ કર્યું. અહીં મિર્કાતે કા'બાનો પાયો નાખવા સબંધે વિસ્તારથી ચર્ચા કરી છે. આ હદીષ પર એ વાંધો નથી કે કા'બાનો પાયો ઈબ્રાહીમ علیہ السلامએ રાખ્યો અને બયતુલ મુકદ્દસનો સુલૈમાન علیہ السلامએ. આ બંને બુઝુર્ગોમાં હજાર વરસનું અંતર છે, તો એ બાંધકામોમાં ૪૦ વરસનું અંતર કેવી રીતે થયું ?! જેવું કે હદીષના મુન્કિરોને ધોકો થયો.

૪. એટલે કે ઈસ્લામમાં દરેક જગાએ નમાઝ જાઈઝ છે. ઝબહની જગા, મકરબા વગેરે જગાએ નમાઝ મના હોવું એ કારણસર છે.

*(ક્રમશ:)*



Web.:www.barkatekhwaja.net

## હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**વારું ક઼દમ ક઼દમ પે કે હર દમ હૈ જાને નવ**
**યહ રાહ જાંફિઝાં મેરે મૌલા કે દર કી હૈ**

*(નવ = નવી. જાં ફિઝા = જિંદગી વધારનાર)*

**અર્થાત :** હું રાહે મદીના પર ચાલી રહ્યો છું અને તમ્મના તથા આરઝૂ દિલમાં મચલી રહી છે કે એક એક ક઼દમ પર જો અલ્લાહ મને નવી જાન અતા ફર્માવતો રહે તો દરેક ક઼દમ પર એક જાન કુર્બાન કરતો જઉં. (જેવી રીતે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ હુઝૂર ﷺની દાવત કરી અને હુઝૂર ﷺ એમના ઘરે તશરીફ લાવ્યા તો તેમણે પોતાના આક઼ા ﷺના એક એક ક઼દમ પર એક એક ગુલામને આઝાદ કર્યો) કેમ કે આ તે જાન બખ્શ રસ્તો છે જે સીધો મારા આક઼ાના દેશ તયબહ નગર જઈ રહ્યો છે.

*હમ તોળનેવાલે થે મદીનેકે મુસાફિર–જાન આ ગઈ જબ ગુંબદે ખદરા નઝર આયા*
*બે સાખ્તા નઝરોંમેં ખીંચી અર્શકી તસ્વીર–જબ સરવરે કૌનેનકા રોઝા નઝર આયા*

**ઘળિયાં ગિની હૈં બરસોંકી યહ સબઘળી ફિરી**
**મર મરકે ફિર યહ સલ મેરે સીનેસે સરકી હૈ**

*(સબઘળી = મુબારક પળ. સલ = ફેંફસાની એક જીવલેણ બીમારી)*

**અર્થાત :** દયારે મહબૂબની હાજરીના માટે કેટલાય વરસો રાહ જોવી પડી અને એક એક પળ ગણીગણીને ગુજારી ત્યારે ક્યાંક આ સઆદત (નેકનસીબી)ની ઘડી મયસ્સર થઈ કે તયબહ તરફ જઈ રહ્યો છું, વિરહની ભારે ચટ્ટાન (અથવા સલની જીવલેણ બીમારી) મરી મરીને અને ખુદા ખુદા કરીને (મહા મુસીબતે) હવે સીનાથી સરકી રહી છે ત્યારે તો જોતા નથી ! મદીનાની ગલીઓમાં પહોંચવાવાળો છું.

**અલ્લાહુ અકબર ! અપને ક઼દમ ઔર યહ ખાકે પાક**
**હસ્રત મલાઈકા કો જહાં વઝએ સર કી હૈ**

**અર્થાત :** હે મારા મૌલા ! હું ખુદ શરમથી જમીનમાં ધસતો જઈ રહ્યો છું કે તારા નબીના શહેરની પાક માટી અને મારા આ નાપાક ક઼દમ ! આ તો એ પવિત્ર શહેરની ગલીઓ છે કે જ્યાં ફરિશ્તા માથુ રાખવા તરસે છે.

Web: www.barkatekhwaja.net

**મેઅરાજકા સમાં હૈ કહાં પહુંચે ઝાઈરો !**
**કુર્સી સે ઊંચી કુર્સી ઈસી પાક ઘરકી હૈ**

**અર્થાત :** હે તયબહ શહેરના ઝાઈરો ! (ઝિયારત માટે જનારાઓ !) જરા વિચારો તો ખરા અને દિલની આંખોને ખોલીને જુઓ અને ઈમાનથી બતાવો, શું મદીના શરીફમાં તમને મેઅરાજનો મન્ઝર નથી નજર આવતો ? મદીના શરીફમાં મારા આક઼ાના ઘર (રોઝએ અન્વર)ની કુર્સી (હુજરા મુક઼દ્દસના દરવાજા સુધીની ઊંચાઈ જેનાથી ઉપર પછી ફર્શ બાંધે છે) શું તમને આસ્માનવાળી કુર્સીથી ઊંચી નજર નથી આવતી ?!

*ક્યૂં કર ન હો મક્કે સે સિવા શાને મદીના–વો જબ કે હુવા મસ્કને સુલ્તાને મદીના*
*મક્કે કો શરફ હૈ તો મદીને કે સબબસે–ઈસ વાસ્તે મક્કા ભી હૈ કુર્બાને મદીના*
*હોતા હૈ ફલકકા સરે તસ્લીમ યહાં ખમ–અલ્લાહ રે ! બુલંદી તેરી અયવાને મદીના*

**ઉશ્શાક઼ે રોઝા સજદામેં સૂએ હરમ ઝુકે**
**અલ્લાહ જાનતા હૈ કે નિયત કિધર કી હૈ**

*(ઉશ્શાક઼ = આશિક઼ો)*

**અર્થાત :** આ શેઅરના બે અર્થો છે. એક જાહેરી એટલે કે રોઝાના આશિક઼ોનો પોતાનો જીવ તો એ ચાહતો હતો કે રોઝએ અત્હરની તરફ સજદાનો હુકમ થાય. પણ શરએ મુતહ્હરાએ એનાથી મના ફર્માવ્યું અને કા'બા મોઅઝ્ઝમા ક઼િબ્લો ઠર્યો. તો આશિક઼ાને રસૂલ હુકમના પાલન હેઠળ કા'બા શરીફ તરફ જ સજદામાં ઝુક્યા. પણ દિલની ખ્વાહિશની ખુદાને ખબર છે તો એ વખતે જાણે દિલની એ હાલત છે જે ૧૭ મહિના બયતુલ મુક઼દ્દસની તરફ સજદાનો હુકમ થવામાં મુસલમાનોની હાલત હતી, કે હુકમના પાલન હેઠળ સજદો કરતા અને દિલમાં ખ્વાહિશ એ જ હતી કે કા'બા મોઅઝ્ઝમાને ક઼િબ્લો કરી દેવામાં આવે. قَالَ اللّٰهُ تَعَالٰی فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضٰهَا આ તક઼દીર પર નિયત એ આકર્ષણ તથા ખ્વાહિશના અર્થમાં છે.

બીજો અર્થ એ કે આશિક઼ાને રોઝાનો સિજદો જો કે જાહેરી સ્થિતિમાં હરમની તરફ છે પણ નિય્યતનો હાલ ખુદા જાણે છે કે તે કોઈ વખતે પોતાના મહબૂબથી જુદો ન થાય, કે કા'બા પણ તેમની તજલ્લીનું એક પ્રતિબિંબ છે, કા'બા પણ એમના નૂરથી બન્યો છે, એમના જલ્વાએ કા'બાને કા'બા બનાવી દીધો તો કા'બાની હક઼ીક઼ત તે જલ્વએ મુહમ્મદિયહ છે જે એમાં તજલ્લીફર્મા છે, તે જ ક઼િબ્લાની રૂહ છે અને એના તરફ જ હક઼ીક઼તમાં સજદો છે. એટલુ યાદ રાખશો કે હક઼ીક઼તે મુહમ્મદિયહ આપણી શરીઅતમાં મસ્જૂદ ઈલૈહા છે અને આગલી શરીઅતોમાં તાઝીમી સિજદાની મસ્જૂદ લહા હતી. ફરિશ્તાઓ તથા યાકૂબ તથા યાકૂબની ઔલાદ علیہم السلامએ એને જ સજદો કર્યો. આદમ તથા યૂસુફ علیہما السلام ક઼િબ્લો હતા. *(ખુલાસો : હાશિયા હદાઈક઼ે બખ્શિશ–લાહોર)*

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ જે ''હદાઈક઼ે બખ્શિશ''ના હાશિયા પર આ શેઅરની ઉપર મુજબ સ્પષ્ટતા કરી તો એના પર કોઈકે વાંધો ઉઠાવ્યો જેનો આપે ફતાવા રઝવિય્યહ (૯/૧૯૬,૧૯૭)માં જવાબ આપ્યો. સવાલ તથા જવાબ જોઈ લો.

**સવાલ :** આ શબ્દોથી આ નાકિસુલ ઈમાન તથા ઈલ્મ તથા અક઼લની નાકિસ (અપૂર્ણ) સમજમાં એ આવે



www.barkatekhwaja.net

છે કે જલ્વએ મુહમ્મદિયહ જ ને હક઼ીક઼તમાં કા'બા કહેવામાં આવ્યો છે. જ્યારે કા'બાની હક઼ીક઼તને જલ્વાગહે મુહમ્મદિયહ બનાવવામાં આવી અને એની તરફ હક઼ીક઼તમાં સજદો કરવામાં આવ્યો. અને હક઼ીક઼તે મુહમ્મદિય્યહને મસ્જૂદ ઈલૈહા કહ્યું તો હક઼ીક઼તે કા'બાનું હક઼ીક઼તે મુહમ્મદિય્યહ હોવું લાઝિમ ઠરે છે.

**જવાબ** : એના જવાબમાં ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ લખ્યું :–

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِજો તમો સૂર્ય તથા તડકાને જુઓ તો હક઼ીક઼તનો ફરક અને તજલ્લીનું એક નાકિસ દષ્ટાંત નજરો સામે છે. આફતાબ જાણે કે સૂર્યની હક઼ીક઼ત છે અને તડકો એનો જલ્વો. હક઼ીક઼તની સિફતો (ગુણો) ખૂબ જ અધિક હોય છે, અને પોતાની મજાલ (કુદરત, શક્તિ)માં વિવિધ સિફતો વડે તજલ્લી કરે છે. એ સિફતોના લેહાઝથી જે આષાર એ મજાલીના છે તે હક઼ીક઼તમાં હક઼ીક઼તના છે, અને મામલાઓ એ મજાલીના મજાલીની હૈસિયતથી છે તે હક઼ીક઼તમાં હક઼ીક઼તથી છે. જેમ કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના સંબંધે ફર્માવ્યું : فمن احبّھم فبحبی احبھم ومن ابغضھم فیبغضی ابغضھم કા'બાની હક઼ીક઼ત એ હક઼ીક઼તે મુહમ્મદિયહના સર્વ અકવાનની હક઼ીક઼તની એક તજલ્લી જેમ છે. કા'બાની હક઼ીક઼ત એ જલ્વો છે, પણ એ જલ્વો અયન હક઼ીક઼તે મુહમ્મદિયહ (ﷺ) નથી, બલ્કે તેનાં અસીમ પ્રતિબિંબોમાંથી એક પ્રતિબિંબ છે. જેમ કે આ કસીદામાં છે :

*કા'બા ભી હૈ ઉન્હીં કી તજલ્લી કા એક ઝિલ–રોશન ઉન્હીં કે અકસસે પુતલી હજરકી હૈ*

હક઼ીક઼તે કરીમાએ પોતાની મસ્જૂદિયતે ઈલૈહા વડે આ પ્રતિબિંબમાં તજલ્લી ફર્માવી જેથી કા'બા જેની હક઼ીક઼ત આ જ પ્રતિબિંબ તથા તજલ્લી છે મસ્જૂદે ઈલૈહા બન્યો અને હક઼ીક઼તમાં તે હક઼ીક઼તે અલૈહા મસ્જૂદ ઈલૈહા છે કે એની સિફતની સાથે એના પર તજલ્લીએ એને મસ્જૂદે ઈલૈહા કર્યો. વસ્સલામ.

સારાંશ એ થયો કે : *ઉન સરોંકે યહ સજદે તો કા'બે કો હૈં–ઔર દિલોંકી ઈબાદત મદીનેમેં હૈ*

આ શેઅર (ચર્ચા હેઠળ)ની તશ્રીહ જબલે નૂર લેખક : અબૂન્નૂરમાં આ પ્રમાણે છે :

હઝરત આદમ علیہ السلامને ફરિશ્તાઓએ સજદો કર્યો. અને હઝરત યૂસુફ علیہ السلامને ભાઈઓએ સજદો કર્યો. પછી તેમના સરદાર હુઝૂર સૈયદુલ મુરસલીન ﷺને સજદો કેમ ન કરવામાં આવે ? જેનો જવાબ એ છે કે, બેશક ! હોવું તો એ જ જોઈએ, પણ સૈયદુલ મુરસલીન ﷺની જ શરીઅતે મુતહ્હરાએ ખુદા સિવાય કોઈ બીજાને સજદો કરવાથી રોકી દીધેલ છે, એટલા માટે એ તમન્ના હોવા છતાં કે આપણે પણ હુઝૂરને સજદો કરીએ, આપણે કદાપિ હુઝૂર ﷺને સજદો નથી કરી શકતા. અને ઈબાદતનો સિજદો તો **શિર્ક** છે અને તાઝીમી સજદાને **હરામ** જાણીએ છીએ. આ'લા હઝરત رحمۃ اللہ علیہ જ ફર્માવે છે :

*ન હો આક઼ા કો સજદા, આદમો યૂસુફકો સજદા હો !–મગર સદ્દે ઝરાએઅ્ દાબ હૈ અપની શરીઅત કા*

હદીષોમાં આવે છે કે હુઝૂર ﷺની બારગાહમાં જાનવર આવતાં તો હુઝૂરને સજદો કરતાં. આ દશ્ય જોઈને સહાબાએ કિરામે અર્ઝ કરી કે હુઝૂર ! જ્યારે જાનવર પણ હુઝૂરને સજદો કરે છે તો આપ અમને ઈજાઝત આપો જેથી અમો હુઝૂરને સજદો કરીએ. તો સરકાર ﷺએ ફર્માવ્યું, હું એની ઈજાઝત નથી આપતો. જો અલ્લાહના સિવાય કોઈ બીજાને સજદો કરવો જાઈઝ હોત તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે.

એનાથી જાણવા મળ્યું કે ખ્વાહિશ તો સહાબાની પણ હતી કે હુઝૂરને સજદો કરે, પણ શરીઅતે ઈજાઝત નથી આપી એટલા માટે રોકાય ગયા. વાલિદે માજિદ (લેખકના) ફકીહે આ'ઝમ رحمۃ اللہ علیہ પોતાના વઅઝમાં ફર્માવ્યા કરતા હતા કે આજે પણ સાચો મુસલમાન તે છે જેનું દિલ ચાહે કે હું હુઝૂરને સજદો કરું પણ કરે નહીં, એટલા માટે કે શરીઅતે રોક લગાડી આપી છે.

તો પછી શું કરે ? પોતાના દિલનો ઉમંગ કેવી રીતે પૂરો કરે ? હજારોવાર રહમતો નાઝિલ થાય આ'લા હઝરતની રૂહ મુબારક પર કે આ મુશ્કેલીને એવા પ્યારા અંદાઝમાં હલ કર્યો કે મર્દે મો'મિન પર વજદ છવાય જાય. જેમ કે એક બીજા ઠેકાણે ફર્માવે છે :

*અય શૌકે દિલ યહ સજદા ગર ઉનકો રવા નહીં–અચ્છા વો સજદા કીજિએ કે સરકો ખબર ન હો*

સમજ્યા કાંઈ તમે શું ફર્માવી ચૂક્યા ?! ''અચ્છા વો સજદા કીજિએ કે સરકો ખબર ન હો'' કોઈ ગૈરે ખુદા સામે સિજદો તો માથાનો જ મના છે, તો ચાલો અમે એના ઉમંગને પૂર્ણ કરવા માટે માથા વડે કામ જ નથી લેતા ! આ શોખ દિલનો છે તો દિલ જ એ સજદો કરે. એટલે કે : *સર ખુદા કે વાસ્તે દિલ મુસ્તફા વાસ્તે*

એના હેઠળ આ'લા હઝરતે એ પણ ફેંસલો કરી આપ્યો કે **નમાઝ તે જ નમાઝ છે જેમાં એ નમાઝની તાલીમ આપનાર મહબૂબનો પણ ખયાલ રહે.** આપ આ'લા હઝરતનો ઉપરોક્ત શેઅર પઢો અને એ શેઅરના આલિમાના તથા આશિકાના અંદાઝથી કૈફ તથા ખુશી હાંસલ કરો. ગુંબદે ખદરાના આશિક શરીઅતના હુકમાનુસાર કા'બા તરફ જ ઝુકે છે. પણ દિલ ? બસ, એને અલ્લાહ જ જાણે છે કે એ આશિકોનું દિલ કોઈ સમયે પણ મહબૂબના ખયાલથી ખાલી નથી રહ્યું. અને રોઝા મુબારકના આશિકો સારી રીતે જાણે છે કે :

*કા'બા ભી હૈ ઉન્હીં કી તજલ્લીકા એક ઝિલ*

કા'બા પણ એમના નૂરથી બનેલ છે. તેમના જલ્વાએ જ કા'બાને કા'બા બનાવી દીધો. તો હકીકતમાં કા'બા એ જલ્વએ મુહમ્મદિયહ છે જે એમાં તજલ્લીફર્મા છે. હઝરત 'બેદમ' ફર્માવે છે :

*હમ સબકા રુખ સૂએ કા'બા, સૂએ મુહમ્મદ રૂએ કા'બા*
*કા'બેકા કા'બા રૂએ મુહમ્મદ, સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ*

રોઝા મુબારકના આશિકોનું માથુ તો કા'બા તરફ રહે છે અને નિય્યત બસ એ બાજુની જ હોય છે જે કા'બાનો પણ કા'બા છે. એ જ વાત ફર્માવી છે આ'લા હઝરતે કે :

*ઉશ્શાકે રોઝા સજદામેં સૂએ હરમ ઝુકે–અલ્લાહ જાનતા હૈ કે નિયત કિધરકી હૈ*

જ્યાં ક્યાંક પણ ''હદાઈકે બખ્શિશ'' પર હાશિયામાં ખુલાસાની નોંધ છે તેને આ શરહમાં સામેલ કરી લેવામાં આવી છે. જેમ કે આ જ નઅતમાં પાછલા અમુક શેઅરોનો ખુલાસો આપે વાંચ્યો. કેમ કે ગાલિબ (અધિકતર) ગુમાન એ છે કે આ હાશિયો આ'લા હઝરત رحمۃ اللہ علیہએ જ લગાડયો હશે, એટલા માટે દરેક જગાએ ''મિન્હૂ રહ્મતુલ્લાહિ અલૈહ'' લખ્યું છે જેથી જ્યારે શાઈર ખુદ પોતાના શેઅરનો ખુલાસો કરશે તો તેને જ અગ્રતા રહેશે.

*(ક્રમશઃ)*



Web.:www.barkatekhwaja.net

# તઝકેરતુલ અવલિયા

## હઝરત બાયઝીદ બોસ્તામીના رحمۃ اللہ علیہ હાલાત તથા ખૂબીઓ

### હપ્તો ૩૫

**વજ્દની કૈફિયત :** એકવાર વજ્દની હાલતમાં આપે એવું કહી દીધું કે, سبحانی ما اعظم شانی "હું પાક છું અને મારી શાન ઘણી જ મહાન છે." અને જ્યારે વજ્દ પૂરો થયા બાદ મુરીદોએ સવાલ કર્યો કે આવા શબ્દો આપે શા માટે કહ્યા ? ફર્માવ્યું કે મને તો ઈલ્મ નથી કે મેં આવું કોઈ વાકય કહ્યું હોય. પરંતુ જો હવે પછી આ પ્રકારનું કોઈ વાક્ય મારી ઝબાનથી નીકળી જાય તો મને કત્લ કરી નાખજો. ત્યાર બાદ ફરીથી વજ્દની હાલતમાં ફરી આપે એ જ શબ્દ કહ્યા. જેના લીધે આપના મુરીદો કત્લ કરવા તૈયાર થઈ ગયા પરંતુ આખા મકાનમાં તેમને દરેક બાજુ બાયઝીદ જ બાયઝીદ નજર આવ્યા. અને જ્યારે તેમણે છરીઓ ચલાવવાનું શરૂ કર્યું તો એવું જણાતુ હતું કે જાણે પાણી પર છરીઓ ચાલી રહી હોય અને આપના ઉપર તેની તદ્દન કોઈ અસર ન થઈ. પછી જ્યારે થોડાક સમય પછી તે સ્થિતિ ક્રમે ક્રમે ખત્મ થતી ગઈ તો જોયું કે આપ મહેરાબમાં ઉભેલા છે. અને જ્યારે મુરીદોએ બનાવ વર્ણન કર્યો તો ફર્માવ્યું કે અસલ બાયઝીદ તો હું છું અને તમોએ જેમને જોયો તે બાયઝીદ ન હતા. પરંતુ જો કોઈ વાંધો ઉઠાવનાર એવું કહે કે માનવ શરીર આટલા પ્રમાણમાં લાંબુ કેવી રીતે થઈ શકે છે? તો જવાબ એ છે કે હઝરત આદમ જે વખતે દુનિયામાં તશરીફ લાવ્યા તો લંબાઈના કારણે તેમનું માથુ આસ્માનથી ટકરાતુ હતું અને જ્યારે અલ્લાહના હુકમથી જિબ્રઈલ علیہ السلام એ તેમના માથા પર પોતાની પાંખ મારી તો આપનુ કદ નાનુ થઈ ગયું. એનાથી જાણવા મળ્યું કે જ્યારે તેને મોટા શરીરને નાનુ કરી દેવામાં માટે કુદરત છે તો નાના શરીરને પણ મોટુ કરી દેવું તેની કુદરતમાં દાખલ છે. એ જ પ્રમાણે જ્યાં સુધી બાળક માતાના પેટમાં રહે છે તો તેનું વજન ઘણુ જ હલકુ હોય છે પરંતુ જન્મ થતાં જ વજનમાં વધારો થતો જાય છે, પણ એ ચીજોને સમજવાના માટે મર્તબાઓથી માહિતગાર હોવું ખૂબ જ જરૂરી છે.

એકવાર આપે એક લાલ રંગનું સફરજન હાથમાં લઈને ફર્માવ્યું કે આ તો ઘણુ જ 'લતીફ' (સરસ) છે. જેથી એ વખતે ગયબથી અવાજ આવ્યો કે અમારું નામ સફરજનના માટે ઉપયોગ કરતાં શરમ ન આવી ? અને આ જુર્મમાં અલ્લાહ તઆલાએ ચાલીસ દિવસના માટે પોતાની યાદ આપના દિલથી કાઢી નાખી, પરંતુ ત્યાર બાદ આપે કસમ ખાધી કે હવે કદી બુસ્તામનું ફળ ખાઈશ નહીં.

**ગલતફહમી :** એકવાર આપને ખયાલ આવ્યો કે હું ઘણો જ મોટો બુઝુર્ગ તથા સમયનો શયખ થઈ ગયો છું પરંતુ એની સાથે એ ખયાલ પણ આવ્યો કે મારું આ વાકય ફખ્ર તથા ઘમંડ પ્રદર્શિત કરનારુ છે. જેથી તરત ખુરાસાન તરફ ચાલવા લાગ્યા અને એક મંઝિલ પર પહોંચીને દુઆ કરી કે હે અલ્લાહ ! જ્યાં સુધી એવા કામિલ બંદાને નહીં મોકલીશ જે મને હકીકતથી માહિતગાર કરી શકે ત્યાં સુધી અહીં પડયો રહીશ. અને ત્રણ દિવસ રાત એ હાલતમાં પસાર થઈ ગયા તો ચોથા દિવસે એક શખ્સ ઊંટ પર આવ્યો જેને આપે થોભવાનો ઈશારો કર્યો પરંતુ એ ઈશારાની સાથે ઊંટના પગ જમીનમાં ધસતા ચાલ્યા ગયા અને

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

Web: www.barkatekhwaja.net

જે એના પર સવાર હતો તેણે નારાજગીભર્યા લહેજામાં કહ્યું કે શું તમે એ ચાહો છો કે હું મારી ઉઘાડી આંખને બંધ કરી લઉં અને બંધ આંખને ખોલી દઉં અને બાયઝીદ સહિત પૂરા બુસ્તામને ડૂબાડી દઉં ?! આ સાંભળીને આપના હોશ ઉડી ગયા અને તેને પૂછયું કે તમે કોણ છો અને ક્યાંથી આવ્યા છો ? તેણે જવાબ આપ્યો કે જે વખતે તમે અલ્લાહ તઆલાથી અહદ (વાયદો) કર્યો હતો એ વખતે હું અહીંથી ત્રણ હજાર માઈલ દૂર હતો અને અત્યારે સીધો ત્યાંથી ચાલતો આવી રહ્યો છું જેથી તમને ખબરદાર કરું કે પોતાના દિલની નિગરાની કરતા રહો, આવું કહીને તે ગાયબ થઈ ગયો.

આપ મસ્જિદમાં ચાલીસ વરસ રોકાયેલા રહ્યા પરંતુ એટલા પ્રમાણમાં સાવધાન હતા કે મસ્જિદનો અને મસ્જિદની બહારનો લિબાસ જુદો જુદો રાખતા હતા. અને એ અરસામાં મસ્જિદની દીવાલના સિવાય કોઈ ચીજથી ટેકો નથી લગાડયો. આપ ફર્માવ્યા કરતા કે મેં ચાલીસ વરસ સુધી આમ લોકોનો ખોરાક ચાખ્યો સુદ્ધાં નથી કેમ કે મારી રોજી ક્યાંક બીજેથી જ આવતી હતી અને એ દરમ્યાન મારા દિલની નિગરાનીમાં વ્યસ્ત રહ્યો. ત્યાર બાદ જ્યારે વિચારણા કરી તો દરેક બાજુ બંદગી તથા ખુદાઈ જોવા મળી. પછી ત્રીસ વરસ ખુદાની શોધમાં પસાર કર્યા બાદ ખુદાને તાલિબ અને ખુદને મત્લૂબ પામ્યો, અને હવે ત્રીસ વરસોથી એ કૈફિયત છે કે જ્યારે ખુદાનું નામ લેવા ચાહું છું તો પ્રથમ ત્રણવાર મારી જીભને ધોઈ લઉં છું."

હઝરત અબૂ મૂસાએ જ્યારે આપને સવાલ કર્યો કે ખુદાની શોધમાં સૌથી અધિક મુશ્કેલ મક઼ામ આપને ક્યો લાગ્યો ? ફર્માવ્યું કે ખુદાની મદદ વિના દિલને તેના પ્રતિ ધ્યાનિત કરવું ખૂબ જ મુશ્કેલ કામ છે અને જ્યારે એની મદદ હાલમાં સામેલ હોય છે તો પછી કોશિશ વિના પણ દિલ તેની તરફ ધ્યાનિત થઈ જાય છે અને મને એ વખતે એક ખાસ ખેંચાણ જેવું મહેસૂસ થવા લાગે છે. પછી ક્રમે ક્રમે અલ્લાહ તઆલાએ તે મર્તબા અતા કર્યા જે આપના પર પણ જાહેર થયેલા છે અને જાહેરમાં પણ તેની નિશાનીઓ જોવા મળે છે. અને જે વખતે આપના પર ખૌફ છવાતો પેશાબમાં લોહી આવવા લાગતુ હતું. એકવાર કેટલાક લોકો હાજર થયા તો આપે મુરાકબાથી માથુ ઉઠાવીને ફર્માવ્યું કે મેં ખૂબ જ કોશિશ કરી કે તમને આપવાના માટે કોઈ ચીજ મળી જાય પણ ન મળી શકી.

હઝરત બૂ તુરાબ બખ્શીનો એક મુરીદ પોતાની રિયાઝતના એતબારથી ખૂબ જ બુલંદ હતો અને આપ તેને એવું ફર્માવ્યા કરતા કે હઝરત બાયઝીદની સોહબત તારા માટે ખૂબ જ ફાયદાકારક રહેશે. પરંતુ તે અર્ઝ કરે છે કે હું તો બાયઝીદના ખુદાને દિવસમાં સો વાર જોઉં છું તેમનાથી મને વળી શું હાંસલ થઈ શકે છે ! હઝરત અબૂ તુરાબે ફર્માવ્યું કે અત્યાર સુધી તેં તારા પયમાના પ્રમાણે ખુદાનો દીદાર કર્યો છે પરંતુ તેમની તવજ્જોહ પછી એવો દીદાર થશે જે રીતનો દીદારનો હક્ક઼ છે. કેમ કે અલ્લાહ તઆલાનો વિવિધ તરીક઼ાઓ વડે દીદાર કરી શકાય છે, એટલા માટે અલ્લાહ તઆલા મહેશરમાં એક ખાસ તજલ્લી તો હઝરત સિદ્દીક઼ે અકબર પર નાખશે અને એક તજલ્લી પૂરી મખ્લૂક઼ પર. આ સાંભળ્યા બાદ તે મુરીદના દિલમાં હઝરત બાયઝીદના દીદારની તડપ પેદા થઈ અને પોતાના મુર્શિદની સાથે જે વખતે આપના મકાન પર પહોંચ્યો તો આપ ક્યાંક પાણી ભરવા માટે ગયા હતા અને જ્યારે એ બંનેવ તેમની તલાશમાં ચાલ્યા તો જોયું કે આપ એક હાથમાં ઘડો અને એક હાથમાં ચામડાનો જબ્બો લટકાવીને આવી રહ્યા હતા. પરંતુ એ મુરીદ પર આપનો એવો પ્રભાવ છવાયો કે કાંપતો કાંપતો જમીન પર ગબડી પડયો અને ત્યાં જ દમ નીકળી ગયો. અને જ્યારે હઝરત બૂ તુરાબે કહ્યું કે

Web: www.barkatekhwaja.net

આપે તો એક જ નજરમાં કામ ખત્મ કરી આપ્યું ?! આપે ફર્માવ્યું કે તેની અંદર કશ્ફનો એક ખાસ મકામ બાકી રહી ગયો હતો જે એ વખતે એને હાંસલ થયો પરંતુ તે સહન ન કરી શકતાં અલ્લાહને પ્યારો થઈ ગયો, જેવી રીતે મિસરની સ્ત્રીઓ હુસ્ને યૂસુફને ન સહી શકી અને આંગળીઓ કાપી બેઠી હતી.

હઝરત યહ્યા ઈબ્ને મઆઝે જ્યારે આપને એ લખ્યું કે આપની એવી વ્યક્તિના બારામાં શું રાય છે જે એક જામે અઝલીથી એવો સુસ્ત થઈ ગયો છે કે તેની મસ્તી અબદ સુધી ખત્મ થનારી છે. આપે જવાબમાં લખ્યું કે અહીં એક એવો ફર્દ પણ મૌજૂદ છે જે અઝલ તથા અબદના અસીમ સમુદ્રને પીને પણ એવું કહે છે કે કાંઈક અધિક મળી જાય ! પછી એકવાર યહયા બિન મઆઝે લખ્યું કે હું આપને એક રાઝ બતાવવા ચાહું છું, પણ એ વખતે બતાવીશ જ્યારે આપણે બંનેવ જન્નતમાં તૂબા ઝાડની નીચે ઉભેલા હોઈશું અને કાસિદને એક ટુકડો રોટી આપીને એ હિદાયત પણ કરી આપી કે હઝરત બાયઝીદને કહેજો કે આને ખાય લે, એને આબે ઝમઝમ વડે ગુંદવામાં આવેલ છે. તેના જવાબમાં હઝરત બાયઝીદે લખ્યું છે કે જે જગાએ ખુદાને યાદ કરવામાં આવે છે ત્યાં જન્નત તથા તૂબા બંનેવ મૌજૂદ હોય છે અને ટુકડો એટલા માટે પરત કરી રહ્યો છું કે આબે ઝમઝમ વડે ગુંદવાની ફઝીલત પોતાના સ્થાને સાબિત છે પરંતુ એ કેવી રીતે ખબર પડે કે જે બી વાવ્યું હતું તે હલાલ કમાઈનું હતું કે હરામ કમાઈનું ? એટલા માટે એના હલાલ લુકમો હોવામાં મને શક છે. એ જવાબ પછી યહ્યા બિન મઆઝ ઈશાની નમાઝ બાદ મુલાકાતના હેતુથી બુસ્તામ પહોંચ્યા પરંતુ એ ખયાલ કરીને કે ક્યાંક આપને તકલીફ ન પડે અન્ય કોઈ જગાએ રોકાય ગયા. અને સવારે જ્યારે આપને ત્યાં હાજર થયા તો જાણવા મળ્યું કે આપ કબ્રસ્તાનમાં છે. જેથી જ્યારે હઝરત યહ્યા કબ્રસ્તાન પહોંચ્યા તો જોયું કે આપ અંગૂઠાઓ ભેર ઉભા ઉભા ઈબાદતમાં વ્યસ્ત છે અને એવું મહેસૂસ થયું કે જાણે આખી રાત એ જ રીતે ઉભા ઉભા પસાર કરી છે. પછી ફરાગત પછી જ્યારે સારી રીતે દિવસ નીકળી આવ્યો તો આપે આ દુઆ પઢી : اعوذبک ان اسئلک من هذا المقام "હું તારાથી પનાહ માગુ છું એ વાતની કે હું તારાથી આ મકામનો હાલ પૂછું."

ત્યાર બાદ યહ્યાએ આગળ વધીને સલામ કરી અને રાતના બનાવો વિશે પૂછપરછ કરી. તો આપે ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને ૨૦ દરજાઓ અતા કરવા ચાહ્યા પણ એ સૌ હિજાબના હતા જેથી મેં કબૂલ નથી કર્યા. પછી હઝરત યહ્યાએ પૂછયું કે આપે અલ્લાહ તઆલાથી મઅરેફત કેમ તલબ ન કરી ? એ સાંભળતાં જ આપે ચીસ પાડીને કહ્યું કે, બસ ! ખામોશ થઈ જા ! એટલા માટે કે મને શરમ આવે છે કે હું એ ચીજથી વાકેફ થઈ જઉં જેના માટે મારી તમન્ના એ છે કે ખુદા સિવાય એનાથી કોઈ વાકેફ ન હોય. અને એ વાત તમે જાતે વિચારી લો કે જ્યાં મઅરેફતે ખુદાવંદીનો વજૂદ હોય ત્યાં મારી જેવા ગુનેહગારની પહોંચ ક્યાં ?! કેમ કે એ ખુદાની મરજીમાં સામેલ છે કે મઅરેફતને તેના સિવાય કોઈ ન જાણી શકે. પછી હઝરત યહ્યાએ અર્ઝ કરી કે આજની રાતે જે મર્તબા આપને અતા થયા તેનો કાંઈક ફયઝ મને પણ પહોંચાડી આપો ! હઝરત બાયઝીદે ફર્માવ્યું કે જો તને આદમની સિફતો, કુદ્દુસે જિબ્રઈલ, ખિલ્અતે ઈબ્રાહીમ, શૌકે મૂસા, પાકીઝગીયે ઈસા અને હુબ્બે મુહમ્મદ ﷺ સર્વ કાંઈ અતા કરી દેવામાં આવે તો પણ ખુશ ન થતો, કેમ કે આ સર્વ હિજાબો છે, બસ કેવળ ખુદાને જ ખુદાથી તલબ કરતો રહેજે કે જેથી સર્વ કાંઈ હાંસલ થઈ જાય. *(ક્રમશઃ)*

Web: www.barkatekhwaja.net

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## કિતાબુલ બુયૂઅ એટલે ખરીદ વેચાણનું બયાન

ઈન્સાન પોતાના સાથીઓ સાથે હળીમળીને રહેવાની આદતવાળો હોય છે અને પોતાની જરૂરિયાતોમાં અન્ય આદમીઓનો પણ મોહતાજ છે કારણ કે આદમીની જરૂરિયાતો એટલી બધી વધારે છે કે તે સઘળી જરૂરિયાતોને એકલે હાથે પૂરી કરી શકતો નથી. એ હિકમતથી અલ્લાહ તઆલાએ કેટલાક લોકોમાં એક ખાસ કામ માટેની કાબેલિયત અને દિલચસ્પી પેદા ફર્માવી છે અને બીજા થોડાક આદમીઓમાં બીજા કામ માટેની લાયકાત, શોખ પેદા ફર્માવ્યા જેથી પરસ્પર મદદ કરીને માણસ પોતાની જિંદગીને આસાનીથી ગુજારી શકે અને ઈન્સાનિયતના ઘડતરમાં સહૂલત પડે. કોઈને વેપારથી દિલચસ્પી છે, કોઈને ખેતીથી દિલચસ્પી છે, કોઈને લડાઈ ઝઘડા, રાજકારણમાં તો કોઈને ઈલ્મ હિકમતથી દિલચસ્પી છે. દરેક એકબીજાના હુનરથી ફાયદો ઊઠાવે છે બલ્કે પોતાની જરૂરિયાત પૂરી કરે છે. અને એમાંથી જ લેણ દેણ, ખરીદ વેચાણનો સિલસિલો શરૂ થયો અને દરેક પ્રકારના વ્યવહારો અસ્તિત્વમાં આવ્યા. ઈસ્લામ જો કે એક મુકમ્મલ (સંપૂર્ણ) દીન છે. જિંદગીના દરેક પાસા, દરેક અમલ પર એનો હુકમ લાગુ પડે છે. દરેક કામ કરવા ન કરવા માટે એ દુરસ્ત છે કે નાદુરસ્ત તેમજ ઈન્સાનને એ કરવાની છૂટ છે કે નથી તેને લગતો ઈસ્લામમમાં કાનૂન છે એટલા માટે ઈસ્લામ જેવી રીતે સાચા અકીદાઓ તેમજ સહીહ વિચારશ્રેણીની તા'લીમ આપે છે તેવી જ રીતે અખ્લાક તથા આદતોના કાનૂનો શીખવે છે. જેવી રીતે પેરવી તથા ઈબાદતોના તરીકા બતાવે છે તેવી જ રીતે કારોબાર, સામાજિક વ્યવહાર સંબંધી પૂરી રેહનુમાઈ કરે છે. જેથી જિંદગીનો કોઈ પહેલુ પૂર્ણ કરવામાં બાકી ન રહેવા પામે અને મુસલમાન કોઈ અમલ (કાર્ય) માટે ઈસ્લામ સિવાય બીજાનો મોહતાજ ન બને. અકાઈદ તથા ઈબાદતો વગેરે તમામ કામોમાં જે રીતે કેટલીક હાલતમાં જાઈઝ અને કેટલીક હાલતમાં નાજાઈઝ છે એ રીતે લેન–દેન, તથા કારોબારમાં કેટલીક હાલત જાઈઝ અને કેટલીક નાજાઈઝ છે. જ્યાં સુધી જાઈઝ અને નાજાઈઝનો ફર્ક ન સમજે ત્યાં સુધી હલાલ કઈ રીતે મેળવી શકાય ? તથા હરામથી કઈ રીતે બચી શકાય ? જેમ કે નાજાઈઝ માલ લેવાનો અને હરામ માલ ખાવાની કુર્આન તથા હદીષમાં સખ્ત મનાઈ આવી છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

لَا تَأْكُلُوْٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ اِلَّآ اَنْ تَكُوْنَ تِجَارَةً عَنْ تَرَاضٍ مِّنْكُمْ ۗ

"આપસમાં એક બીજાનો માલ નાહક ન ખાવ. હા ! જો એકબીજાની રઝામંદીથી વેપાર હોય તો વાંધો નથી." *(સૂરએ નિસાઅ્, આ. ૨૯)*

અને ફર્માવે છે :–

وَكُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ حَلٰلًا طَيِّبًا ۠ وَّاتَّقُوا اللّٰهَ الَّذِيْٓ اَنْتُمْ بِهٖ مُؤْمِنُوْنَ ﴿۸۸﴾

Web: www.barkatekhwaja.net

"અલ્લાહે જે તમને રોજી આપી એમાં હલાલ, પાક (રોજી) ખાવ અને અલ્લાહથી ડરો જેના પર તમે ઈમાન લાવ્યા છો." *(સૂરએ માઈદહ્, ૫/૮૮)*

જનાબ રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : "જે બંદો હરામ માલ હાંસલ કરે છે અને જો તેનો સદકો કરે તો તે કબૂલ નહીં થાય, અને ખર્ચ કરે તો એના માટે એમાં બરકત નથી, અને પોતાની પાછળ છોડીને મરે તો એ જહન્નમમાં જવાનો સામાન છે." *(રવાહ અહમદ)*

અને ફર્માવે છે કે, "હલાલ કમાઈની તલાશ પણ ફર્ઝો પછીનો એક ફર્ઝ છે." *(બયહકી શોઅબુલ ઈમાન)*

માલ હાંસલ કરવાના રસ્તાઓમાં (પ્રકારો)થી સૌથી મોટો રસ્તો (પ્રકાર) જેની સૌથી વધારે જરૂરત પડે છે અને એનાથી લગભગ રોજીંદુ કામ પડે છે તે ખરીદ વેચાણનો રસ્તો (પ્રકાર) છે. ખરીદ વેચાણના મસ્અલાઓ બયાન કરતાં પહેલાં હુનર તથા વેપારની ફઝીલત વિષે થોડીક હદીષોના લખાણ લખીએ છીએ :–

## હલાલ કમાઈ, ધંધો તથા વેપારની ફઝીલત

હઝરત રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તે ખાવાથી બેહતર બીજું કોઈ ખાવા નથી જેને કોઈએ પોતે મહેનત કરીને મેળવ્યું છે અને બેશક ! અલ્લાહ તઆલાના નબી દાઉદ عليه السلام હાથે મહેનત કરીને ખાતા હતા. *(રવાહુલ બુખારી)* અને ફર્માવ્યું, અલ્લાહ તઆલા જાત મહેનત કરનાર (ધંધાદાર) મો'મિન બંદાને દોસ્ત રાખે છે. *(તિબરાની)*

એક વાર અર્ઝ કરવામાં આવી કે યા રસૂલલ્લાહ ! ﷺ કયો ધંધો વધારે પાકીઝા છે ? તો આપે ફર્માવ્યું કે આદમીનું પોતાના હાથે કામ કરવું અને સારું વેચાણ (વેચવું). *(અહમદ, તિબરાની, હાકિમ)*

એક હદીષમાં આવ્યું છે કે સાચા બોલો અમાનતદાર વેપારી નબીઓ, સિદ્દીકો અને શહીદોની સાથે થશે. *(તિર્મિઝી, દારમી વગેરે)* અને એક હદીષમાં આવ્યું છે કે કયામતના દિવસે વેપારી લોકોને કુકર્મી તરીકે ઉઠાડવામાં આવશે, સિવાય તે વેપારીઓને કે જેઓ ખુદાથી ડરનાર (મુત્તકી) હોય તેમજ લોકોની સાથે એહસાન કરે અને સાચુ બોલે. *(તિર્મિઝી, ઈબ્ને માજા, દારમી)*

આલિમોએ ફર્માવ્યું છે કે જ્યાં સુધી ખરીદ વેચાણના મસ્અલાઓની જાણકારી ન હોય, કઈ ચીજ વેચવી જાઈઝ છે અને કઈ ચીજ વેચવી નાજાઈઝ છે એ બાબતનો ઈલ્મ ન હોય ત્યાં સુધી વેપાર ન કરે. *(આલમગીરી)*

**મસ્અલા :** શરઅમાં સોદાનો અર્થ એ છે કે એક ખાસ તરીકાથી માલને માલના બદલે આપસમાં તબદીલ કરવો. વેચાણ કોઈવાર (મોઢેથી) બોલીને થાય છે અને કોઈ વાર કાર્યથી થાય છે. જે વેચાણ બોલીને થાય છે તેના અરકાન, ઈજાબ સ્વીકૃત (કબૂલ) છે (અર્થાત જેમ કે એકે કહ્યું, મેં વેચ્યું, બીજાએ કહ્યું મેં ખરીદ્યું). અને જે વેચાણ ફેઅલ (કાર્ય)થી હોય એમાં ચીજનું લઈ લેવું અને દઈ દેવું એ એના અરકાન છે અને આ લેવડ દેવડ ઈજાબ તથા કુબૂલના સ્થાને છે. (જેમ કે શાકભાજી વગેરેની ઢગલીઓ બનાવીને મોટાભાગે વેચનારા રાખી છે અને જાહેર કરી દે છે કે પૈસા–પૈસાની ઢગલી છે. ખરીદનાર આવે છે, એક પૈસો નાખે છે અને એક ઢગલી લે છે. એકબીજા સાથે કોઈ વાત કરતા નથી પરંતુ બન્નેના કાર્યને ઈજાબ તથા કબૂલના સ્થાને ગણવામાં આવે છે.) અને એ પ્રકારના વેચાણને બયએ તઆતી (તઆતી વેચાણ) કહે છે. ખરીદી કરનારાઓમાં એકને બાયેઅ (વેચનાર) અને બીજાને મુશ્તરી (ખરીદનાર) કહેવામાં આવે છે.

web.: www.barkatekhwaja.net

**મસ્અલા** : સોદા માટે કેટલીક શરતો છે : **(૧)** ખરીદનાર અને વેચનારનું અકલમંદ હોવું (અર્થાત પાગલ અથવા તો બિલ્કુલ નાસમજ બાળકનું વેચાણ સહીહ નથી) **(૨)** આકિ઼દનું અલગ અલગ હોવું (અર્થાત એક જ વ્યક્તિ વેચનાર અને ખરીદનાર બન્ને હોય એ બની શકતું નથી. પરંતુ બાપ અથવા જેને નાબાલિગ બાળકના માલનું વેચાણ કરવાની વસિયત કરી હોય અને તે જ ખરીદે અથવા તો પોતાનો માલ તેને વેચે અથવા કા઼ઝી કે જે એક યતીમનો માલ બીજા યતીમ માટે ખરીદે તો જો કે આમાં એક જ વ્યકિત ખરીદનાર અને વેચનાર છે પરંતુ ખરીદી જાઈઝ છે. શર્ત એ છે કે જેને વસિયત કરી હોય તેના વેચાણમાં યતીમનો ખુલ્લો નફો હોય. એ જ રીતે એક જ વ્યકિત બન્ને તરફથી કાસિદ હોય તો એ હાલતમાં પણ સોદો જાઈઝ છે.) *(હિંદિયા, બહર, રદ્દુલ્ મુહ્તાર)* **(૩)** ઈજાબો કબૂલિયતમાં સમાનતા [**અર્થાત** : જે વસ્તુનો ઈજાબ છે તેની સાથે કબૂલ હોવો. જો કોઈ બીજી વસ્તુ કબૂલ કરી અથવા જે વસ્તુનો ઈજાબ હતો તેના એક ભાગને કબૂલ કર્યો અથવા કબૂલાતમાં અલગ કિંમત કરી અથવા ઈજાબના એક ભાગને કિંમત સાથે કબૂલ કર્યો. આ બધી હાલતમાં વેચાણ સહીહ નથી. હા ! ખરીદારે કબૂલ કર્યું અને વેચાણ આપનારે એનાથી થોડી કિંમતમાં કબૂલ કર્યું તો વેચાણ સહીહ થશે.] **(૪)** ઈજાબ તથા કબૂલાત એક જ બેઠકમાં હોવી. **(૫)** દરેકે એકબીજાની વાત સાંભળવી. ખરીદનારે કહ્યું કે મેં ખરીદી અને વેચાણ આપનારે તે સાંભળ્યું નહીં તો વેચાણ થયું નહીં. હા ! મજલિસમાં અન્યોએ ખરીદનારની વાત (બોલવું) સાંભળી હોય અને વેચાણ આપનાર એમ કહેતો હોય કે મેં સાંભળ્યું નથી તો કઝાઅન વેચાણ આપનારની વાત મો'તબર ગણાશે નહીં. **(૬)** વેચાણ આપેલી ચીજ હાજર હોવી. માલ મતકવ્વિમ (જેનાથી લાભ ઉઠાવવો જાઈઝ હોય) હોવો. માલ કબજામાં હોવો. **મકદુરુત્તસ્લીમ** (જે સોંપી શકાય તેવો) હોવો જરૂરી છે અને જો વેચનાર તે માલને પોતાના માટે વેચતો હોય તો તે માલ વેચનારના કબજામાં હોવો જરૂરી છે. જે ચીજ હાજર જ ન હોય બલ્કે હાજર નહીં હોવાનો શક હોય તો તેનું વેચાણ થઈ શકતું નથી. (દા.ત. હમલનું વેચાણ અથવા તે દૂધનુ વેચાણ જે સ્તનમાં છે તે વેચાણ નાજાઈઝ છે, કેમ કે બની શકે છે કે જાનવરનું પેટ (ગર્ભ) ફૂલેલું હોય અને તેમાં બચ્ચું ન હોય અને સ્તનમાં દૂધ ન હોય.) ફળ જાહેર થતાં પહેલાં તેનું વેચાણ થઈ શકશે નહીં. એ જ રીતે લોહી અને મુરદારનું વેચાણ નહીં થઈ શકે. કેમ કે માલ નથી અને મુસલમાનના હક્કમાં શરાબ અને સુવ્વરનું વેચાણ નહીં થઈ શકે, કેમ કે એ માલ મુતકવ્વિમ નથી. જમીનમાં જે ઘાસ ઉગેલું છે તેને વેચી શકાશે નહીં, ભલે એ જમીન પોતાની માલિકીની હોય. એટલા માટે કે એ ઘાસ (પોતાના) કબજાની નથી. એ રીતે નહેર કે કૂવાનું પાણી, જંગલના લાકડાં અને શિકાર. કેમ કે જ્યાં સુધી એના પર કબજો ન કરવામાં આવે ત્યાં સુધી માલિકીમાં ગણાશે નહીં. **(૭)** વેચાણ અમુક સમય માટેનું (નિશ્ચિત) ન હોય. (દા.ત. અમુક સમય માટેનું હોય જેમાં એમ કહેવાયું હોય કે આટલા દિવસો માટે વેચ્યું તો એ વેચાણ સહીહ નથી. **(૮)** વેચેલો માલ અને તેની કિંમત સ્પષ્ટ હોવી જોઈએ કે જેના કારણે પાછળથી કોઈ ફસાદ ન થવા પામે. (જો જાણકારી ન હોય અને પાછળથી ફસાદ પેદા થઈ શકે એમ હોય તો વેચાણ સહીહ નથી. જેમ કે એમ કહે કે આ ટોળામાંની એક બકરી વેચી અથવા એમ કહે કે આ વસ્તુને વ્યાજબી કિંમતે વેચી અથવા ફલાણો કહે તે કિંમતે વેચી.) *(ક્રમશઃ)*

web: www.barkatekhwaja.net

## નમાઝ કે બારે મેં ગલતફહમિયાં ઔર ઉન કા શરઈ હલ

**અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ**

હપ્તો : ૦૯

**૦૧. અગર ફજર મેં ફર્ઝ સે પેહલે દો રકઆત સુન્નતેં ન પળ્હ સકેં તો ક્યા ફર્ઝ કે ફૌરન બાદ ઉન્હેં પળ્હા જાએ?**

કુછ લોગોં કો દેખા જાતા હૈ કે અગર ઉનકી ફજર કી દો સુન્નતેં રહ ગઈ ઔર સીધે ફર્ઝ કી જમાઅત મેં શામિલ હો ગએ તો ફર્ઝ ખત્મ કરને કે બા'દ સુન્નતેં અદા કરને લગતે હૈં ઔર સમજતે હૈં કે ઈસ મેં કોઈ ખરાબી નહીં હૈ. હાલાં કે ઉનકી યે સોચ બિલ્કુલ ગલત હૈ. શરીઅત કા હુકમ તો યે હૈ કે ફજર કી નમાઝ કે બા'દ સૂરજ નિકલને તક કોઈ ભી નફ્લ ઔર સુન્નત નમાઝ જાઈઝ નહીં. ચાહે ફજર કી દો સુન્નતેં હી ક્યૂં ન હો ઔર જિસ કી દો સુન્નતેં રહ ગઈ અગર વોહ ઉનકી ક઼ઝા ચાહે તો હુક્મ યે હૈ કે સૂરજ નિકલને કે બા'દ યા'ની મકરૂહ વક઼્ત ખત્મ હોને કે બા'દ કરે. જૈસા કે ''ફતાવા રઝવિય્યહ''મેં હૈ :–

''અગર જાને કે સુન્નતેં પળ્હ કર જમાઅત મેં શરીક હો જાઉંગા તો સુન્નતેં પળ્હ લે અગરચે અત્તહિય્યાત હી મિલ્તી સમજે. વરના ફર્ઝોં મેં શરીક હો જાએ ઔર અવ્વલ સુન્નતોં કો ક઼ઝા કરતા હૈ તો બા'દે બુલંદિયે આફતાબ (સૂરજ ચળ્હને કે બા'દ) કરે. ફર્ઝોં કે બા'દ તુલૂઅ સે પેહલે જાઈઝ નહીં.''

*(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૮, સફહા : ૧૩૮)*

''બહારે શરીઅત''મેં હૈ : ''નમાઝે ફજર કે બા'દ સે તુલૂએ આફતાબ તક અગરચે વક઼્ત વસીઅ બાક઼ી હો. અગરચે સુન્નતેં ફજર ફર્ઝ સે પેહલે ન પળ્હી થી ઔર અબ પળ્હના ચાહતા હો, જાઈઝ નહીં.'' *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૩, સફહા : ૪૫૫)*

**૦૨. ક્યા અસર કી નમાઝ કે બા'દ કુર્આન કી તિલાવત નહીં કર સકતે ?**

કુછ મુસલમાનોં મેં યે ગલતફહમી પાઈ હૈ કે અસર કી નમાઝ કે બા'દ કુર્આને કરીમ કી તિલાવત નહીં કર સકતે. ચુનાંચે ઈસસે ખૂદ ભી બચતે હૈં ઔર દૂસરોં કો ભી સખ્તી સે મના કરતે હૈં. હાલાં કે શરઅન ઐસા કુછ ભી નહીં. અસર કી નમાઝ કે બાદ કુર્આન કી તિલાવત કરના જાઈઝ હૈ. હાં, જબ સૂરજ ડૂબને કે કરીબ હોતા હૈ ઔર મકરૂહ વક઼્ત શુરૂઅ હોતા હૈ, જો કે મગરિબ કે વક઼્ત કે શુરૂઅ હોને સે તક઼રીબન ''૨૦'' મિનટ પેહલે હોતા હૈ, તબ સે લેકર મગરિબ તક કુર્આને મજીદ કી તિલાવત કરના મના હૈ.

''ફતાવા રઝવિય્યહ્''મેં હૈ :–

''બા'દે નમાઝે અસર તિલાવતે કુર્આને અઝીમ જાઈઝ હૈ દેખ કર હો ખાહ યાદ પર, મગર જબ આફતાબ ક઼રીબે ગુરૂબ પોંહચે ઔર વક઼્તે કરાહત આએ ઉસ વક઼્ત તિલાવત મુલ્તવી કી જાએ ઔર અઝકારે ઈલાહિયા કિયે જાએ કે આફતાબ નિકલતે ઔર ડૂબતે ઔર ઠીક દોપહર કે વક઼્ત (જો કે તીન મકરૂહ વક઼્ત હૈં) નમાઝ નાજાઈઝ હૈ ઔર તિલાવત મકરૂહ.''

*(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૫, સફહા : ૩૩૧)*

**નોંધ** : મકરૂહ ટાઈમમેં તિલાવત કરના ''મકરૂહે તન્ઝીહી'' હૈ અગર કોઈ કરેગા તો ગુનેહગાર ન હોગા, મગર બેહતર યહ હૈ કે ન કરે.

➻ અઝ : **હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** (સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

Web.:www.barkatekhwaja.net

### 03. ક્યા અસર કી નમાઝ કે બા'દ સજદએ તિલાવત કરના જાઈઝ નહીં

કુછ લોગ સમજતે હૈં કે અસર કી નમાઝ કે બા'દ સજદએ તિલાવત કરના જાઈઝ નહીં. જબ કે શરીઅત કા મસ્અલા હરગિઝ ઐસા નહીં હૈ. બલ્કે અસર કી નમાઝ કે બા'દ શરીઅત સજદએ તિલાવત કરને કી ઈજાઝત હૈ. હાં જબ સૂરજ ડૂબને કે ક઼રીબ હો જાએ ઔર મકરૂહ વક઼્ત શુરૂઅ હો જાએ, જો કે મગરિબ કા વક઼્ત શુરૂઅ હોને સે તક઼રીબન "૨૦" મિનટ પેહલે હોતા હૈ, તબ સે લેકર મગરિબ તક સજદએ તિલાવત કરને કી ઈજાઝત નહીં.

"ફતાવા રઝવિય્યહ્"મેં હૈ : –

"(બા'દ નમાઝે અસર કે ઔર ફજર કે સજદા કરના) જાઈઝ હૈ મગર જબ અસરમેં વક઼્તે કરાહત (મકરૂહ વક઼્ત) આ જાએ તો ક઼ઝા ભી જાઈઝ નહીં ઔર સજદા મકરૂહ અગરચે સહ્વ યા તિલાવત કા હો." *(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૫, સફ્હા : ૩૩૧)*

### ૦૪. અગર કિસી વજહ સે અકેલે ફર્ઝ નમાઝ પળ્હની હો તો ક્યા અઝાન કે બા'દ હી પળ્હ સકતે હૈં ?

અકષર મુસલમાનોં મેં યે ગલત ખયાલ પાયા જાતા હૈ કે અગર કિસી શખ્સ કો કિસી વજહ સે અકેલે ફર્ઝ નમાઝ અદા કરતા હો તો વોહ અઝાન કે બા'દ ઉસ નમાઝ કો પળ્હતા હૈ ઔર યે સમજતા હૈં કે નમાઝ કા વક઼્ત અઝાન કે બા'દ હી શુરૂઅ હોતા હૈ. લિહાઝા જબ તક અઝાન ન હો ઉસ વક઼્ત કી ફર્ઝ નમાઝ નહીં પળ્હ સકતે. યે તમામ બાતેં શરીઅત કે એ'તેબારસે ગલત હૈં. ચુનાંચે ઐસા હરગિઝ નહીં હૈ કે અઝાન કે બા'દ હી નમાઝ કા વક઼્ત શુરૂઅ હોતા હૈ જૈસા કે નમાઝ કે ઔક઼ાત કા ઈલ્મ રખનેવાલે હઝરાત ઈસકો બખૂબી જાનતે હૈં. ઔર ન ઐસા કુછ હૈ કે પહલે ફર્ઝ પળ્હનેવાલા અઝાન કે બા'દ હી ઉસ વક઼્ત કી ફર્ઝ નમાઝ પળ્હ સકતા હૈ બલ્કે વક઼્ત શુરૂઅ હોને કે બા'દ અઝાન સે પેહલે અકેલે ફર્ઝ નમાઝ પળ્હને કી ઈજાઝત હૈ. ઐસા હી "બહારે શરીઅત" હિસ્સા : ૩, સફ્હા : ૪૬૪ પર હૈ.

### ૦૫. ક્યા નમાઝ કે લિયે ઝબાન સે નિય્યત કરના ઝરૂરી હૈ ?

અકષર અવામ મેં યે મશ્હૂર હૈ કે નમાઝ કે સહીહ હોને કે લિયે ઝબાન સે નિય્યત કરના ઝરૂરી હૈ ઔર અગર કિસીને ઝબાન સે નિય્યત નહીં કી તો ઉસ કી નમાઝ હી સહીહ ન હોગી, જબ કે શરઅન ઈસ તરહ કા કોઈ હુકમ નહીં હૈ. યક઼ીનન ! નિય્યત નમાઝ કે શરાઈત મેં સે એક શર્ત હૈ, લેકિન ઈસ નિય્યત સે મુરાદ યે હૈ કે દિલ મેં પક્કા ઈરાદા હો કે કોનસી નમાઝ પળ્હને કે લિયે ખળા હુવા હૈ. ઝબાન સે નિય્યત કરના કોઈ ઝરૂરી નહીં, બલ્કે સિર્ફ મુસ્તહબો બેહતર હૈ.

જૈસા કે "બહારે શરીઅત"મેં હૈ :–

"નિય્યત દિલ કે પક્કે ઈરાદે કો કેહતે હૈં. ઝબાન સે કેહ લેના મુસ્તહબ હૈ ઔર ઈસ મેં કુછ અરબી કી તખ્સીસ નહીં, ફારસી વગૈરા મેં ભી હો સકતી હૈ." *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૩, સફ્હા : ૪૯૨)*

### ૦૬. ઝબાન સે નિય્યત કરતે વક઼્ત રકઆત કી તઅદાદ મેં ગલતી હો જાએ. જૈસે ઝોહર કી ચાર રકઆત ફર્ઝ કી જગહ ઝબાન સે તીન રકઆત ફર્ઝ નિકલ ગયા તો ક્યા નમાઝ નહીં હોગી ?

બાઝ મુસલમાનોં મેં યે ગલતફહમી પાઈ જાતી હૈ કે અગર ઝબાન સે નિય્યત કરતે વક઼્ત રક઼આત કી તઅદાદ મેં ગલતી હો જાએ તો નમાઝ હી નહીં હોગી, અગર ચે નમાઝ મુકમ્મલ અદા કી હો. જૈસે ઝોહર કી ચાર રકઆત ફર્ઝ કી જગહ ઝબાન સે તીન રકઆત

નિકલ ગયા, લેકિન ! અદા મુકમ્મલ ચાર રકઆત કો કિયા તો સમજતે હૈં કે ઈસ સૂરત મેં ઝોહર કી નમાઝ નહીં હૂઈ. હાલાં કે ઐસા નહીં હૈ. ઝબાન સે નિય્યત કરતે વક્ત અગરચે રકઆત કી તઅદાદ મેં ગલતી હો. લેકિન જબ મુકમ્મલ રકઅતેં અદા કી હોં તો નમાઝ સહીહ હો જાએગી ઔર ઝબાન કી ગલતી કા કોઈ એ'તબાર નહીં હોગા.

"બહારે શરીઅત" મેં હૈ : "નિય્યત મેં તઅદાદે રકાત કી ઝરૂરત નહીં, અલ્બત્તા અફઝલ હૈ, તો અગર તઅદાદે રકઆત મેં ખતા વાકેઅ હૂઈ મષલન્ તીન રકઅતેં ઝોહર યા ચાર રકઅતેં મગરિબ કી નિય્યત કી, તો નમાઝ હો જાએગી."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૩, સફહા : ૪૯૪)*

**૦૭. અગર ઈમામ રુકૂઅ યા ક઼અદે કી હાલત મેં હો તો ક્યા જમાઅત મેં શામિલ હોને કા યહી તરીક઼ા હૈ કે હમેશાં તકબીરે તેહરીમા કે બા'દ હાથ બાંધ કર ષના પળ્હી જાએ ?**

અગર ઈમામ રુકૂઅ યા ક઼અદે કી હાલત મેં હો તો જમાઅત મેં કૈસે શામિલ હોના હૈ, ઈસ કે હવાલે સે અકષર અવામ ઔર બા'ઝ પળ્હે લિખે લોગ સહી તરીક઼ા નહીં જાનતે. ઝયાદા તર લોગ યહી સમજતે હૈં કે જબ ભી જમાઅત મેં શામિલ હોંગે તો ચાહે ઈમામ રુકૂઅ કી હાલત મેં હો યા ક઼અદા યા સજદે કી હાલત મેં, હમેશા તકબીરે તેહરીમા (યાની اَللّٰهُ اَكْبَرْ ) કેહકર દોનોં હાથ બાંધેગે ફિર ષના પળ્હેંગે ઉસ કે બા'દ ઈમામ કે સાથ ક઼અદા યા રુકૂઅ યા સજદે મેં શામિલ હોંગે. જબ કે શરીઅત કે એ'તેબાર સે ઐસા નહીં, બલ્કે બા'ઝ સૂરતોં મેં હાથ બાંધ કર ષના પળ્હને કા હુકમ હૈ ઔર બા'ઝ મેં તકબીરે તેહરીમા કે બા'દ હાથ બાંધે ઔર ષના પળ્હે બગૈર દૂસરી મર્તબા "અલ્લાહુ અકબર" કેહ કર ઈમામ કે સાથ રુકૂઅ વગૈરા મેં શામિલ હોને કા હુકમ હૈ. ચુનાંચે ઈસ કી તફસીલ યે હૈ કે, અગર ઈમામ કો રુકૂઅ યા પેહલે સજદે મેં પાયા તો અગર ગાલિબે ગુમાન હૈ કે ષના પળ્હને કે બા'દ ઈમામ કો રુકૂઅ યા પેહલે સજદે મેં પાલેગા તો ઐસી સૂરત મેં તકબીરે તેહરીમા કે બા'દ હાથ બાંધ કર ષના પળ્હે ફિર "અલ્લાહુ અકબર" કેહ કર ઈમામ કે સાથ શામિલ હો જાએ ઔર અગર ઈસ બાત કા ડર હૈ કે ષના પળ્હને જાએગા તો ઈમામ રુકૂઅ સે યા પેહલે સજદે સે ખળા હો જાએગા તો અબ હુકમ યે હૈ કે તકબીરે તેહરીમા કે બા'દ હાથ ન બાંધે ઔર ષના ભી ન પળ્હે બલ્કે દુસરી મર્તબા اَللّٰهُ اَكْبَرْ "અલ્લાહુ અકબર" કેહતા હુવા ઈમામ કે સાથ શામિલ હો જાએ.

ઔર અગર ઈમામ કો ક઼અદા યા દુસરે સજદે મેં પાયા તો અબ બેહતર યે હૈ કે તકબીરે તેહરીમા કે બા'દ બગૈર હાથ બાંધે ઔર ષના પળ્હે દુસરી મર્તબા اَللّٰهُ اَكْبَرْ "અલ્લાહુ અકબર" કેહતા હુવા ઈમામ કે સાથ શામિલ હો જાએ.

"બહારે શરીઅત" મેં હૈ :

"ઈમામ કો રુકૂઅ યા પેહલે સજદે મેં પાયા તો અગર ગાલિબે ગુમાન હૈ કે ષના પળ્હ કર પા લેગા તો પળ્હે ઔર ક઼અદા યા દુસરે સજદે મેં પાયા તો બેહતર યે હૈ કે બગૈર ષના પળ્હે શામિલ હો જાએ."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૩, સફહા : ૫૨૩)*

"બહારે શરીઅત" હી મેં દૂસરી જગહ હૈ :–

"મસ્બૂક઼ (યા'ની જિસ કી રકઅત છૂટ ગઈ)ને ઈમામ કો ક઼અદા મેં પાયા તો તકબીરે તેહરીમા સીધે ખળે હોને કે હાલત મેં કરે ફિર દૂસરી તકબીર કેહતા હુવા ક઼અદા મેં જાએ."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૩, સફહા : ૫૮૯)*

ઐસા હી "ફતાવા રઝવિય્યહ્" જિલ્દ : ૭, સફહા : ૨૩૬ પર હૈ. *(ક્રમશઃ)*

Web.:www.barkatekhwaja.net



# لَيْسَ مِنَّا
# 'તે અમારો નથી'

**હપ્તો : ૧૩**

**અઝ** : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

## અપશુકનનો ઈસ્લામથી કોઈ સંબંધ નથી

''શગૂન'' શબ્દો સંસ્કૃતથી લેવામાં આવ્યો છે, સંસ્કૃતમાં શગૂનનો અર્થ છે કોઈ કાર્યને સારા સમયમાં શરૂ કરવું, કોઈ કાર્ય માટે મુબારક ઘડી જોવી, કોઈ કાર્યના થવા ન થવાનો સમયો જોવા, બદ્ફાલી અને અપશગૂન (અપશુકન)ને અરબીમાં ''તત્ચ્યૂર'' કહે છે, કારણ કે અરબના લોકો અધિકતમ પક્ષીઓના અવાજથી બદ્ફાલી લેતા એટલા માટે આ શબ્દ તૈરથી બન્યો જેનો અર્થ પક્ષી છે.

દીને ઈસ્લામમાં કદી બદશગૂની (અપશુકન) અને નહૂસતની કોઈ માન્યતા ન હતી, એ સંપૂર્ણ જાહિલિયતની વાતો છે, આ વાતો પહેલાં તો ઈસ્લામી તા'લીમાતથી નાવાકેફ મુસલમાનોએ કાફિરો અને મુશ્રિકોથી અપનાવી લીધી, પછી કમજોર અકીદાવાળા મુસલમાનોમાં આ વાતો ફેલાતી રહી, ત્યાં સુધી કે આજે સમાજનો એક અસામાન્ય વર્ગ આ ખરાબીઓમાં સપડાયેલ છે. દીને ઈસ્લામે બદ્ફાલીના સખ્તીથી રદિયો ફર્માવ્યો, ત્યાં સુધી કે તેને કરવા પર સખત ચેતવણીઓ પણ વર્ણન થઈ છે અને તેનાથી બચીને તવક્કુલ (અલ્લાહ પર ભરોસો) કરવાની ન કેવળ પ્રેરણા આપવામાં આવી છે બલ્કે તેના પર અલ્લાહ તઆલાનો ફઝ્લે અઝીમ મળવાની ખુશખબર પણ સંભળાવવામાં આવી છે.

### ★ મુસીબતો શાથી આવે છે ? ★

મુસીબત અને બલાઓનું આવવું ઈન્સાનના પોતાના અમલોનું પરિણામ છે. જેમ કે ખુદ કુર્આને મુકદ્દસ ઈર્શાદ ફર્માવે છે :–

وَ مَاۤ اَصَابَكُمْ مِّنْ مُّصِیْبَةٍ فَبِمَا كَسَبَتْ اَیْدِیْكُمْ وَ یَعْفُوْا عَنْ كَثِیْرٍ

''અને તમને જે મુસીબત પહોંચી તો એના કારણથી છે જે તમારા હાથોએ કમાયું અને ઘણુ બધું તો માફ ફર્માવી દે છે.'' *(સૂરએ શૂરા, આ. ૩૦)*

આ સંબોધન મુકલ્લફ (જેમના પર શરીઅતના હુકમો લાગુ થાય છે એ) મો'મિનો માટે છે જેમનાથી ગુનાહ થાય છે. મતલબ એ છે કે દુનિયામાં જે તકલીફો અને મુસીબતો મો'મિનોને પહોંચે છે અધિકતમ્ તેમનું કારણ તેમના ગુનાહ હોય છે. એ મુસીબતોને અલ્લાહ તઆલા તેમના ગુનાહોનો કફ્ફારો બનાવી દે છે અને કદીક મો'મિનની તકલીફ તેના દરજા બુલંદ થવા માટે હોય છે. *(ખઝાઈન)*

કાફિરો અને મુશ્રિકો જે બદ્ફાલી લેતા હતા તેના વિશે કલામે પાકમાં વિવિધ સ્થળોએ ફર્માવવામાં આવ્યું : طَآئِرُكُمْ مَّعَكُمْ તમારી બદ્ફાલી તમારા સાથે.

અર્થાત જે કાંઈ તમને મુસીબતો પહોંચી રહી છે તે તમારા કુફ્રો શિર્ક અને બુરા આમાલનું પરિણામ છે, કોઈ નહૂસતના કારણે નથી.

દીને ઈસ્લામ બે ચીજોથી બનેલ છે : (૧) અકીદા (૨) અમલ. તે જ અકીદા અને અમલ અલ્લાહની બારગાહમાં મકબૂલ થશે જેની શરીઅતે તા'લીમ આપી છે, અને તે અકીદા, અમલ મરદૂદ થશે જે દીને ઈસ્લામની તા'લીમાતથી વિરુદ્ધ હોય.

Web.:www.barkatekhwaja.net

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

وَ مَنْ یَّبْتَغِ غَیْرَ الْاِسْلَامِ دِیْنًا فَلَنْ یُّقْبَلَ مِنْهُ ۚ وَ هُوَ فِی الْاٰخِرَةِ مِنَ الْخٰسِرِیْنَ﴿۸۵﴾

''અને ઈસ્લામ સિવાય કોઈ ધર્મ ઈચ્છશે તે કદાપિ તેનાથી ક઼બૂલ કરવામાં આવશે નહીં અને તે આખેરતમાં નુકસાન ઉઠાવવાળાઓમાં છે.''

*(સૂરએ આલે ઈમરાન, આ. ૮૫)*

**★ સફ઼ર મહિનામાં બદ્ફાલીની શરઈ હૈસિયત ★**

આજના દૌરમાં ઈસ્લામી તા'લીમાતથી દૂરી અને અરૂચી આમ થતી જઈ રહી છે જેનું અવશ્ય પરિણામ અક઼ીદા અને અમલમાં ખરાબી અને બગાડ છે, તેનો જ એક ભાગ બદશગૂની (અપશુકન), વહેમ અને પોતાના બનાવેલ ફાસિદ વિચારો અને અક઼ીદા પણ છે. આ પ્રકરણમાં અમુક પ્રચલિત કાર્યો, વિચારો અને રીત રિવાજો એટલા પ્રમાણમાં લોકોમાં વસી ગયા છે કે જો એ જ રીતે અલ્લાહ તઆ઼લા પર ભરોસો, તેની કુદરતનું યક઼ીન અને તકદીર પર ઈમાન દિલોમાં બેસી જાય તો બંનેવ જહાનની નેકબખ્તી નસીબ થઈ જાય. એ જ ફાસિદ માન્યતાઓ અને જહાલતભર્યા વિચારોમાંથી સફ઼ર મહિના વિશે પણ નિમ્ન વર્ણન થયેલ વિવિધ માન્યતાઓ છે :–

૦૧. સફ઼ર મહિનાને અને વિશેષ રીતે તેના પ્રથમ ૧૩ દિવસ જેને લોકોએ ''તેરા તેઝી''નું નામ આપ્યું છે તેમને મનહૂસ જાણે છે. અને તેમાં આફતો, બલાઓ અને મુસીબતોના નાઝિલ થવાની માન્યતા રાખે છે. ત્યાં સુધી કે અમુક લોકોએ સેંકડોની સંખ્યોમાં આફતો, બલાઓ નાઝિલ થવાની અને માહે સફરના મન્હૂસ હોવાની પાયાવિહોણી અને મનઘડ઼ત રિવાયતો પણ નકલ કરી દીધી છે.

૦૨. આ મહિનામાં સગાઈ અને શાદીઓ કરવામાં નથી આવતી બલ્કે જેમની શાદી થઈ ચૂકી હોય છે શરૂઆતમાં તેવા પતિ પત્નીને ૧૩ દિવસ સુધી અલગ રાખવામાં આવે છે !

૦૩. આ મહિનામાં યાત્રા અને કોઈ નવા કાર્યનો પ્રારંભ જેમ કે દુકાન, મકાનનું ઉદ્‌ઘાટન વગેરે કરવામાં નથી આવતાં, એ કારણથી કે આ મહિનાની નહૂસતના કારણે આ બધા કાર્યોમાં ભલાઈ નહીં રહે.

૦૪. સફર મહિનાની અંતિમ જુમેરાતે સેર સપાટા માટે નીકળે છે, જેની માન્યતા એ છે કે એ દિવસે નબીએ અકરમ ﷺએ સ્વસ્થ થવા પર ગુસ્લ કર્યું હતું અને સેર ફર્માવી હતી.

**આ સર્વ જહાલતભર્યા વિચારો અને પાયા વિનાની વાતો છે, શરીઅતમાં તેમની અસલ નથી.** જો સફર મહિનામાં નહૂસત હોત અથવા આ મહિનો આફતો અને બલાઓનો મહિનો હોત તો શરીઅ઼તમાં જરૂર તેનું વર્ણન થતું અને એનાથી બચવાના ઉપાય પણ બતાવવામાં આવતા. પરંતુ કુર્આન, હદીષમાં ક્યાંય એવું નથી. બલ્કે સહાહ સિત્તા અને અન્ય હદીષની કિતાબોની વિવિધ હદીષોથી એ સાબિત છે કે સફર મહિનામાં હરગિઝ કોઈ નહૂસત નથી. **દીને ઈસ્લામે કદી કોઈ મહિના અને કોઈ દિવસને મન્હૂસ ઠરાવ્યો નથી.**

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

لَا عَدْوَى، وَلَا طِيَرَةَ، وَلَا هَامَةَ، وَلَا صَفَرَ

''બીમારીનું કોઈ બીજાને લાગી જવું, બદશગૂની (અપશુકન) લેવું, ઉલ્લુનું મન્હૂસ હોવું, અને સફર મહિનાનું મન્હૂસ હોવું કોઈ ચીજ નથી.''

*(સુનને ઈબ્ને માજા, ૧૧/૧૧૭૧)*

Web : www.barkatekhwaja.net

જેથી કોઈ સમય બરકત અને ફઝીલતવાળો તો હોઈ શકે છે, જેમ કે માહે રબીઉલ અવ્વલ, માટે રમઝાન, વરસના બરકતવાળા રાત, દિવસ અને જુમ્આના દિવસની કુબૂલિયતની ઘડી વગેરે, પરંતુ નહૂસતવાળો નથી હરગિઝ નથી હોઈ શકતો.

મુહ઼ક્કિ઼કે઼ અલલ્ ઈત્લાક઼ હઝરત અલ્લામા શાહ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ આ હદીષની સમજૂતીમાં લખે છે :–

**''અવામ તે (સફરના મહિના)ને બલાઓ, મુસીબતો અને આફતોના નાઝિલ થવાનો સમય ઠરાવે છે, આ માન્યતા બાતિલ છે, તેની કોઈ હક઼ીક઼ત નથી.''** *(અશિઅ્અ઼તુલ્ લમ્આ઼ત, ૩/૬૬૪)*

સદરુશ્શરીઅ઼હ્ હઝરત અ઼લ્લામા મુફતી અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہ લખે છે :–

''માહે સફરને લોકો મન્હૂસ જાણે છે, તેમાં શાદી, વિવાહ નથી કરતા, પુત્રીઓને વિદાય નથી કરતા, આ પ્રકારના બીજા કામોથી પણ બચે છે અને સફર કરવાથી બચે છે. ખાસ કરીને માહે સફરની પ્રથમ તેર તારીખો બહુ વધારે નહૂસતવાળી સમજવામાં આવે છે. તેમને ''તેરા તેઝી'' કહે છે, **આ સૌ જહાલતની વાતો છે.** હદીષ શરીફમાં ફર્માવવામાં આવ્યું કે સફર કોઈ ચીજ નથી એટલે લોકોનું તેને મન્હૂસ સમજવું ગલત છે. *(બહારે શરીઅત, ૩/૬૫૯)*

## ★ અપશુકન લેવું રસૂલુલ્લાહ ﷺના તરીક઼ાથી વિરુદ્ધ છે ★

તેમ છતાં ઘણા બધા લોકો પોતાની નાદાનીના કારણે અપશુકનની માન્યતા રાખે છે, બિલાડીએ રસ્તો કાપ્યો તો હવે આગળ જવું ખતરાથી ખાલી નથી. મંગળવારે ફલાણુ કામ ન કરી શકાય, ત્રણ, તેર અથવા ત્રેવીસમી તારીખોમાં કોઈ મહત્વનું કાર્ય ન કરી શકાય, આઠ, અઢાર, તથા અઠયાવીસમી તારીખોમાં શાદી વિવાહ ન થાય, સફર મહિનામાં કોઈ અગત્યનું કામ ન થાય, **આ સર્વ માન્યતાઓ જહાલતથી ભરપૂર છે.** હુઝૂર સરવરે આ઼લમ ﷺએ આ પ્રકારની સર્વ બાતિલ માન્યતાઓ પર પાબંદી લગાડી અને તેમને પોતાના તરીક઼ાથી વિરુદ્ધ દર્શાવી.

હઝરત ઈમરાન બિન હુસૈન رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આ઼લમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَيْسَ مِنَّا مَنْ تَطَيَّرَ اَوْ تُطُيِّرَ لَهٗ، اَوْ تَكَهَّنَ اَوْ تُكُهِّنَ لَهٗ، اَوْ سَحَرَ اَوْ سُحِرَ لَهٗ۔

''જેણે બદ્ફાલી લીધી અને જેના માટે બદ્ફાલી લેવામાં આવી, જેણે અટકલ (જ્યોતિષ વિદ્યા)થી ગૈબની વાતો બતાવી અને જેના માટે અટકલથી ગૈબની વાતો બતાવવામાં આવી અને જેણે જાદૂ કર્યો અને જેના માટે જાદૂ કરવામાં આવ્યો તે અમારામાંથી નથી.'' *(મુસ્નદે બઝ્ઝાર, ૯/૫૨)*

આ હદીષમાં તેને રસૂલુલ્લાહ ﷺના તરીક઼ાથી વિરુદ્ધ અમલ કરનાર ફર્માવવામાં આવ્યો જે બદ્ફાલીની માન્યતા રાખે, જે કોઈનાથી પોતાના માટે બદ્ફાલી કરાવે, જે અટકલથી ભવિષ્યવાણી કરે, જે કોઈનાથી ભવિષ્યની ખબરો કઢાવે, જે કોઈના પર જાદૂ કરે અને જે કોઈના પર જાદૂ કરાવે. આ સર્વ કાર્યો ઈસ્લામી તા'લીમાતથી વિરુદ્ધ છે અને એ સૌથી બચવું જરૂરી છે.

## ★ બદ્ફાલીથી બચવા પર ઈન્આમ ★

સરવરે કાએનાત ﷺએ એ તા'લીમ આપી કે અલ્લાહ તઆ઼લાની જાત પર મુસલમાનને એટલો ભરોસો હોવો જોઈએ કે દુનિયામાં જે કાંઈ થાય છે તે અલ્લાહના ઈરાદાથી થાય છે. બલ્કે કુર્આને મુક઼દ્દસમાં તો એ પણ ફર્માવવામાં આવ્યું કે જો કોઈને કોઈ

Web: www.barkatekhwaja.net

અચ્છાઈ પ્રાપ્ત થાય તો તેણે એ અકીદો રાખવો જોઈએ કે આ તેને અલ્લાહ તરફથી ઈન્આમ મળ્યું છે, અને કોઈ તકલીફ તથા મુસીબત પહોંચે તો તેને પોતાના બુરા અમલોનું પરિણામ સમજવું જોઈએ.

કુર્આનનું ફર્માન છે :–

مَآ اَصَابَكَ مِنْ حَسَنَةٍ فَمِنَ اللّٰهِ ۫ وَ مَآ اَصَابَكَ مِنْ سَيِّئَةٍ فَمِنْ نَّفْسِكَ ؕ

"હે સાંભળનાર ! તને જે ભલાઈ મળે તે અલ્લાહ તરફથી છે અને જે બુરાઈ પહોંચે તે પોતાના તરફથી છે." *(સૂરએ નિસાઅ્, આ. ૭૯)*

જો કોઈએ અલ્લાહની જાત પર તવક્કુલ મજબૂત કર્યું અને બદ્ફાલીથી પોતાને બચાવ્યો તો તેના પર તેને ઈન્આમથી નવાઝવામાં આવશે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :

يَدْخُلُ الْجَنَّةَ مِنْ اُمَّتِيْ سَبْعُوْنَ اَلْفًا بِغَيْرِ حِسَابٍ هُمُ الَّذِيْنَ لَا يَسْتَرْقُوْنَ وَلَا يَتَطَيَّرُوْنَ وَعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ-

"મારી ઉમ્મતમાંથી સિત્તેર હજાર લોકો વિના હિસાબ કિતાબ જન્નતમાં જશે આ એ લોકો હશે જેઓ તંત્ર, મંત્ર નથી કરતા, બદફાલી નથી લેતા અને પોતાના રબ પર તવક્કુલ કરે છે." *(સહીહ બુખારી, ૮/૧૦૦)*

જાણવા મળ્યું કે **આ ત્રણ ગુણ જે વ્યક્તિમાં હશે ઉમ્મીદ છે કે અલ્લાહ તઆલા પોતાના ફઝ્લથી તેને વિના હિસાબ કિતાબ જન્નતમાં દાખલ ફર્માવશે.** કુર્આનની આયતોથી ઈસ્લામી નિયમ મુજબ ઝાડ઼ ફૂંક કરવું જાઈઝ છે, ગૈર ઈસ્લામી વાતોથી તંત્ર, મંત્ર કરવું જાઈઝ નથી, બલ્કે તેમાં કુફ્રિયા વાતો હશે **તો આવું કરનાર કાફિર પણ થઈ જશે.** સારાંશ કે આપણે અલ્લાહની જાત પર સંપૂર્ણ ભરોસો રાખવો જોઈએ અને બદ્ફાલી લેવાથી સદંતર બચવું જોઈએ. *(ક્રમશઃ)*


**કાનૂને શરીઅત**
(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)
**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**:: અનુવાદક ::**
**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**
**હદિયો : એક સેટના રૂા. ૨૫૦/–**

જેમાં અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક**
**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**
**મુ. પો. દયાદરા,**
**તા. જિ. ભરૂચ**
**મો. ૯૪૨૭૪૬૪૪૧૧**

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ **નો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી** رحمۃ اللہ علیہ **ની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)
અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૪૫૦/–** (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# હું મુસલમાન થઈને



# કુર્આન વિશે શું જાણું છું ?!

હપ્તો ૦૩

લેખક : ડૉક્ટર મુહમ્મદ અહમદ નઈમી
(જામિઆ હમદર્દ યુનિવર્સિટી–ન્યુ દિલ્હી)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

## કુર્આનના ૨૩ વર્ષમાં નાઝિલ થવાની હિકમત

કુર્આન તથા હદીષના પ્રમાણે લોહે મહેફૂઝથી એક સાથે રમઝાનુલ મુબારકના મહિનામાં કુર્આન કરીમ આસ્માની દુનિયા પર નાઝિલ થયું અને પછી ત્યાંથી જરૂરત તથા હાલાત પ્રમાણે તેવીસ વરસોની મુદતમાં થોડુ થોડુ ધીરે ધીરે નિશ્ચિત શબ્દો તથા ખાસ અર્થોની સાથે હઝરત જિબ્રઈલે અમીન عليه السلامના માધ્યમથી હુઝૂરે અન્વર ﷺ પર નાઝિલ થતુ રહ્યું. અલ્લાહ રબ્બુલ્ આલમીન ક઼ાદિરે મુત્લક઼ છે. એ ચાહત તો આસ્માને દુનિયાની જેમ રસૂલ ﷺ પર પણ એકી સાથે કુર્આન નાઝિલ કરી આપત, પરંતુ તેણે એવું કેમ ન કર્યું તેની હિકમત તથા ફિલોસોફી વર્ણન કરતાં પોતે ઈર્શાદ ફર્માવે છે :

وَ قَالَ الَّذِيْنَ كَفَرُوْا لَوْ لَا نُزِّلَ عَلَيْهِ الْقُرْاٰنُ جُمْلَةً وَّاحِدَةً ۚ كَذٰلِكَ ۚ لِنُثَبِّتَ بِهٖ فُؤَادَكَ وَ رَتَّلْنٰهُ تَرْتِيْلًا ﴿۳۲﴾

"અને કાફિર બોલ્યા, કુર્આન એમના પર એક સાથે કેમ ન ઉતારી દીધું ? અમે આમ જ થોડુ થોડુ એને ઉતાર્યું છે કે એનાથી તમારુ દિલ મજબૂત કરીએ અને અમે એને થોભી થોભીને પઢયું."

*(સૂરએ ફ઼ુર્ક઼ાન, આ. ૩૨)*

وَ قُرْاٰنًا فَرَقْنٰهُ لِتَقْرَاَهٗ عَلَى النَّاسِ عَلٰى مُكْثٍ وَّ نَزَّلْنٰهُ تَنْزِيْلًا ﴿۱۰۶﴾

"અને કુર્આન અમે જુદુ જુદુ કરીને ઉતાર્યું કે તમે એને લોકો પર થોભી થોભીને પઢો."

*(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૧૦૬)*

ઉપરોક્ત આયતોની રોશનીમાં જાહેર થાય છે કે તૌરાત, ઈન્જીલ અને ઝબૂરની જેમ કુર્આને પાક એક સામટુ નાઝિલ ન કરતાં ૨૩ વરસના લાંબા અરસામાં ધીમે ધીમે નાઝિલ કરવામાં અમુક હિકમતો છે, અને તે આ પ્રમાણે છે :

- ✪ વહી તથા પયગામે ઈલાહીનો ક્રમ લાંબી મુદત સુધી ચાલુ રહેવાથી હુઝૂરે અન્વર ﷺના દિલને તસ્કીન મળતી રહે અને કાફિરોને દરેક પ્રસંગે જવાબ આપવામાં આવતો રહે.
- ✪ કુર્આને પાકના વિષયો તથા હુકમો સરળતાપૂર્વક સાંભળનારાઓના દિમાગમાં બેસતા રહે અને તેના જે પણ અર્થો ભાવાર્થો તથા તફસીરો છે તે જાહેર થઈ શકે.
- ✪ હાલતો તથા સંજોગો અને મસ્લેહતોને લક્ષમાં રાખીને કુર્આનના નુઝૂલના થકી લોકોને ચેતવણી તથા આગાહી થતી રહે અને લોકોની સહીહ તર્બિયત થઈ જાય.

ઉપરોક્ત કારણો ઉપરાંત અમુક અન્ય પણ હિકમતો છે જેના લીધે ૨૩ વરસની મુદતમાં કુર્આનનો નુઝૂલ થયો. દા.ત. જો એક સાથે કુર્આન નાઝિલ થાત તો શરીઅતના સર્વ અહકામ તથા અમલો એક સાથે અમલના માટે સામે આવત જેના પર અમલ કરવો સખત મુશ્કેલ હતું. એક સાથે નાઝિલ થવાની સ્થિતિમાં તેને યાદ કરવું તથા હિફ્ઝ કરવું પણ ઉમ્મતના માટે

Web: www.barkatekhwaja.net

ગંભીર મસ્અલો હતો. અને ધીમે ધીમે કુર્આન નાઝિલ થવાની સ્થિતિમાં કુર્આનની એક એક સૂરત તથા આયતનું મો'જિઝો હોવું પણ સાબિત થઈ ગયું કે કાફિર આટલી લાંબી મુદતમાં પણ એક આયતના જેવી કોઈ આયત ન લાવી શક્યા.

કુર્આને હકીમના આટલી લાંબી મુદતમાં નુઝૂલના સંબંધે અલ્લામા જલાલુદ્દીન અબ્દુર્રહમાન સિયૂતી رحمۃ اللہ علیہ એ પણ વિવિધ મુહદ્દિષો તથા મુફસ્સિરોના હવાલાથી ઘણી બધી હિકમતો વર્ણવી છે. એક જગાએ અબૂ શામાના હવાલાથી લખે છે :–

''બેશક ! વહીનો દરેક બનાવવામાં જ્યારે તાજુ નુઝૂલ થશે તો દિલની અધિક મજબૂતીનો સબબ અને રસૂલુલ્લાહ ﷺની ઝાતે પાકની સાથે ખુદાઈ ઈનાયત અને તેના અધિક આયોજનનો ઝરીયો બનશે. જેના કારણે અનિવાર્યપણે તેમની પાસે ફરિશ્તાનું નુઝૂલ અધિક થશે અને એની સાથે આપનો સંબંધ તાજો થતો રહેશે. એ જ પ્રમાણે આ પયગામે ઈલાહીની સાથે પણ જે બારગાહે ખુદાવંદીથી આવી રહ્યો છે તે કૈફ તથા ખુશી જાહેર થશે જે અવર્ણનીય છે. ત્યારે જ હુઝૂર ﷺની શાને સખાવત અન્ય દિવસો કરતાં અધિક રમઝાનમાં પ્રદર્શિત થાય છે. એટલા માટે કે અલ્લાહના ફરિશ્તા જિબ્રઈલે અમીનથી અધિક મુલાકાત થાય છે. ઈમામ સિયૂતી એક બીજી જગાએ ફર્માવે છે :–

''પરંતુ અલ્લાહ عزوجل تعالیٰ એ આ આખરી કિતાબ અને બીજી આસ્માની કિતાબોનો મામલો અલગ રાખ્યો. તેને બંનેવ અંદાઝ બખ્શયા. એક સામટા નુઝૂલ (પ્રથમ આસ્માને દુનિયા પર) પછી અલગ થલગ નુઝૂલ, જેથી એ જાતનો શરફ જાહેર થાય જેના ઉપર એનો નુઝૂલ થયો.

## કુર્આનની હિફાઝત

કુર્આન મજીદ અલ્લાહનું મુકદ્દસ કલામ અને તેની મહાન સિફત છે જે અબદી (હમેશા હમેશ) તથા ગૈરફાની (અનાશવંત) છે જેની હિફાઝત અલ્લાહ રબ્બુલ ઈઝઝતે પોતાના ઝિમ્મે રાખી છે. એટલા માટે કોઈ અક્ષરનો વધારો કે ઘટાડો કે હેરા ફેરી નથી થઈ શકતી ભલે પછી આખી દુનિયા એના માટે કોશિશમાં લાગી જાય. જેમ કે ઈર્શાદે ખુદાવંદી છે :

اِنَّا نَحۡنُ نَزَّلۡنَا الذِّكۡرَ وَاِنَّا لَهٗ لَحٰـفِظُوۡنَ ۝

''બેશક ! અમે ઉતાર્યું છે આ કુર્આન અને બેશક ! અમે ખુદ તેના રક્ષક છીએ.'' *(સૂરએ હજર, આ. ૯)*

بَلۡ هُوَ قُرۡاٰنٌ مَّجِيۡدٌ ۝ فِىۡ لَوۡحٍ مَّحۡفُوۡظٍ ۝ ''બેશક ! તે બુઝુર્ગીવાળુ કુર્આન છે લોહે મહેફૂઝમાં.''

*(સૂરએ બુરૂજ, આ. ૨૧, ૨૨)*

સહીહ બુખારી શરીફમાં હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નુઝૂલે કુર્આનના સમયે હુઝૂરે અન્વર ﷺ સખત તકલીફ ઉઠાવતા અને આપના હોઠો સતત હરકત કરતા રહેતા હતા. અને હઝરત જિબ્રઈલ વહી લાવતા તો ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળતા અને હઝરત જિબ્રઈલની સાથે પોતે પણ તિલાવત કરતા જતા હતા જેથી કોઈ શબ્દ હિફ્ઝ થવાથી ન રહી જાય. *(બુખારી શરીફ કિતાબુલ વહી, બાબુ કૈફ બદ્ઉલ વહી, હદીષ–૪)*

હુઝૂરે અન્વર ﷺને કુર્આન હિફ્ઝના સંબંધે ચિંતિત જોઈને અલ્લાહ عزوجل تعالیٰ એ વહી નાઝિલ ફર્માવી :

لَا تُحَرِّكۡ بِهٖ لِسَانَكَ لِتَعۡجَلَ بِهٖ ۝ اِنَّ عَلَيۡنَا جَمۡعَهٗ وَ قُرۡاٰنَهٗ ۝ فَاِذَا قَرَاۡنٰهُ فَاتَّبِعۡ قُرۡاٰنَهٗ ۝

''તમે યાદ કરવાની જલ્દીમાં કુર્આનની સાથે

Web : www.barkatekhwaja.net

તમારી ઝબાનને હરકત ન આપો, બેશક ! કુર્આનને મહેફૂઝ કરવું અને પઢવું અમારા જિમ્મે છે તો જ્યારે અમે પઢી ચૂકીએ ત્યારે એ પઢેલાનું અનુસરણ (ઈત્તેબા) કરો.'' *(સૂરએ ક઼િયામહ, આ. ૧૬ થી ૧૮)*

કુર્આન મુક઼દ્દસની ઉપરોક્ત આયતોની રોશનીમાં આપણે સંપૂર્ણ યક઼ીન તથા વિશ્વાસપૂર્વક એ દાવો કરી શકીએ છીએ કે **આજે જે કુર્આન આપણે ત્યાં મૌજૂદ છે તે તદ્દન તે જ છે જે અલ્લાહ રબ્બુલ આલમીને જિબ્રઈલ عليه السلام થકી હુઝૂરે અન્વર ﷺ પર નાઝિલ કર્યું. એમાં કોઈપણ પ્રકારના ફેરફાર કે વધારા ઘટાડાની શંકા સુદ્ધાં નથી.** કેમ કે ખુદાવંદે કુદ્દુસ ઈર્શાદ ફર્માવે છે : وَتَمَّتْ كَلِمَتُ رَبِّكَ صِدْقًا وَّ عَدْلًا ۚ لَا مُبَدِّلَ لِكَلِمٰتِهٖ ''અને સંપૂર્ણ છે તારા રબનું કલામ હક્ક઼ તથા ઈન્સાફમાં, તેના કલામને કોઈ બદલનાર નથી.''

*(સૂરએ અન્આમ, આ. ૧૧૫)*

અલ્લાહ રબ્બુલ આલમીનની તરફથી કુર્આનની હિફાઝતનો વાયદો અને વિશ્વાસ અપાવવા છતાં હુઝૂર ﷺ પોતે પણ કુર્આન હિફ્ઝ કરવાની ઉત્તમ વ્યવસ્થા કરતા હતા.

હદીષ શરીફના પ્રમાણે જ્યારે પણ રમઝાન મુબારકનો મહિનો આવતો તો આપ હઝરત જિબ્રઈલ عليه السلامથી દૌર કરતા અને જે વરસે આપનો વિસાલ થયો તયારે બે વાર દૌર કર્યો. *(સહીહ મુસ્લિમ, ૨/૯૯૪, (ઉર્દૂ) હદીષ નં. ૨૧૦૬)* એના ઉપરાંત આપે આપની ઉમ્મતને પણ કુર્આન શીખવા તથા શીખવાડવાની સખત તાકીદ ફર્માવી.

હઝરત અબૂ મૂસા અશ્અરી رضي الله عنهથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, કુર્આન શરીફની હિફાઝત તથા પાબંદી કરો ! એ જાતની ક઼સમ! જેના દસ્તે કુદરતમાં મારી જાન છે, એ રસ્સીઓમાં બંધાયેલાં ઊંટો કરતાં પણ અધિક છૂટીને નીકળી જનાર છે.'' *(સહીહ બુખારી, ભાગ–૨, બાબુ ઈસ્તિઝકારિલ કુર્આનિ વ તઆહુદિહી, હદીષ–૨૬)* બુખારીની હદીષ અને અન્ય હદીષની કિતાબોની એક અધિક હદીષમાં ઈર્શાદ થયો : خیر کم من تعلم القرآن و علمه ''તમારામાં સૌથી બેહતર તે છે જે કુર્આન કરીમને શીખે તથા શીખવાડે.'' *(સહીહ બુખારી, ભાગ–૨, બાબુ ખૈરુકુમ મન તઅલ્લમલ કુર્આન વ અલ્લમહૂ, હદીષ–૧૯)*

રજૂ કરેલ હદીષો ઉપરાંત અન્ય પણ ખૂબ જ હદીષોમાં કુર્આનના હિફ્ઝતની તથા કુર્આનની ક઼િરાઅતની અગણિત બરકતો તથા ફઝીલતો વર્ણવીને ઉમ્મતને એના પ્રતિ આકર્ષિત કરી. આપની તા'લીમ તથા પ્રોત્સાહન તથા તાકીદનું જ પરિણામ છે કે રિસાલતકાળથી આજ સુધી દરેક યુગમાં કુર્આનના અસંખ્ય હાફિઝો થતા રહ્યા છે અને આજે પરિસ્થિતિ એ છે કે સર્વ નુસ્ખા અદશ્ય થઈ જાય તો કુર્આન પાક એ જ સ્થિતિમાં જેવું છે તેવું પોતાના અસલ કિતાબી સ્વરૂપમાં લખી દેવામાં આવશે અને ક્યાંક કોઈ ફરક ન આવશે.

*(ક્રમશઃ)*


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧


Web.: www.barkatekhwaja.net




હપ્તો : ૦૪

લેખક : હઝરત મૌલાના ઈલ્યાસખાન નૂરી
*(મુ. રતનપુર, તા. માતર, જિ. ખેડા)*
અનુવાદક : ફરજાના સાજિદ પટેલ-દયાદરા

### ★ યોગાસનો અને નમાઝમાં ફરક ★

અમુક ઋષિ, મુનિ, સન્યાસી બાવાઓ અને સાધુ સંતો જેમણે દુનિયાના કામોથી અલગ થઈને પોતાના મઅબૂદની તરફ મૌન ધ્યાન અને જ્ઞાનના માટે જે થોડાક તરીકાઓ બનાવ્યા અને અપનાવ્યા એ તરીકાનું નામ યોગાસન છે. જેને પુખ્ત પુરૂષ જ અમુક વર્ષ સુધી કરી શકે છે. પરંતુ નમાઝ અલ્લાહનો હુકમ અને એના બનાવેલ નક્કી કરેલ તરીકાનું નામ છે જેમાં કોઈ વ્યક્તિની મરજીને રજમાત્ર દખલ નથી.

યોગના કેટલાયે પ્રકારો છે એ યોગાસનોમાં ૮૪ (ચોર્યાસી)થી વધારે આસનોનો ઉલ્લેખ મળે છે જેની વિગત હિંદુ ધર્મના પુસ્તકોમાં મૌજૂદ છે. શરીરના યોગની આ જ કસરતોમાં અમુકના વિશે એ દાવો કરવામાં આવે છે કે તેઓ જુદી જુદી બીમારીઓના માટે ફાયદામંદ છે. પરંતુ વૈજ્ઞાનિકોનું તારણ છે કે દુનિયામાં કોઈ પણ કસરત કે ઈબાદત નમાઝના સિવાય એવી નથી જે શરીરની તંદુરસ્તી અને રૂહની તરક્કીના માટે લાભદાયક હોય અને જેને દરેક ઉંમરનો માણસ દરેક ઋતુમાં દરેક દિવસે કોઈ પણ અડચણ વિના પાબંદીની સાથે અંજામ આપી શકે. દા. ત. દોડ લગાડવી વરસાદમાં નથી થઈ શકતું, તરવું શિયાળામાં તકલીફ આપવાવાળુ બની જાય છે, દંડ બેઠક દરેક ઉંમરના આદમીના વશની વાત નથી, ઘણી બધી કસરતો ગર્ભવતી સ્ત્રીઓ નથી કરી શકતી. અમુક ઈબાદતો અને કસરતોના માટે ખાસ જગાઓ જરૂરી હોય છે, પરંતુ નમાઝ દુનિયાની કોઈ પણ જગા, કોઈ પણ ઋતુમાં સહેલાઈની સાથે અદા કરી શકાય છે. નમાઝથી પહેલાં પાકી અને વુઝૂ જરૂરી છે. ફજરના વખતે આ નમાઝ માણસને ધીરે ધીરે હોશ કોશમાં લાવવા માટે સહાયક બને છે. ઝોહરના વખતે આ ગરમીની અસરોને મંદ બનાવે છે. અસરની વખતે દિવસભરના થાકને દૂર કરે છે. મગરિબના વખતે રાતની ઠંડકને સહન કરવા માટે વ્યક્તિને તૈયાર કરે છે. ઈશાના સમયે પાક કરીને પથારી પર પહોંચાડી દે છે જેથી પત્ની, બાળકોને કોઈ પણ જંતુઓની ખરાબ અસર ન થવા પામે. શું બીજા ધર્મો અને તેમની ઈબાદતની રીતો પોતાની અંદર આ પ્રકારનો કોઈ નિયમ ધરાવે છે ? કદી પણ નહીં ! હરગિઝ નહીં.

### ★ માનસિક બીમારીનો ઈલાજ ★

ચૌદસો વર્ષની લાંબી મુદત પસાર થયા પછી ધીમે ધીમે ઈસ્લામની સચ્ચાઈનો અને તેની જણાવેલ એક એક ચીજની દુનિયાના સંશોધન સ્થળોમાં તેહકીક કરવામાં આવી રહી છે.

એકવાર આંતરરાષ્ટ્રીય સાયકોલોજીના નિષ્ણાતોની કોન્ફરન્સ અમેરિકામાં યોજાઈ જેમાં યુરોપિયન અને અમેરિકન વૈજ્ઞાનિકો ડોકટરો ભેગા થયા. એ કોન્ફરન્સમાં ખાસ કરીને એ વાત પર જ ડોકટરો અને વૈજ્ઞાનિકો એક મત થયા કે માનસિક બીમારીઓના ઈલાજના માટે નમાઝથી શ્રેષ્ઠ બીજી કોઈ રીત કે ઈલાજ નથી. *(સાઈન્સી દુનિયા)*

### ★ નમાઝ અને શરીરની તંદુરસ્તી ★

નમાઝ પઢવાથી જેવી રીતે એક બાજુ ખુદાની (મા'રેફત) ઓળખ અને ખુશનુદી નસીબ થાય છે તેવી જ રીતે બીજી બાજુ નમાઝ શરીરની

Web : www.barkatekhwaja.net

તંદુરસ્તીના માટે ઘણી જ લાભદાયક છે.

આવો ! મેડિકલ સાયન્સની રોશનીમાં નમાઝના ફાયદાઓ જુઓ કે નમાઝ પઢવાથી આ દુનિયામાં કેટલાં ઈનામો મળે છે :

મેડિકલ સાયન્સની શોધ છે કે નમાઝમાં જે ઊભા રહેવું (કયામ) નમવું (રૂકૂઅ) અને સજદો કરવામાં આવે છે એ એવી કસરત છે જેની અસર માત્ર જાહેરી અંગો પર જ નથી પરંતુ આંતિરક અંગો પર પણ થાય છે, જેમ કે દિલ, કિડની, જિગર, ફેફસાં, દિમાગ, આંતરડાં, કરોડરજ્જુનું હાડકુ, ગરદન, છાતી અને આ પ્રકારનાં તમામ આંતિરક અંગોની ખૂબ જ પ્રમાણમાં પરવરિશ થાય છે.

સામાન્યતઃ માણસ રાતે સૂઈ જાય છે જેના કારણે એના તમામ અંગો સુસ્ત થઈ જાય છે અને શરીરમાં લોહીનું દોડવું પણ સુસ્ત થઈ જાય છે. હવે આ શરીરને એવી કસરતની જરૂર છે જેનાથી લોહી ફરીથી આખા શરીરમાં ચોક્કસ રીતે પહોંચી શકે અને શરીર નવેસરથી સ્વસ્થ અને તંદુરસ્ત થઈ જાય. તો એના માટે તહજ્જુદ અને ફજરની નમાઝની થોડીવાર પછી જ ઈશ્રાક અને ચાશતની નમાઝો. પછી જ્યારે બપોર સુધી માણસ કામકાજ કરતાં કરતાં પરેશાન થઈ જાય છે તો ફરી ઝોહરની નમાઝ ત્યાં સુધી કે સૂતી વખતે ઈશાની નમાઝ પઢવાની હોય છે, કેમ કે માણસ ખાવા ખાય છે એટલા માટે ઈશાની નમાઝની રકાતો વધારે છે જેથી ખાધેલ પીધેલ હજમ થઈ જાય અને તંદુરસ્તીના માટે પરેશાનીનું કારણ ન બને.

## ★ એક યુરોપિયન ડોકટરની સલાહ ★

એક વ્યક્તિ પોતાની યુરોપની સફરપોથીમાં લખે છે કે, હું ત્યાં નમાઝ પઢી રહ્યો હતો અને થોડીવારમાં જ એક અંગ્રેજ મને ઊભો રહીને જોતો રહ્યો. જ્યારે મેં નમાઝ પૂરી કરી લીધી તો મારી નજીક આવ્યો અને કહેવા લાગ્યો કે કસરતની આ રીત તમે મારા પુસ્તકમાંથી શીખ્યા છો ! કેમ કે, મેં પણ પુસ્તકમાં આ રીતથી કસરતની રીત જણાવી છે. જે માણસ આ રીતે કસરત કરશે તે કદી પણ ટી.બી. અને અન્ય ગંભીર બીમારીમાં સપડાશે નહીં. મેં પૂછયું, એવું શાથી કહો છો ? તો એણે જણાવ્યું કે માણસ જો ઊભો થઈને તરત જ સજદાની સ્થિતિમાં ચાલ્યો જાય તો એનાથી રગો અને દિલ પર બુરી અસર થાય છે. એટલા માટે મેં મારા પુસ્તકમાં ખાસ કરીને આ વાત લખી છે કે પહેલાં ઊભા થઈને કસરત કરવામાં આવે જેમાં હાથ બાંધેલ હોય (કયામ) પછી હાથ અને કમરની કસરત કરવામાં આવે (રૂકૂઅ) અને પછી માથાને જમીન પર ટેકવીને કસરત કરવામાં આવે (સજદો). આ કસરત માત્ર નિષ્ણાતો જ કરી શકે છે. જ્યારે એ ડોકટરે મને આ વાત કહી તો મેં કહ્યું કે હું મુસલમાન છું અને મારા ઈસ્લામે મને આવું કરવાનો દિવસમાં પાંચવાર હુકમ આપ્યો છે, મેં તમારું પુસ્તક નથી વાંચ્યું. મારી વાત સાંભળીને તે અંગ્રેજ ડોકટર દંગ રહી ગયો અને કહેવા લાગ્યો કે જો એવું જ છે તો નમાઝ તંદુરસ્તીના માટે એક સરળ નુસ્ખો છે. હું તમને સલાહ આપું છું કે એને કયારે પણ છોડશો નહીં !!

## ★ ઓસ્ટ્રેલિયન ડોકટર અને નમાઝ ★

એક ભાઈને દિલનો દોરો પડયો હતો. તે ઈલાજના માટે ઓસ્ટ્રેલિયા ગયા તો ત્યાંના હાર્ટના એક મશહૂર ડોકટર અલબર્ટે તબીબી તપાસ પછી દવાઓ અને કસરત એમના માટે નક્કી કરી અને એવું કહ્યું કે, આપ મારી સારવાર હેઠળ અહીં રહી આઠ દિવસ સુધી એકધારી કસરત કરો. હવે એ ભાઈ કસરત બિલકુલ સહી તરીકાથી કરવા લાગ્યા તો ડોકટર એમની કસરત જોઈને કહેવા લાગ્યા કે આપ મારી ડિસપેન્સરીના ઈતિહાસમાં પહેલા દર્દી છો કે આટલા જલદી મારી કસરત શીખીને સારી રીતે કરવાની શરૂ કરી દીધી. જ્યારે અહીંયા આવનારા દર્દી આઠ દિવસ સુધી આ રીત શીખે છે તો પણ સાચી

કસરત નથી કરી શકતા, જ્યારે કે આપને બતાવ્યું કે તરત જ સાચી કસરત કરવા લાગ્યા. આ સાંભળી દર્દીએ કહ્યું કે, હું મુસલમાન છું અને આ કસરતની રીત નમાઝની જેમ છે, એટલા માટે મને એ સમજવામાં અને કરવામાં પરેશાની નથી થઈ. આ સાંભળીને ડોકટરે બીજા જ દિવસે એ દર્દીને મોકલી દીધો અને ખાસ કહ્યું કે, હવેથી આપ નમાઝ પાબંદીની સાથે પઢો ! મારી લખેલ દવાઓ ખાતા રહેશો અને આ કસરત (નમાઝ) ભૂલશો નહીં. કેમ કે મારી દવાથી પણ વધારે ફાયદો આપને એનાથી મળશે. થોડાક દિવસો પછી ડોકટરની પાસે પત્ર આવ્યો કે હું પાબંદીની સાથે નમાઝ પઢી રહ્યો છું અને હવે હું બિલકુલ સારો થઈ ગયો છું.

### ★ નમાઝ અને ફિઝીયોથેરાપી ★

વર્તમાન યુગનો માનવી ઘણો જ વ્યસ્ત છે. કસરતના માટે અલગ સમય કાઢવો એના માટે મુશ્કેલ છે. નમાઝમાં ઈબાદતની સાથે સાથે કસરત પણ થઈ જાય છે. અલગ સમય કાઢવાની જરૂરત નથી પડતી.

જર્મન ડોકટર કર્ખની રિસર્ચ પ્રમાણે સામાન્ય કસરત શરીરના માત્ર થોડાક ભાગોને સશકત બનાવે છે, જેમ કે કોણીઓ અને ખભા વગેરે. પણ નમાઝમાં જે શરીરનું હલનચલન રાખવામાં આવેલ છે તે એટલા પ્રમાણમાં સંપૂર્ણ છે કે એનાથી તમામ અંગો અને પીઠ મજબૂત થાય છે અને માથાથી પગ સુધી દરેક અંગોની સંપૂર્ણ કસરત થાય છે. જેથી સામાન્ય ચાલતી કસરત માત્ર શરીરના અમુક અંગો વડે અદા કરવામાં આવે છે, પણ નમાઝ આખા વજૂદથી અદા કરવામાં આવે છે. બીજી ખાસ વાત એ કે નમાઝમાં બંદો સંપૂર્ણ રીતે અલ્લાહની તરફ ધ્યાનિત થાય છે, વારંવાર એની પાકી અને મોટાઈ બયાન કરે છે અને એ જાતથી ફૈઝ (લાભ) મેળવે છે જે તમામ તાકતો અને શકિતઓની કેન્દ્ર છે.

નમાઝને કસરતની સામાન્યઃ ચાલતી રીતો પર વિશિષ્ટતા પ્રાપ્ય છે એની અસલ એ છે કે નમાઝની રીત અલ્લાહની નક્કી કરેલ છે, જ્યારે કે બીજી કસરતોની રીતો માણસોના દિમાગથી ઉપજ છે. આ જ કારણ છે કે નમાઝમાં જે કસરત શરીરને થાય છે તે દરેક રીતે ફિતરી, સહેલી, સંપૂર્ણ અને નુકસાનરહિત છે જ્યારે કે સામાન્ય કસરત ગૈર ફિતરી (અપ્રાકૃતિક), અપૂર્ણ અને નુકસાનકારક છે.

આ વાત બધા જાણે છે કે તંદુરસ્તીના માટે કસરત ખાસ જરૂરી છે. નમાઝમાં તમામ અંગોની સંપૂર્ણ કસરત થાય છે. આ કસરતથી માણસ પહેલવાન નથી બનતો અને નમાઝનો મતલબ પણ માણસને પહેલવાન બનાવવો નથી પરંતુ તંદુરસ્તી, રઝાએ ઈલાહી અને બેહતરીન ફર્માબરદાર માણસ બનાવવાનો મતલબ છે.

### ★ ફિઝીયોથેરાપિસ્ટની અક્કલ દંગ ★

એક મુસ્લિમ ડોકટર પાકિસ્તાનથી યુરોપમાં ફિઝીયોથેરાપીમાં ઊંચી ડીગ્રીના માટે ગયા. જ્યારે એમને ત્યાં બિલકુલ નમાઝની જેમ કસરત વંચાવી અને સમજાવવામાં આવી તો તે આ કસરત જોઈ દંગ રહી ગયા કે અમે તો આજ સુધી નમાઝને એક દીની ફર્ઝ સમજી અને પઢી લીધી, પરંતુ અહીંયા તો આશ્ચર્યજનક ભેદ જાહેર થઈ રહ્યો છે કે આ રીતે કસરતની સાથે મોટી મોટી બીમારીઓ દૂર થઈ જાય છે ! ડોકટર સાહેબે એની લીસ્ટ આપી કે જે બીમારીઓ આ કસરતથી સારી થઈ શકે છે : જેમ કે મગજની બીમારીઓ, મનોવૈજ્ઞાનિક બીમારીઓ, બેચેની, ડિપ્રેશન, દિલની બીમારીઓ, સાંધાઓની બીમારીઓ, આંતરડાં તથા અલ્સરની શિકાયતો, શુગરની બીમારીઓ, આંખો અને ગળાની બીમારીઓ.

### ★ શરીર, દિલ અને દિમાગ પર નમાઝની અસરો ★

તમે અનુભવશો કે જો આખો દિવસ ઓફિસ

Web.:www.barkatekhwaja.net

અને ધંધાની વ્યસ્તતામાં ડૂબીને અકળાઈ ગયા છે. તો ઝહોરની નમાઝની સુન્નતો પઢીને જમાઅતમાં શરીક થઈ જાવ અને સંપૂર્ણ નમાઝ અદા કરી લો એના પછી શરીર, દિલ અને દિમાગની ભૂતકાળની તથા હાલની હાલતનો અંદાજો લગાડો તો ઈન્શાઅલ્લાહ ! તમે પોતાની જાતને સંતુષ્ઠ અને તરો તાજા અનુભવશો. મારો પોતાનો જાતી અનુભવ છે કે જ્યારે હું શારીરિક અને માનસિક રીતે થાકીને જ્યારે કદી ઘરે આવું છું તો સૌથી પહેલાં વુઝૂ કરીને નમાઝ પઢું છું જેનાથી શરીરમાં તાજગી, દિલ તથા દિમાગમાં ખુશી અનુભવુ છું. આ નમાઝની બરકતો છે ! કુર્આન ફર્માવે છે, અલ્લાહની યાદ અને ઝિક્રથી દિલોને શાંતિ અને ચૈન મળે છે. જો તમારે દિલોનું ચૈન જોઈએ છે તો નમાઝોની પાબંદી કરો ! ઈન્શાઅલ્લાહ ! તમામ દુઃખોથી છૂટકારો મળશે.

## ★ ડોક્ટર બર્થમ જોઝફનો અનુભવ ★

મશહૂર અમેરિકન ડોક્ટર બર્થમનો અનુભવ છે કે નમાઝ એક સંપૂર્ણ અને બેહતરીન કસરત છે જેમાં ઊણપનો સવાલ જ ઉદ્‌ભવતો નથી. કદાચ એ કસરતને ક્રમ આપવાવાળાએ આધુનિક મશીની સમયને સમજીને એને (નમાઝને) ક્રમ આપ્યો હશે.

નમાઝમાં હાથોને ઉઠાવવા પછી બાંધવા અને નજરોને સ્થિર કરવી પછી હાથ છોડવા નમવું અને પછી માથાને નમાવીને દિમાગને વધારે લોહી આપવાનો મોકો આપવો. થોડી થોડી વાર ગુથણો વાળીને બેસવું આ બધુ તંદુરસ્તીના માટે એક ખાસ નુસ્ખો અને કસરતની રીત છે.

## ★ નમાઝ અને દીવાનસંગ મફતૂન ★

દીવાન સંગ મફતૂન 'રિયાસત' માસિકના તંત્રી એક મશહૂર રાઈટર થઈ ગયા છે. તેઓ તેમના પુસ્તકમાં લખે છે કે નમાઝ સમયની નિયમિતતા શીખવે છે, જેને શિસ્ત શીખવી હોય તે નમાઝથી શીખે અને નમાઝ પર વિચાર કરે જેમાં ગુલામ અને આકાનો ફરક દૂર થઈ જાય છે.

*એક હી સફમેં ખળે હો ગએ મહમૂદો અયાઝ*
*ન કોઈ બંદા રહા ઔર ન કોઈ બંદા નવાઝ*
*બંદાઓ સાહિબો મોહતાજો ગની એક હૂએ*
*તેરી સરકારમેં પહોંચે તો સભી એક હૂએ*

## ★ જગા અને શરીરનું પાક હોવું ★

ઈસ્લામ ફિતરી મઝહબ છે એટલા માટે એનો દરેક હુકમ ઈન્સાનની નસલ માટે ફાયદાકારક છે. ઈસ્લામની શરીઅતમાં નમાઝના માટે જગાનું પાક હોવું પહેલી શરત છે. જે જગાએ નમાઝ પઢવામાં આવી રહી હોય એ જગા જો નાપાક હોય અને નમાઝીનું શરીર પણ ગંદુ અને નાપાક હોય તો પેથોલોજીના પ્રમાણે ત્યાં નાનાં બીમારીનાં જંતુઓ હશે કેમ કે છાણ અને ગંદી જગા પર ટાઈફોઈડનાં જંતુઓ હોય જ છે. આ સંશોધન મેડિકલ સાયન્સે આજે કરી છે પરંતુ ઈસ્લામે ચૌદસો વર્ષ પહેલાં એની જાણ કરી દીધી હતી. બિલકુલ એ જ હાલત શરીરને નાપાક હોવાની છે, નમાઝીનું શરીર અને કપડાં જો સાફ ન થયાં અને એના શરીર પર અસંખ્ય જંતુઓ લાગેલ હશે તો આજ નમાઝી બીજા નમાઝીઓમાં બીમારીને ફેલાવવાનું કારણ બની જશે જેના કારણથી લોકો એનાથી નફરત કરશે અને એની નજીક આવશે નહીં. પછી જો નાપાક અને ગંદુ શરીર લઈને નમાઝી જે જગા પર બેસશે તો ત્યાં પણ આ જંતુઓ ફેલાઈ જવાનું કારણ બની જશે. એટલા માટે ઈસ્લામમાં જગા, શરીર અને કપડાનું પાક હોવું નમાઝના માટે પ્રથમ શરત ગણવામાં આવી છે. મશહૂર સર્જન બલ્કે સર્જરીના લીડર ડોક્ટર રોબર્ટ સ્મિથનું કહેવું છે કે, Sterilization (જીવાણુનાશન) અમે ઈસ્લામથી શીખ્યો છે. *(ક્રમશઃ)*

Web. : www.barkatekhwaja.net

# મુસલમાનોની
## બુઝદિલીના સબબો

**હપ્તો : ૦૯**

અઝ : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

### ★ મો'મિનને મૃત્યુ વખતે કરામતથી નવાઝવામાં આવે છે ★

જે સફરની શરૂઆત ઈજ્જત તથા સન્માનની સાથે થાય અને જે સફર મહેબૂબથી મુલાકાતનો ઝરીયો હોય, યકીનન ! એ સફરથી કોઈ માણસ ગભરાતો નથી. મો'મિનના માટે મૌત એવો જ સફર છે.

હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, મુસલમાન બંદાનો જ્યારે આ દુનિયાથી રુખસદ થવાનો અને આખેરતની તરફ ધ્યાનિત થવાનો સમય થાય છે તો આસ્માનથી સ્વચ્છ ચહેરાવાળા ફરિશ્તા ઉતરે છે, જાણે કે તેમના ચહેરા સૂરજની જેમ છે. તેઓ જન્નતી લિબાસ તથા જન્નતી ખુશ્બુ લઈને એક ક્ષણના માટે તેની પાસે બેસે છે. પછી મલકુલ મૌત આવે છે અને તેના સિરહાને બેસીને કહે છે :

اَيَّتُهَا النَّفْسُ الْمُطْمَئِنَّةُ اخْرُجِىْ اِلٰى مَغْفِرَةٍ مِّنَ اللّٰهِ وَرِضْوَانٍ۔

"હે સંતુષ્ઠ નફ્સ ! અલ્લાહની મગફેરત તથા રઝામંદીની તરફ નીકળ!" પછી તેની રૂહ એ રીતે નીકળે છે જેવી રીતે પાણીના વાસણથી પાણીનાં ટીપાં નીકળે છે.

જ્યારે રૂહ કાઢી લે છે તો તેને જન્નતી લિબાસ અને ખુશ્બુમાં રાખી લે છે અને તેને લઈને નીકળે છે તો એવું લાગે છે જેમ કે મુશ્કની ખુશ્બુથી પૃથ્વીનું પટ મહેકી રહ્યું છે. પછી તેને આસ્માન પર લઈ જાય છે અને ફરિશ્તાઓની જમાઅતો પાસેથી પસાર થાય છે તો દરેક જમાઅત પૂછે છે કે આ કોની પવિત્ર રૂહ છે ? તેઓ કહે છે, આ રૂહ ફલાણાના પુત્ર ફલાણાની છે. તેનું નામ ખૂબ જ બેહતરીન તરીકાથી લે છે જે નામથી તેને દુનિયામાં પુકારવામાં આવતો હતો, ત્યાં સુધી કે સાતમા આસ્માન સુધી પહોંચી જાય છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે : એના આમાલનામાને ઈલ્લીયીનમાં લખો અને તેની રૂહ તેના શરીરમાં રાખી દો. ફરી બે ફરિશ્તા આવે છે, તેને બેસાડે છે અને તેને કબ્રમાં સવાલ કરે છે. તે સવાલોના સાચા જવાબો આપશે. પછી તેઓ પૂછશે, તમને કેવી રીતે જાણ થઈ ? તે કહેશે, મેં કુર્આને પાક પઢયું, તેના પર ઈમાન લાવ્યો, તેનું સમર્થન કર્યું. તે વખતે આસ્માનથી પોકાર કરનાર કહેશે, મારા બંદાએ સાચુ કહ્યું, તેની નીચે જન્નતી ફર્શ બિછાવી દો, તેને જન્નતી લિબાસ પહેરાવો અને એક બારી જન્નતની તરફ ખોલી દો જેથી જન્નતની હવાઓ તથા ખુશ્બુઓ તેને આવે અને નજરોની હદ સુધી તેની કબરને વિશાળ કરી દો.

Web : www.barkatekhwaja.net

પછી એક શખ્સ ઉમદા લિબાસ પહેરીને આવશે જેનાથી ખુશ્બુની લહેરો આવી રહી હશે. તે કહેશે, મુબારક થજો ! આજે તે દિવસ છે જે દિવસની તને ખુશખબરી અને વાયદો આપવામાં આવ્યો હતો. બંદો કહેશે, તું કોણ છે જે આ ખુશખબરી લઈને આવ્યો છે ? તે કહેશે, હું તારા નેક અમલો છું. પછી બંદો કહેશે, હે ખુદા ! કયામત કાઈમ કર ! હે રબ ! કયામત કાયમ કર ! જેથી હું મારા બીવી બચ્ચાં અને છેવટના અંજામને જોઈ લઉં."

*(મુસ્નદે અહમદ, ૩/૪૯૯)*

જાહેર છે કે જ્યારે દુનિયાથી રુખસતી આ શાન તથા કરામતની સાથે થાય તો કોણ હશે જે મૌતથી ભાગશે ?! જ્યારે કે આ વાત પણ સ્પષ્ટ શબ્દોમાં કુર્આન એલાન કરે છે :

قُلْ اِنَّ الْمَوْتَ الَّذِیْ تَفِرُّوْنَ مِنْهُ فَاِنَّهٗ مُلٰقِیْكُمْ ثُمَّ تُرَدُّوْنَ اِلٰى عٰلِمِ الْغَیْبِ وَ الشَّهَادَةِ فَیُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ۠ ﴿۸﴾

"તમે ફર્માવો ! તે મૌત જેનાથી તમે ભાગો છો તે તો જરૂર તમને મળવાની છે, પછી તેની તરફ ફેરવવામાં આવશો જે છુપુ તથા જાહેર સર્વ કાંઈ જાણે છે, પછી તે તમને બતાવી દેશે જે કાંઈ તમે કર્યું હતું." *(સૂરએ જુમ્અહ્, આ. ૮)*

જાહેર છે કે જ્યારે મૌતથી છૂટકારો નથી અને એ પણ સચ્ચાઈ છે કે મૌત જો ઈમાનના તકાઝાઓ પર થાય તો તે ફઝ્લો કરામતની પ્રાપ્તિનો ઝરીયો છે, જેથી આપણે મૌતથી નફરત કરવાને બદલે બેહતર મૌત પામવાના માટે ઉમદા અમલો વડે પોતાની જિંદગીને સજજ કરવાની કોશિશ કરવી જોઈએ.

### ★ મો'મિનની રૂહ ક્યાં રહે છે ? ★

મુસલમાનના માટે એ પણ કરામતની વાત છે કે અલ્લાહ તબારક વ તઆલા તેની રૂહ ક઼બ્ઝ કર્યા બાદ તેને પક્ષીના રૂપમાં જન્નતમાં ઝાડ સાથે લટકાવી દે છે. પછી જ્યારે ક઼યામતના દિવસે તેને બીજીવાર જીવંત કરવામાં આવશે તો તેની રૂહ તેના શરીરમાં પલટાવી દેવામાં આવશે.

હઝરત કઅબ અન્સારી رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّمَا نَسَمَةُ الْمُؤْمِنِ طَائِرٌ يَّعْلُقُ فِي شَجَرِ الْجَنَّةِ، حَتّٰى يَرْجِعَ اِلٰى جَسَدِهٖ يَوْمَ يُبْعَثُ۔

"બેશક ! મોમિનની રૂહ એક પક્ષીની જેમ જન્નતના ઝાડ સાથે લટકેલી રહે છે, ત્યાં સુધી કે ક઼યામતના દિવસે જ્યારે લોકોને ક઼બ્રોએથી ઉઠાવવામાં આવશે ત્યારે તે રૂહ ફૂટી તેના શરીરમાં પરત કરવામાં આવશે."

*(સુનને ઈબ્ને માજહ, ૨/૧૪૨૮)*

આ ઈનામ ઈકરામ એના માટે છે જે ઈમાન પર ક઼ાયમ રહીને તેના તકાઝાઓને પૂરા કરશે. જેથી આખેરતની જિંદગીને બેહતર બનાવવા માટે આપણે એ વાતની ફિકર કરવી જોઈએ કે દુનિયામાં રહીને આખેરતની તૈયારીમાં આપણે વ્યસ્ત રહીએ જેથી જ્યારે પણ દુનિયાથી વિદાયનો સમય આવી જાય તો દુનિયાથી ઈજ્જત તથા ઈકરામની સાથે આપણી વિદાય થાય.

### ★ હદીષોમાં મૌતની ફઝીલત ★

મુબારક હદીષોમાં મૌતના ઘણા જ ફઝાઈલ રિવાયત પામેલા છે. સંક્ષિપ્તમાં અમુક મુબારક હદીષો અત્રે રજૂ કરવામાં આવે છે :–

- ❑ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, "મૌત મો'મિનનો તોહફો છે."
- ❑ હઝરત હુસૈન ઈબ્ને અલી رضی اللہ عنہماથી મરવી



Web.:-www.barkatekhwaja.net

છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "મૌત મો'મિનના માટે ખુશ્બુ છે."

- હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : "મૌત મો'મિનના માટે ગનીમત છે."
- હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "મૌત મો'મિનના માટે કફ્ફારો છે."
- હઝરત રબીઅ ઈબ્ને ખૈષમ رضی اللہ عنہથી મરવી છે. ફર્માવે છે : "સૌથી બેહતર આવનાર જેનો કોઈ મો'મિન ઈંતેઝાર કરે એ મૌત છે."
- હઝરત માલિક ઈબ્ને મગૂલથી મરવી છે. ફર્માવે છે મને ખબર પહોંચી કે મો'મિનને સૌથી વધીને ખુશી મૌતની હોય છે, કેમ કે તે મૌતના થકી અલ્લાહની તરફથી મળનારી કરામત તથા સવાબનો મુશાહેદો કરે છે.
- હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે. ફર્માવે છે : "અલ્લાહની મુલાકાતથી વધીને મો'મિનના માટે કોઈ રાહત નથી."
- હઝરત અબૂ માલિક અશ્અરી رضی اللہ عنہથી મરવી છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "હે અલ્લાહ ! જે શખ્સ એ જાણે છે કે હું તારો રસૂલ છું તેની નજીક મૌતને મહેબૂબ કરી દે."
- હઝરત અબૂ દરદા رضی اللہ عنہ કહે છે : ભાઈઓની તરફથી જે તોહફા આવે છે એમાં સૌથી બેહતર તોહફો સલામ છે અને સૌથી બેહતર ખબર મૌત છે.
- હઝરત મુહમ્મદ ઈબ્ને અબ્દુલ અઝીઝ તયમીથી મરવી છે, તે કહે છે કે અબ્દુલ અલા તયમીને કહેવામાં આવ્યું, તમે તમારા માટે અને તમારાં પસંદીદા ઘરવાળાંઓ માટે શું પસંદ કરો છો ? તેમણે કહ્યું, મૌત પસંદ કરું છું.
- હઝરત હબ્બાન ઈબ્ને અસ્વદથી મરવી છે, તે કહે છે : મૌત બેહતર છે કે તે હબીબને હબીબથી મિલાવી દે છે.
- હઝરત મસ્રૂક ફર્માવે છે, મો'મિનના માટે કબ્રથી બેહતર કોઈ જગા નથી. જે કબ્રમાં ગયો તે દુનિયાના ગમોથી અને અલ્લાહના અઝાબથી અમાન પામી ગયો.
- હઝરત સુફયાન ષૌરી رضی اللہ عنہથી મરવી છે. આપ ફર્માવે છે ! મૌતને આબિદોના માટે રાહત કહેવામાં આવતુ હતું. *(બુશ્રલ કઈબ)*

### ★ પરત થવાનુ પસંદ નહીં કરે ★

દુનિયાની નેઅમતોની સરખામણીમાં આખેરતની નેઅમતોનો મકામ ખૂબ જ ઊંચો છે એની તરફ નિર્દેશ કરતાં આ હદીષે પાકમાં રહનુમાઈ કરવામાં આવી છે :

હઝરત ઓબાદા બિન સામિત رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَا فِي الْأَرْضِ مِنْ نَفْسٍ تَمُوتُ وَلَهَا عِنْدَ اللهِ خَيْرٌ تُحِبُّ أَنْ تَرْجِعَ إِلَيْكُمْ وَأَنَّ لَهَا الدُّنْيَا۔

"જમીનમાં કોઈ જાન એવી નથી જેનો ઈન્તેકાલ થઈ જાય અને અલ્લાહની નજીક તેના માટે ભલાઈ હોય, તેમ છતાં તે તમારી તરફ પરત થવા ચાહે, ભલે ને તેના માટે પૂરી દુનિયા હોય."

*(અલ્મોઅજમુલ અવસત, ૧/૧૨૫)*

એનાથી અંદાઝો કરો કે આખેરતની નેઅમતો કેટલા પ્રમાણમાં મહાન છે કે એક શખ્સ જેના

web.www.barkatekhwaja.net

માલિકીપણામાં આખી દુનિયા હોય, પછી મૃત્યુ બાદ તેને આખેરતની નેઅમત અતા થઈ જાય તો દુનિયામાં પરત થવાનું પસંદ નહીં કરે. એટલા માટે મુસલમાન કદી મૌતથી નફરત નથી કરતો, બલ્કે તેનાથી મહોબ્બત કરે છે કે દુનિયાની ટેમ્પરરી નેઅમતોને છોડીને ગયા બાદ મૌત આખેરતની હમેશાંની નેઅમતોની પ્રાપ્તિનો ઝરીયો બનશે.

**★ મલકુલ મૌતની નરમી ★**

મૌમિને મૌતથી એટલા માટે પણ ભયભીત ન થવું જોઈએ કે મલકુલ મૌત દરેક મો'મિનની સાથે નરમીનો વર્તાવ કરે છે જેના કારણે મો'મિનની રૂહ કબ્ઝ થવામાં આસાની પેદા થાય છે. અલ્લાહ પોતાના ફઝ્લથી મો'મિનોને મૌતની સખ્તીઓથી નજાત અતા ફર્માવે છે.

હઝરત ખઝરજી رضی اللہ عنہથી રિવાયત છે. તે કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ એક શખ્સના સિરહાને મલકુલ મૌતને જોયા તો ફર્માવ્યું, હે મલકુલ મૌત ! મારા આ સાથી સાથે નરમી કરો, કેમ કે એ મો'મિન છે. હઝરત મલકુલ મૌતે અર્ઝ કરી, આપ નચિંત રહો અને તમારી આંખોને ઠંડક પહોંચાડો. જાણી લો કે હું દરેક મો'મિનની સાથે નરમી વર્તનારો છું. *(બુશ્રલ કઈબ, પેજ–૨૨)*

જયારે આ વાત તેહકીક પામેલી છે કે મો'મિનની મૌત આસાની તથા નરમીની સાથે થશે તો પછી મૌતનો ડર અને તેનાથી નફરત શાથી થશે ? અલ્બત્ત એ શર્ત છે કે **આપણે પોતે પોતાને કામિલ મો'મિન બનાવીએ, પોતાના ઈમાનને મજબૂત કરીએ અને મો'મિનની ખૂબીઓનું પોતે પોતાને સંગમ બનાવીએ.** જો આપણે ઈમાન પર અડગ છીએ તો પછી આપણે કોઈ ચીજની ડરવાની જરૂરત નથી.

સારાંશ એ કે આજે "વહન" નામના દુશ્મનથી જો આપણે સામનો કરવો છે અને આપણા દિલમાં અમલનો જઝબો પેદા કરીને પોતે પોતાને કામયાબી તથા સફળતાના માર્ગ પર ચલાવવું છે તો તેના માટે આપણે બે ચીજોથી પરહેઝ કરવી પડશે : (૧) આપણા દિલમાં દુનિયાની મહોબ્બત કદાપિ પેદા થવી ન જોઈએ. (૨) આપણા દિલથી મૌત તથા મૌત બાદની તૈયારીની ફિકર કદી નીકળવી ન જોઈએ. જ્યાં સુધી પોતે પોતાને આપણી કૌમ આ બે ખૂબીઓ (ગુણો) ધરાવનારી નથી બનાવી લેતી ત્યાં સુધી સંખ્યાની અધિકતા છતાં દુનિયામાં તેમનો કોઈ પ્રભાવ ન હશે અને આ જ પ્રમાણે બાતિલ કૌમો આપણને નેસ્તો નાબૂદ કરવાની સાઝિશો કરતી રહેશે.

અલ્લાહ તઆલા આપણા દિલોએથી "વહન" દૂર કરીને અમલનો જઝબો અતા ફર્માવે અને આપણા દુશ્મનોને આપણા મુકાબલામાં સરન્ડર કરે. آمین بجاہ سید المرسلین ﷺ *(સંપૂર્ણ)*

Web.: www.barkatekhwaja.net


**સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર**

**૧. સુન્ની યુવતી** : ઉંમર : ૨૫ વરસ, B.Sc. M.Sc. તાંદલજા, વડોદરા, દીનદાર, હાલ ઘર કામ માટે સારી જોબ અથવા સારો બિઝનેસ ધરાવનાર દીનદાર સુન્ની યુવક જોઈએ. Mob. : 9924259417 (વડોદરા તરફ)

**નોંધ :** વધુ માટે **'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ
# પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દષ્ટ્રિએ

## ★ અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ અને કુર્આને હકીમ ★

**(૧)** "અને સૌથી મહાન પરહેઝગાર એના (જહન્નમની આગ)થી ઘણો જ દૂર રાખવામાં આવશે, જે પોતાનો માલ ખર્ચ કરે છે જેથી પાકીઝા થાય. અને એના પર કોઈનું કાંઈ એહસાન નથી જેનો બદલો આપવામાં આવે, કેવળ પોતાના રબની રઝા ચાહવું છે જે સૌથી બુલંદ છે. અને બેશક ! તે નજીકમાં જ રાજી થઈ જશે." *(સૂરએ લૈલ, ૯૨/૧૭ થી ૨૧)*

ઈમામ ફખ્રુદ્દીન રાઝી તફસીરે કબીરમાં આ આયતો હેઠળ ફર્માવે છે : "અહલે સુન્નતના મુફસ્સિરોએ એ વાત પર એકમતિ દર્શાવી છે કે "સૌથી મહાન પરહેઝગાર"થી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ મુરાદ છે."

*(તફસીરે કબીર, ૧૧/૧૮૯, મક્તબતુલ ઉલૂમે ઈસ્લામિયા)*

**(૨)** "હે લોકો ! બેશક ! અમે તમને એક પુરૂષ અને એક સ્ત્રી થકી પેદા કર્યા છે. અને અમે તમને કૌમો તથા કબીલાઓ બનાવી દીધા કે જેથી તમો એકબીજાની ઓળખ કરો. બેશક ! અલ્લાહની નજીક તમારામાં સૌથી અધિક ઈજ્જતવાળો તે છે જે 'સૌથી પરહેઝગાર' છે. બેશક ! અલ્લાહ સર્વ કાંઈ જાણનાર બેહદ ખબર રાખનાર છે." *(સૂરએ હુજુરાત, આ. ૧૩)*

જે લોકો પોતાના વંશ પર ગર્વ કરતા હતા અને બીજાઓના વંશ પર મહેણા મારતા હતા, અલ્લાહ તબારક વ તઆલાએ આ આયતે મુબારકામાં એ લોકોનો રદ કર્યો છે અને અફઝલિયતનો આધાર તકવાને ઠરાવ્યો અને સ્પષ્ટપણે એ એલાન કરી આપ્યું કે તમારામાં અલ્લાહની બારગાહમાં સૌથી અધિક ઈજ્જતવાળો તે છે જે اَتْقٰی એટલે 'સૌથી અધિક પરહેઝગાર' છે. જ્યારે એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે 'સૂરતુલ્લૈલ'ની આયતે મુબારકામાં اَتْقٰی (સૌથી મહાન પરહેઝગાર)થી મુરાદ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે, તો કુર્આને હકીમનો જ ફેંસલો છે કે જે સૌથી મહાન પરહેઝગાર છે તે જ સૌથી અફઝલ છે.

**(૩)** "અને જેઓ અલ્લાહ અને રસૂલની ઈતાઅત (ફર્માંબરદારી) કરે તો તેઓ એ લોકોની સાથે હશે જેમના પર અલ્લાહે ઈનામ કર્યું છે જેઓ નબીઓ, સિદ્દીકો, શહીદો તથા સાલેહીન છે. અને આ કેટલા ઉમદા સાથી છે !" *(સૂરએ અંબિયા, આ. ૬૯)*

સદરુલ અફાઝિલ સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૩૬૭) આ આયતે મુબારકાના હેઠળ લખે છે : "સિદ્દીકો, નબીઓના સાચા અનુયાયીઓ છે જેઓ ઈખ્લાસની સાથે એમની રાહ પર કાયમ રહ્યા. પણ આ આયતમાં નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ના અફાઝિલત (અગ્રગણ્ય) સહાબા મુરાદ છે, જેમ કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ." *(કન્ઝુલ ઈમાન મઅ ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૧૬૦, પાક કંપની–લાહોર)*

અલ્લાહ તબારક વ તઆલાએ ચાર તબકાત (વર્ગો)નો ઉલ્લેખ કર્યો જે ચારેવ તેની બારગાહના મુકર્રબ છે, પણ તેમનામાંથી સૌથી અધિક અલ્લાહની બારગાહમાં મકામે કુર્બ (કરીબી સ્થાન) નબીઓને હાંસલ છે, પછી સિદ્દીકોને, પછી શહીદોને અને પછી સાલેહીન (નેક લોકો, વલીઓ)ને.

તો ક્રમના એતબારથી ખુદાની મખ્લૂકમાં સૌથી અફઝલ (શ્રેષ્ઠ) અંબિયાએ કિરામ એટલે નબીઓ (عَلَیْہِمُ السَّلَام) છે. તેમના પછી સિદ્દીકો પછી શહીદો અને તેમના બાદ આમ સાલેહીન છે. આમ તો સર્વ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین સદાકતની ખૂબી

Web: www.barkatekhwaja.net

(ગુણ)થી જોડાયેલા છે, પણ સદાકૃત (સચ્ચાઈ)નો તાજ જેમના માથા મુબારક પર સજાવવામાં આવ્યો તે હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે.

જેવી રીતે આદિલ સર્વ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે પરંતુ અદાલતમાં ઉમર ફારૂક رضی اللہ عنہની વિશિષ્ટતા છે. સખી સર્વ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે પણ સખાવતે ઉષ્માન ગની رضی اللہ عنہની વિશિષ્ટતા સૌમાં નિરાળી છે. શુજાઅ (બહાદુર) સર્વ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે, એમનામાં કોઈ ડરપોક નથી, પણ સુજાઅતે અલીયે મુર્તઝા کرم اللہ وجہہ الکریم નિરાળી છે.

એ જ પ્રમાણે સદાકૃતની સિફત (ગુણ) વડે તમામ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین સજજ છે, પણ સદાકૃતના તાજનો લકૃબ નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ખુદ જે સહાબીના સર પર સજાવ્યો તે હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે.

નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ખુદ જનાબ અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને સિદ્દીકનો લકૃબ અતા કર્યો. મુબારક હદીષોમાં છે :–

**(૧)** "હઝરત કૃતાદા رضی اللہ عنہથી રિવાયત છે. હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ વર્ણવે છે : નબી કરીમ ﷺ, હઝરત અબૂબક્ર, હઝરત ઉમર અને હઝરત ઉષ્માન (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) ઓહદ પહાડ પર ચઢયા, તો પહાડ તેમના કારણે કાંપવા લાગ્યો. તો આપ ﷺએ ફર્માવ્યું, હે ઓહદ ! થોભી જા ! કેમ કે તારા પર એક નબી, એક સિદ્દીક તથા બે શહીદ છે." *(સહીહ બુખારી, ૩૬૭૫)*

**(૨)** "હઝરત ઉમ્મેહાની વર્ણવે છે, મને નબ્આએ વર્ણવ્યું : બેશક ! નબી علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, હે અબૂબક્ર ! અલ્લાહ તબારક વ તઆલાએ તમારું નામ સિદ્દીક રાખ્યું છે." *(કન્ઝુલ ઉમ્માલ, ૩૫૬૬૪)*

**(૩)** રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "હે આઈશા ! હું સર્વ રસૂલોનો સરદાર છું અને તમારા પિતા (અબૂબક્ર) સિદ્દીકોમાં સૌથી અફઝલ છે." *(અર્રિયાઝુ નસરતિ ફી મનાક્િબિલ્ અશરહ, ૧/૩૫)*

**(૪)** મૌલા અલી کرم اللہ وجہہ الکریمનું ફર્માન છે :–

"હઝરત અબૂ યહયાથી રિવાયત છે. તે કૃસમ ખાયને કહેતા, બેશક ! અલ્લાહ તઆલાએ અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہનું નામ આસ્માનથી સિદ્દીક નાઝિલ કર્યું છે." *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન લિલ્હાકિમ, ૪૪૦૫)*

**(૫)** ઈમામ અબૂ ઈસા તિર્મિઝી લાંબી હદીષમાં રિવાયત કરે છે :–

"અસ્મા ઈબ્ને હકમ ફઝારી વર્ણવે છે, મેં હઝરત અલી رضی اللہ عنہને કહેતાં સાંભળ્યા : હું એક એવો શખસ હતો કે જ્યારે હું રસૂલુલ્લાહ ﷺથી કોઈ વાત સાંભળતો તો અલ્લાહ તઆલા જેટલુ ચાહતો તેના ઝરીયા મને નફો પહોંચાડતો. અને જ્યારે મને આપના કોઈ સહાબી કોઈ હદીષ વર્ણન કરતા તો હું તેમનાથી કૃસમ લેતો. પછી જો તે કૃસમ ખાઈ લેતા તો હું તેમનું સમર્થન કરી દેતો. અને મને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ આ હદીષ વર્ણવી છે, અને તેમણે સાચુ કહ્યું છે. *(સુનને તિર્મિઝી, ૪૦૬)* આ હદીષનો હેતુ એ છે કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પર વિશ્વાસ કરતા હતા અને કૃસમ આપ્યા વિના તેમની વાતને સમર્થન કરતા હતા. એટલે કે તે આપને સિદ્દીક رضی اللہ عنہ છે.

આ પ્રકરણમાં પુષ્કળ હદીષો છે જેનાથી સ્પષ્ટ થાય છે કે ઉમ્મતે મુહમ્મદિયામાં અફઝલુસ્સિદ્દીકીન અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની ખૂબીઓવાળી જાત છે અને અંબિયાના પછી મર્તબો તથા મકૃામ સિદ્દીકોનો છે જેથી સર્વ અંબિયા તથા બશર રસૂલો તથા ફરિશ્તા રસૂલો علیہم السلام પછી સૌથી અફઝલ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે.

Web: www.barkatekhwaja.net

## ★ અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ હદીષોની રોશનીમાં ★

**(૧)** ઈમામ બુખારી તથા મુસ્લિમ رحمۃ اللہ علیہم اجمعین સહીહેનમાં હઝરત અબૂ મૂસા અશ્અરીથી રિવાયત કરે છે. નબી કરીમ علیہ الصلوٰۃ والسلام જ્યારે બીમાર પડયા અને આપ ﷺની બીમારીમાં વધારો થઈ ગયો તો આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

"અબૂબક્રને કહો તે લોકો (સહાબા)ને નમાઝ પઢાવે. હઝરત આઈશા رضی اللہ عنہاએ અર્ઝ કરી, તે નરમ દિલ શખ્સ છે. જ્યારે તે આપની જગાએ ઉભા થશે તો (ગમની સખ્તીના કારણે) તે લોકોને નમાઝ નહીં પઢાવી શકે. આપ ﷺએ (બીજીવાર) ફર્માવ્યું, અબૂબક્રને કહો કે તે જ લોકો (સહાબા)ને નમાઝ પઢાવે. હઝરત આઈશા رضی اللہ عنہاએ પોતાની વાત દોહરાવી. આપ ﷺએ (ત્રીજીવાર) ફર્માવ્યું, અબૂબક્રને કહો કે તે જ લોકો (સહાબા)ને નમાઝ પઢાવે. વળી તમે હઝરત યૂસુફના જમાનાની સ્ત્રીઓ (ની જેમ) છો. પછી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની પાસે આપનો કાસિદ આવ્યો. પછી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ નબી ﷺની હયાત મુબારકમાં નમાઝો પઢાવી." *(સહીહ બુખારી, ૬૭૮)*

આ હદીષ ભાવાર્થના રૂપે મુતવાતિર છે. હઝરત આઈશા, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, હઝરત અબ્દ ઈબ્ને જમઆ, હઝરત અબૂ સઈદ, હઝરત અલી બિન અબી તાલિબ અને હઝરત હફસા رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી રિવાયત પામેલ છે. એ જ કારણે ઉલમાએ કિરામે આ હદીષને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની અફઝલિયતે મુત્લકા, ખિલાફતે હક્કા અને આપના સૌથી અધિક ઈમામતને લાયક હોવાની મજબૂત દલીલ ઠરાવી દીધી છે.

યાદ રાખશો કે આ કેવળ નમાઝની ઈમામતનો મસ્અલો ન હતો, બલ્કે ઉમ્મતની રાજનૈતિક તથા રૂહાની ઈમામત હતી. ત્યારે જ તો રસૂલુલ્લાહ ﷺએ ઉમ્મુલ મો'મિનીનના આગ્રહ છતાં નારાઝગી પ્રદર્શિત કરીને કેવળ અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની ઈમામતનો હુકમ આપ્યો.

ઈમામ ઈબ્ને હજર મક્કી (વફાત : હિ.સ. ૯૭૪) ફર્માવે છે : "ઉલમાએ કિરામે આ હદીષના બારામાં કહ્યું, આ એ વાતને પુરવાર કરવામાં ખૂબ જ સ્પષ્ટ દલીલ છે કે અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ સર્વ સહાબા કરતાં મુત્લકન (કોઈ અપવાદ વિના) અફઝલ અને ખિલાફતના સૌથી અધિક હક્કદાર અને ઈમામતના સૌથી અધિક લાયક છે. رضوان اللہ تعالیٰ علیہم اجمعین
*(અસ્સવાઈકુલ મુહરિકા, ૧/૬૦)*

**(૨)** "રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તો મારા પછી આ બંનેવની પયરવી (અનુસરણ) કરો અને અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماની તરફ ઈશારો કર્યો."
*(સુનને ઈબ્ને માજહ, પેજ–૯૭, જામેઅ તિર્મિઝી, ૩૬૬૩)*

**(૩)** એક સ્ત્રીએ રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં અર્ઝ કરી, "યા રસૂલલ્લાહ ! ﷺ જો હું આપ علیہ الصلوٰۃ والسلامને ન પામુ તો ?! ફર્માવ્યું, إِنْ لَمْ تَجِدِينِي فَأْتِي أَبَا بَكْرٍ "જો મને ન પામો તો અબૂબક્રની પાસે આવજો." *(સહીહ બુખારી : ૩૬૫૯)*

## ★ અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہના બારામાં સહાબાનાં કથનો ★

**(૧)** ઈમામ બુખારી رحمۃ اللہ علیہ સહીહ બુખારીમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરે છે. તેમણે કહ્યું : "નબી ﷺના મુબારક જમાનામાં અમો કોઈને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના બરાબર ગણતા ન હતા. પછી ઉમર

Web.: www.barkatekhwaja.net

رضی اللہ عنہ, પછી ઉષ્માન رضی اللہ عنہ, પછી અમો નબી ﷺના સહાબીઓને છોડી દેતા. તેમને એકબીજા પર ફઝીલત ન આપતા." *(સહીહ બુખારી, ૩૬૯૭)*

**(૨)** હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم ના સાહબઝાદા હઝરત મુહમ્મદ ઈબ્ને હનફિયા رضی اللہ عنہ કહે છે : મેં મારા પિતાને પૂછયું કે : "**રસૂલુલ્લાહ ﷺ પછી લોકોમાં સૌથી અફઝલ કોણ છે ?** ફર્માવ્યું, **અબૂબક્ર** رضی اللہ عنہ. (તેમણે કહ્યું) મેં પૂછયું, પછી કોણ ? ફર્માવ્યું, ઉમર رضی اللہ عنہ અને મેં અંદેશો કર્યો કે ક્યાંક હવે ઉષ્માન رضی اللہ عنہનું નામ ન લઈ લે, જેથી મેં કહ્યું, પછી તો તમો જ અફઝલ છો ?! (હઝરત અલી رضی اللہ عنہએ) ફર્માવ્યું, હું તો આમ મુસલમાનોમાંથી એક મર્દ છું." *(સહીહ બુખારી, ૩૬૭૧)*

એ લોકો પર આશ્ચર્ય છે જેઓ હઝરત અલી كَرَّمَ اللّٰهُ وَجْهَهٗ થી મહોબ્બતનો દાવો પણ કરે અને તેમના ઉઘાડા ફર્માનની વિરુદ્ધ પણ કરે ! હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને આપના સાહબઝાદા મુહમ્મદ ઈબ્ને હનફિયા رحمۃ اللہ علیہએ અફઝલિયતના અક઼ીદાના બાબતે સવાલ કર્યો હતો. તો તેના જવાબમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ પોતાના અક઼ીદાનો ઈઝહાર કર્યો. હવે એને ઈન્કેસાર (આજીજી) તથા મૃત્યુ પામેલ બુઝુર્ગોની પ્રશંસા પર ધારવું એ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના ફર્માનમાં ફેરફાર કરવું તથા તેને રદ કરવું નથી તો બીજુ શું છે ?! તેમજ બોલ્ડ કરેલ લખાણ એના માટે ઉઘાડી દલીલ છે.

**(૩)** "વહબ સુવાઈ વર્ણવે છે : હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ખુત્બામાં પૂછયું, ઉમ્મતમાં એના નબી બાદ કોણ સૌથી અફઝલ છે ? મેં કહ્યું, અમીરુલ મો'મિનીન! આપ છો ! હઝરત અલી رضی اللہ عنہએ (એનો રદ કરતાં) ફર્માવ્યું, નહીં! આ ઉમ્મતમાં એના **નબી બાદ સૌથી અફઝલ હઝરત અબૂબક્ર** છે. પછી હઝરત ઉમર છે. અને અમે એને ખોટુ નથી સમજતા કે હઝરત ઉમરની ઝબાન પર સકીના જારી થતો હતો. (એટલે આપની વાતચીત મો'મિનોના દિલી સુકૂનનો સબબ હતી.) " *(મુસ્નદે ઈમામ અહમદ, ૮૩૪)* શોઐબુલ અરનૂતે કહ્યું, આ હદીષની સનદ કૃવી (મજબૂત) છે.

**(૪)** "અબૂ જુહૈફા જેમને હઝરત અલી, વહબુલ ખૈર કહ્યા કરતા હતા. વર્ણવે છે : **હઝરત અલી** کرم اللہ وجہہ الکریم **એ મને ફર્માવ્યું,** અબૂ જુહૈફા ! શું હું તમને એ ખબર ન આપુ કે આ **ઉમ્મતમાં તેના નબી પછી સૌથી અફઝલ કોણ છે?** મેં કહ્યું, જરૂર બતાવો ! અને હું ન સમજતો હતો કે હઝરત અલી કરતાં કોઈ અન્ય અફઝલ હોઈ શકે છે. હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, આ ઉમ્મતના નબી પછી **સૌથી અફઝલ હઝરત અબૂબક્ર છે** અને હઝરત અબૂબક્ર બાદ હઝરત ઉમર છે. (رضی اللہ عنہما) અને એમના પછી એક ત્રીજી વ્યક્તિ છે. અને આપે તેમનું નામ ન લીધું."

*(મુસ્નદે ઈમામ અહમદ : ૮૩૫)*

શોઐબુલ અરબૂતે કહ્યું, આ હદીષની સનદ ઈમામ મુસ્લિમની શર્તના પ્રમાણે સહીહ છે અને તેના સર્વ રિજાલ ષિક઼હ છે.

**(૫)** હઝરત અબ્દુલ્લાહ બિન સલમા رضی اللہ عنہ મૌલા અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત કરે છે. ફર્માવે છે : "રસૂલુલ્લાહ ﷺ પછી લોકોમાં સૌથી બેહતર અબૂબક્ર છે અને અબૂબક્ર પછી લોકોમાં સૌથી બેહતર ઉમર છે." (رضی اللہ عنہما) *(સુનને ઈબ્ને માજહ : ૧૦૬)*

**(૬)** હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે : "જેને મેં એ હાલમાં પામ્યો કે અબૂબક્ર તથા ઉમર પર મને ફઝીલત આપે છે તેને તોહમત લગાડનારની શિક્ષા (૮૦ કોરડા) મારીશ. *(અલ એઅ્તેક઼ાદુ વલ્ હિદાયતુ ઈલા સબીલિર્રશાદિ લિલ્બયહક઼ી, પેજ-૩૫૮, અલ્મુઅ્તલિફુ વલ્મુખ્તલિફુ લિદ્દાર કુત્ની, બાબુલ હ઼ાઅ, ૩/૯૨)*

Web: www.barkatekhwaja.net

મૌલા અલી کرم اللہ وجہہ الکریم એ ખાસ કરીને આ અફઝલિયતના મસ્અલાનો પોતાના ખિલાફત કાળમાં ખૂબ જ પ્રમાણમાં ફેલાવો કર્યો. જેમ કે ઈમામ ઝહબીએ તારીખે ઈસ્લામમમાં લખ્યું : هٰذَا مُتَوَاتِرٌ عَنْ عَلِيٍّ "તફઝીલે શયખૈન (અબૂબક્ર, ઉમરની સૌમાં ફઝીલત) મૌલા અલી کرم اللہ وجہہ الکریم થી તવાતુરની નકલ થયેલ છે." *(તારીખુલ ઈસ્લામિ લિઝ્ ઝહબી, બાબુ અહદિલ ખુલફા, ૩/૧૧૫)*

હઝરત મૌલા અલી رضی اللہ عنہ થી આ કૌલ મુબારક રિવાયત કરનાર ૮૦થી અધિક સહાબાએ કિરામ તથા તાબઈન છે. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

ઈમામ ઈબ્ને હજર મક્કી (વફાત : હિ.સ. ૯૭૪) લખે છે :

"ઈમામ ઝહબીએ કહ્યું : હઝરત અમીરુલ મો'મિનીન અલી મુતર્ઝા رضی اللہ عنہ થી તેમની ખિલાફતના જમાનામાં જ્યારે કે આપ સત્તાની ખુરશી પર બિરાજમાન હતા, તવાતુરથી સાબિત છે કે આપે આપની જમાઅતની વિશાળ ભીડમાં અફઝલિયતે શયખૈન (અબૂબક્ર ઉમર رضی اللہ عنہما) ને વર્ણન કરી. પછી તેની સહીહ સનદો વિગતવાર વર્ણવી. કહ્યું, અને કહેવામાં આવે છે કે એંસી (૮૦)થી અધિક વ્યક્તિઓએ તેના બારામાં આપના થકી રિવાયત કરી છે. ઈમામ ઝહબીએ એનામાંથી અમુક નામો ગણાવ્યાં છે." *(અસ્સવાઈકુલ મુહરિકા, અલ્બાબુલ અવ્વલ, અલ્ફસ્લુલ અવ્વલ, પેજ : ૯૦, ૯૧)*

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ ફર્માવે છે : "મસ્અલએ તફઝીલ (અફઝલિયતના મસ્અલા)ને સૌથી અધિક વર્ણન કરનારા અને વિરોધીઓને સખત સજાનો ડર અપાવનારા સૈયદના અલીયે મુર્તઝા, અલ્લાહ બુલંદો બાલાના શેર کرم اللہ وجہہ الکریم છે. એટલા માટે કે તેમની ખિલાફતના દિવસોમાં અને સત્તાકાળમાં તેમનું શયખૈન અબૂબક્ર તથા ઉમરને પોતાના પર અને તમામ ઉમ્મત પર ફઝીલત આપવું તવાતુરથી સાબિત થયું.

*(ફતાવા રઝવિય્યહ્, ૨૮/૬૭૪)*

**(૭)** કાઝી શુરૈહ ફર્માવે છે : મૌલા અલી رضی اللہ عنہ જાહેર મિમ્બર પર ઈર્શાદ ફર્માવ્યા કરતા હતા : خَيْرُ هٰذِهِ الْأُمَّةِ بَعْدَ نَبِيِّهَا أَبُوْ بَكْرٍ، ثُمَّ عُمَرُ، ثُمَّ عُثْمَانُ، ثُمَّ أَنَا "આ ઉમ્મતના સૌથી બેહતર શખ્સ નબી પાક صلی اللہ علیہ وسلم પછી અબૂબક્ર છે, પછી ઉમર, પછી ઉષ્માન, પછી હું. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

*(તારીખે મદીના દમિશ્ક, ઈબ્ને અસાકિર, ૪૧/૧૦૪)*

**(૮)** અહલે બયતના ઈમામોમાંથી હઝરત ઈમામ ઝયનુલ આબિદીન رضی اللہ عنہ ના શહઝાદા હઝરત ઈમામ સૈયદ ઝયદ શહીદ رضی اللہ عنہ એ કૂફીઓને ફર્માવ્યું : "ખારજીઓએ ગુમરાહીના રસ્તા પર ચાલીને એમનાથી જ બેઝારી જાહેર કરી જેઓ અબૂબક્ર, ઉમરથી નીચે છે, એટલે ઉષ્માન તથા અલી. પણ અબૂબક્ર તથા ઉમરની શાનમાં કાંઈ ન કહી શક્યા. અને હે રાફઝીઓ ! તમે તેમનાથી ઉપર હિંમત કરી કે ખુદ અબૂબક્ર, ઉમરથી બેઝારી જાહેર કરી બેઠા ! તો હવે કોણ રહી ગયું ?! ખુદાની કસમ ! કોઈ બાકી ન રહ્યું જેમનાથી તમે બેઝારી જાહેર ન કરી હોય. *(અસ્સાવઈકુલ મુહરિકા, ૨/૭૯)*

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ આ રિવાયત લખ્યા બાદ જણાવે છે કે, "ઈમામ ઝયદ શહીદ رضی اللہ عنہ નો આ ઈર્શાદ મુબારક અમ ગુલામાને ખાનદાને ઝયદ માટે પૂરતો છે." *(ફતાવા રઝવિય્યહ્, ૨૮/૪૮૦, રઝા ફાઉન્ડેશન–લાહોર)*

આ પ્રકરણમાં ખૂબ જ અધિક પ્રમાણમાં રિવાયતો છે. લખાણ લંબાવાના ડરથી આટલા પર જ સંતોષ માનીએ છીએ. અહલે ઈમાન અને અહલે બયતના સાચા ગુલામો માટે આટલુ જ પૂરતુ છે.

Web: www.barkatekhwaja.net

# ઈસ્લામના પયગંબર

## પશ્ચિમી બુદ્ધિશાળીઓની દષ્ટિમાં

**કાર્યાલય**

આ વાસ્તવિક્તા છે કે માણસ જયારે કોઈ વસ્તુને દુશ્મનની દષ્ટિએ જુએ છે તો તે વસ્તુની ખૂબીઓમાં પણ તેને ખામીઓ નજર આવે છે, પરંતુ જયારે તે વસ્તુને પ્રેમ અને મહોબ્બતની દષ્ટિથી જોવામાં આવે તો ખામીઓમાં પણ સુંદરતા અને ખૂબસૂરતી નજર આવે છે. જેવી રીતે કે માં પોતાના બાળકને ભલે તે કેટલુ પણ કદરૂપુ હોય મમતાભરી દષ્ટિથી જુએ છે તો તેને પોતાનુ બાળક દુનિયાનું સૌથી વધારે સુંદર બાળક નજર આવે છે. બિલકુલ આ જ ઉદાહરણ નબી કરીમ ﷺની જાતનુ છે કે જયારે શાયરે ઈસ્લામ હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہએ નબી કરીમ ﷺના મુબારક ચહેરાને જોયો તો નિઃસંકોચ બોલી ઉઠયા :–

وَاَحۡسَنُ مِنۡكَ لَمۡ تَرَقَطُّ عَيۡنِىۡ
وَاَجۡمَلُ مِنۡكَ لَمۡ تَلِدِ النِّسَاءُ
خُلِقۡتَ مُبَرَّءًا مِنۡ كُلِّ عَيۡبٍ
كَاَنَّكَ قَدۡ خُلِقۡتَ كَمَا تَشَاءُ

''તમારાથી સુંદર મારી આંખોએ કદાપિ નથી જોયો અને તમારાથી ખૂબસૂરત ન કોઈ સ્ત્રીએ જન્મ્યો, તમને સર્વ ખામીઓથી વંચિત પેદા કરવામાં આવ્યા અને તમને એવા પેદા કરવામાં આવ્યા જેવું તમે ચાહતા હતા.''

પરંતુ આ જ પાક જાતને જયારે મક્કાના મુશ્રિકોએ દુશ્મનાવટ અને ઈર્ષાની દષ્ટિથી જોઈ તો તેમને રસૂલે કરીમ ﷺની બધી ખૂબીઓ અને સિફતોમાં ખામીઓ નજર આવી. મક્કાના મુશ્રિકોની આંધળી પેરવી પશ્ચિમી મુશ્રિકોએ પણ કરી અને ઈસ્લામના દામનને ડાઘદાર કરવાનો ઘણો પ્રયત્નો કર્યો પરંતુ નિષ્ફળતા તેમનું નસીબ અને ભાગ્ય રહ્યું એટલા માટે કે વિજય હમેશાં ''હક્ક઼''નો થાય છે, તે કદાપિ પરાજિત નથી થતો. હક્ક઼ અને વાસ્તવિક્તાથી મુશ્રિકો ક્યાં સુધી નજરો બચાવતા ?! જેથી જ્યાં પક્ષપાત પસંદ મુશ્રિકોએ ઈસ્લામને બદ્નામ કરવામાં કોઈ અંશ ન છોડયો ત્યાં ન્યાયી સ્વભાવ અને હક્ક઼પસંદ મુશ્રિકોએ ઈસ્લામ અને ઈસ્લામના પયગંબરની પ્રશંસામાં એવા વખાણદાયક શબ્દો કહ્યા જે સોનાના પાણીથી લખવાના લાયક છે. જેમ કે :–

**માઈકલ હર્ટ :** પોતાના પુસ્તક ''અલ્ ઉઝમાઉ મિઅતુન અઅ્ઝમુહુમ મુહમ્મદ''ની પ્રસ્તાવનામાં લખે છે કે, ઘણા લોકો અચંબામાં હશે કે મેં સો (૧૦૦) મહાન પુરૂષોની અનુક્રમણિકામાં સૌથી પ્રથમ મુહમ્મદ ﷺની શખ્સિયતની પસંદગી કેમ કરી ? કારણ કે મુહમ્મદ ﷺ વિશ્વના ઈતિહાસમાં તે માત્ર વ્યક્તિ હતા જેમને ધાર્મિક અને દુનિયવી બંનેવ ક્ષેત્રે સંપૂર્ણ સફળતા મળી છે. તેમણે લોકોને ઈસ્લામની દા'વત આપી અને તેનો પ્રચાર એવી રીતે કર્યો કે આજે ઈસ્લામ વિશ્વના મોટા ધર્મોમાં એક ધર્મ ગણાય છે. મુહમ્મદ ﷺ તે માત્ર વ્યક્તિ હતા જેમણે ઈસ્લામની સ્થાપ્ના કરી. કુર્આન શરીફ તેમના પર ક્રમશઃ નાઝિલ થયું અને તેમની જિંદગીમાં કુર્આન શરીફની બધી આયતો અક્ષરોના ફેરફાર વિના સુરક્ષિત કરી લેવામાં આવી. એટલા માટે દુનિયામાં કુર્આન જેવું મક્કમ કોઈપણ પુસ્તક મળવું અશક્ય છે. પયગંબરે ઈસ્લામ મુહમ્મદ ﷺ અને ઈસા علیہ السلامમાં આ રીતે કોઈ સમાનતા ન હતી કે મુહમ્મદ ﷺની શખ્સિયત ધાર્મિક અને દુનિયવી ક્ષેત્રે વ્યાપક હતી એટલા માટે કે તે અલ્લાહના પયગંબર હોવાના સાથે સાથે પતિ પણ હતા અને પિતા પણ, તેમણે વેપાર પણ કર્યો અને બકરીઓ પણ ચરાવી.

**મોન્ટેગ મેરીવોટ :** ઈસ્લામની દા'વતના ઈતિહાસ વિશે તેનાં બે ઘણા અગત્યનાં પુસ્તકો, પ્રથમ ''મુહમ્મદ–ફી–મક્કા'' અને બીજું ''મુહમ્મદ ફીલ મદીના'' છે. તેમાં તે લખે છે કે મુહમ્મદ ﷺને પોતાની રિસાલત પર સંપૂર્ણ ઈમાન હતુ. તેમના પર વહીનું ઉતરાણ થતુ હતું, તે પોતે કાંઈ ઘડતા ન હતા. મુહમ્મદ ﷺ એવા લીડર કદાપિ ન હતા કે જે પોતાની આજુબાજુ એકત્રિત કરવા માટે ઈસ્લામને સહારો બનાવે જેવી રીતે કે ઘણા પશ્ચિમી તત્વચિંતકોએ લખ્યું છે.

**જ્યોર્જ બર્નાડ શો :** આ આયરલેન્ડનો ઘણો પ્રખ્યાત સાહિત્યકાર હતો, તે લખે છે : મને વિશ્વાસ છે કે જો દુનિયાની લગામ (હુકૂમત, સત્તા) મુહમ્મદ ﷺ જેવા કોઈ વ્યક્તિના હાથમાં હોતી તો અત્યંત સફળ શાસન હોતુ.

**ટોલ્સ ટોય :** આ વ્યક્તિ રશિયાનો મહાન ચિંતક અને સાહિત્યકાર થઈ ગયો છે, લખે છે કે મુહમ્મદ ﷺએ ક્યારે પણ એવું નથી કહ્યું કે માત્ર હું અલ્લાહનો નબી છું બલ્કે તેમણે મૂસા علیہ السلام અને ઈસા علیہ السلامના નબી હોવાનો પણ સ્વીકાર કર્યો હતો. તેમનું એવું કહેવું હતું કે "યહૂદીઓ" અને "નસરાનીઓ"ને તેમનો ધર્મ છોડવા પર મજબૂર ન કરવામાં આવે. તેમણે ઈસ્લામની પ્રારંભિક દા'વત વખતે ઘણા અત્યાચાર અને જુલ્મો સહન કર્યા પરંતુ હક્કની દા'વત આપવાથી પાછા ન હટયા. આમાં કોઈ શંકા નથી કે મુહમ્મદ ﷺ તે મહાન સુધારકોમાંથી હતા જેમણે માનવની કામયાબી માટે મહાન ખિદમતો અંજામ આપી છે. તેમને ફખ્ર માટે એ જ કાફી છે કે તેમણે માનવોની એક મોટી સંખ્યાને ગુમરાહી અને અંધકારથી બહાર કાઢી હિદાયતનો માર્ગ દેખાડયો.

**લામાર્ટિન :** આ ફ્રાન્સનો મશહૂર કવિ છે. કહે છે કે મુહમ્મદ ﷺની જિંદગી, તેમની વિચારશક્તિ, તેમનું ખુદાના માર્ગમાં જેહાદ કરવું અને તેર વરસના લાંબા ગાળા સુધી ઈસ્લામના શત્રુઓ દરમિયાન ઈસ્લામની દા'વત પર અડગ રહેવું, મજાક કરવાવાળાઓનાં મહેણા અને ઠપકાઓને સહન કરવા અને પોતાની કામયાબી પર સંપૂર્ણ વિશ્વાસ, આ બધી વાતો એ વસ્તુની સ્પષ્ટ દલીલ છે કે તે હક્ક પર હતા.

**સ્મિથ :** એ લખે છે કે મુહમ્મદ ﷺ એક ઉમ્મતના માર્ગદર્શક, એક સલ્તનતના સ્થાપક અને એક ધર્મના બાની હતાં તે જો કે "ઉમ્મી" હતા પરતું એવું પુસ્તક લઈને આવ્યા જે અદબ (શિષ્ટાચાર) પણ છે અને કાનૂન પણ, અને અખ્લાકનો સર્વ શ્રેષ્ઠ નમૂનો પણ. જેને જોયા પછી એવું જણાય છે કે સર્વ પવિત્ર પુસ્તકોને એક પુસ્તકમાં એકત્રિત કરી દેવામાં આવ્યાં છે અને જેને આજે પણ વિશ્વની આબાદીનો છઠ્ઠો ભાગ ઈજ્જત અને સન્માનની દષ્ટિથી જુએ છે.

**આર. એફ. બોર્લી :** આ અમેરિકી જનરલ હતો તેણે લખ્યું છે કે મુહમ્મદ ﷺની દા'વત બીજા બધા નબીઓની દા'વતથી અલગ હતી, એટલા માટે તેમણે માત્ર રૂહાનિયત પર સંતોષ નથી કર્યો પરંતુ દુનિયાવી જરૂરતો અને સમસ્યાઓને પણ દષ્ટિ સમક્ષ રાખી. આ રીતે તેમણે લોકોની જીવન જરૂરિયાતો અને દુનિયવી જિંદગીના દરમિયાન સુંદર તફાવત કર્યો, જેનાથી તેમના અગાઉ સુરક્ષિત ન રહી શક્યા.

**વિલ્ડુરન્ટ :** પોતાના પુસ્તક "કિસ્સતુલ હજારતી"માં લખે છે કે જો મને કોઈ વ્યક્તિની મહત્તા અને મહાનતાનો સ્વીકાર કરવો પડે તો હું કહીશ કે મુહમ્મદ ﷺ ઈતિહાસની સૌથી મહાન શખ્સિયત છે જેમણે પોતાની કોમનો રૂહાની અને અખ્લાકી મર્તબો બલંદ કર્યો જે વહશિયત અને જંગલીપણાના અંધકારમાં ગુમ હતો, અને આ હેતુમાં જે સફળતા તેમને મળી છે તે દુનિયાના ઈતિહાસમાં કોઈપણ સુધારકને નસીબ નથી થઈ.

**થોમસ આર્નોલ્ડ :** પોતાના પુસ્તક "અદ્દાવતુ ઈલલ ઈસ્લામ"માં લખે છે કે ઈન્ડોનેશિયા અને મલેશિયામાં ઈસ્લામ માત્ર મુસ્લિમ વેપારીઓના સારા વ્યવહારના કારણે ફેલાયો, ઈસ્લામના પ્રચારમાં તલ્વારનો કોઈ રોલ ન રહ્યો પરંતુ તે સિવાય જ્યારે કે ઈસ્લામના રક્ષણ અને બચાવની જરૂર પડી છે.

**થોમસ કાર્લુલી :** પોતાના પુસ્તક The Heroesમાં લખે છે કે વર્તમાન યુગમાં એક સુસંસ્કૃત અને શિષ્ટચાર વ્યક્તિ માટે એ વાત શરમજનક છે તે પેલા લોકોની વાતો પર કાન ધરે જે લોકો કહેતા ફરે છે કે ઈસ્લામ જૂઠો ધર્મ છે અને ઈસ્લામના પયગંબર જૂઠા અને દગાબાજ હતા. હવે સમય આવી ગયો છે કે આપણે તે જૂઠી વાતો અને વિના પાયાની અફવાઓનો મુકાબલો કરીએ, એટલા માટે કે મુહમ્મદ ﷺ જે ધર્મ લાવ્યા તે બારસો વર્ષથી લઈને આજ સુધી માર્ગદર્શનનો દીવો બની જગમગી રહ્યો છે.

**ગોસ્ટાફ લોબોન :** કહે છે કે આ ગર્વ માત્ર અને માત્ર ઈસ્લામ ધર્મને પ્રાપ્ત છે કે જેણે સૌ પ્રથમ તૌહીદ (એક જ અલ્લાહ હોવાનું માનવા)ની દા'વત આપી અને દુનિયવી ક્ષેત્રે તેને પોતાના અનુયાયીઓના દરમિયાન પ્રચલિત કરી.

Web : www.barkateKhwaja.net

**જહોન યાર્ડલી :** આ ફ્રાન્સનો ઘણો મશ્હૂર સાહિત્યકાર હતો, તેણે લખ્યું છે કે મુહમ્મદ ﷺએ જો કે રૂમ અને ફ્રાંસની દર્સગાહોથી શિક્ષણ પ્રાપ્ત નથી કર્યુ, પરંતુ તે એક સાચા નબી, શારેઅ, રાજકરણી અને મહાન લીડર હતા.

**ગાંધીજી :** કહે છે કે જ્યારે હું તે મહાન વ્યક્તિની સીરત (Biography)નું વાંચન કરું છું તો આંખથી આંસૂ વહેવા લાગે છે, કેમ કે એ શક્ય નથી કે મારી જેમ વાસ્તવિક્તાનો જિજ્ઞાસુ (સંશોધક) કોઈપણ શખ્સ આ શખ્સિયતના સમક્ષ મસ્તિક ન ઝુકાવે જેણે સદા માત્ર માનવતાની કામયાબી માટે કામ કર્યું.

**ડો. સિબ્રલ : The Head of Law Department at the University of Vianna-Austilla.** એ લખે છે કે મુહમ્મદ ﷺથી નિસ્બત (લગાવ) રાખવી દરેક વ્યક્તિના માટે ગર્વનો સબબ છે. એટલા માટે કે તે આજથી ચૌદસો વરસ પહેલાં "ઉમ્મી" હોવા છતાં એવા જિંદગીના નિયમો લાવ્યા કે જો આપણે યૂરોપવાસીઓ હજાર વરસ પછી પણ તેની બુલંદીએ પહોંચી જઈએ તો આપણી જિંદગીની મેઅરાજ થઈ જાય.

**ફ્રેન્ચ પોપ :** આ ફ્રાન્સનો મોટો પાદરી હતો તેણે સલીબી જંગના સમયે "સુલ્તાનુલ કામિલ" ઈજિપ્તના રાજાથી મુલાકાત કરી અને જ્યારે ફ્રાન્સ પહોંચ્યો તો કહ્યું કે ઈસ્લામ ધર્મ અલ્લાહ પાસેથી ઉતર્યો છે. આ વાત અક્કલ, બુધ્ધિ અને ધારણાથી દૂર છે કે ઈસ્લામ જેવો રૂહાની ધર્મ કોઈ વ્યક્તિનો પોતે બનાવેલ ધર્મ હોય.

**જ્યોર્જ સીલ :** આ તે પશ્ચિમી ચિંતક છે જેણે ઈ.સ. ૧૭૩૭માં સૌથી પહેલાં કુર્આન શરીફનો તર્જુમો અંગ્રેજી ભાષામાં કર્યો. તે કહે છે કે કુર્આનની જાદૂઈ બલાગત (ઉચ્ચ વર્ણન શૈલી) જોઈ અક્કલ અચંબામાં પડી જાય છે.

**બયરોન :** ઉપ્માનીકાળથી આ વ્યક્તિનો ઘણો સારો સંબંધ હતો. મુસલમાનોની સાથે વધારે વ્યવહાર કરવાના કારણે જ્યારે તેના ઉપર ઈસ્લામની થોડીક વાસ્તવિક્તા સ્પષ્ટ થઈ તો ઘણો પ્રભાવિત થયો અને કહ્યું કે જો મને તૌફીક઼ (પ્રેરણા) થઈ તો ઈસ્લામ જરૂર ક઼બૂલ કરીશ, એટલા માટે કે મુસલમાનોનું ઈબાદતનું બંધારણ મને ઘણુ સરસ લાગ્યુ. જ્યારે બાંગી "હય્ય અલસ્સલાત" અને "હય્ય અલલ ફલાહ"ની અવાજ બુલંદ કરે છે તો મુસલમાન આનંદ અને ઉલ્લાસમાં દુનિયાથી બેફિકર થઈ પોતાના રબની બારગાહમાં મસ્તકોનું નઝરાણુ રજૂ કરવા માટે ઉમટી પડે છે, અને જ્યારે પોતાના પેદા કરનાર (અલ્લાહ)ની બારગાહમાં ઊભા થાય છે તો એવી અનુભૂતિ થાય છે કે પોતાની આસપાસની દુનિયાને ભૂલી ગયા છે.

**ગુટ્ટાહ :** આ જર્મનીનો ઘણો નામવાર કવિ થઈ ગયો છે. જ્યારે તેણે પોતાના ગઝલ સંગ્રહ "મગરિબી શાઈર કા મશ્રિકી દીવાન"ના પ્રચારનું એલાન કર્યું તો આખુ વિશ્વ અંચબામાં પડી ગયું. તેણે લખ્યું, જો લોકો મને મુસલમાન કહે તો કદાપિ મને ખોટુ ન લાગશે. તેણે ૨૩ વરસની ઉંમરમાં એક ઘણો સુંદર ક઼સીદો (પ્રશંસા ગીત) કહ્યો જેમાં ઈસ્લામના પયગંબરની ઘણી પ્રશંસા કરી છે. અને જ્યારે ૭૦ વરસની ઉંમર થઈ તો એક વખત ફરી એલાન કર્યું કે અમે શબે ક઼દ્રના તહેવારને અત્યંત ઉત્સુકતા અને ઉલ્લાસથી ઉજવીશું એટલા માટે કે આ તે મુબારક રાત છે જેમાં મુહમ્મદ ﷺ પર કુર્આનનું ઉતરાણ થયું હતું. રસૂલે પાક ﷺની પ્રશંસામાં તેણે એક વધુ કસીદો "નશી દે મુહમ્મદ"ના વિષયથી કહ્યો. આ ક઼સીદામાં તેણે દિલ ખોલીને રસૂલે પાક ﷺની પ્રશંસા કરી છે. તેણે "દીવાને શર્કી"માં લખ્યુ છે કે જો ઈસ્લામનો મતલબ એક ખુદાની પેરવી (અનુસરણ) કરવી અને તેની કુદરતની સમક્ષ માથુ ઝુકાવવું છે, તો અમે મુસલમાન જીવીશું અને મુસલમાન જ મરીશું.

**થોમસ કાલુલિ :** આ વ્યક્તિ બ્રિટનનો ઘણો મહાન તત્વચિંતક અને મુફક્કિર હતો. પોતાના પુસ્તક "The Heroes"માં રસૂલે કરીમ ﷺની પત્નીઓની સંખ્યાનું નિવારણ કરતાં લખે છે કે મુહમ્મદ ﷺ કદાપિ શહવતપરસ્ત ન હતા જેવી રીતે કે કેટલાક લોકોએ તેમને દોષિત ઠરાવ્યા છે, બલ્કે તેમને શહવત અથવા નફ્સ પરસ્ત ગુમાન કરવા પણ મહાન ગુનોહ છે એટલા માટે કે તે ક઼નાઅત પસંદ, (થોડામાં રાજી રહેનાર) નમ્રતાવાળા અને પરહેઝગાર વ્યક્તિ હતા. કોઈએ સાચુ કહ્યું છે કે "હક્ક઼ વાતની દુશ્મન પણ ગવાહી આપે છે."

*–("કન્ઝુલ ઈમાન" માસિક, મે–૨૦૦૬)*

Web: www.barkatekhwaja.net

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે યાકૂબ યૂસુફ મસ્તુ તા. ૨૯–૦૩–૨૦૨૧, ૧૫ શાબાનુલ મુઅઝ઼્ઝમ, હિ.સ. ૧૪૪૨, રવિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. ❑ બીબીબહેન અબ્દુલભાઈ ડૉકટર તા. ૩૧–૦૩–૨૦૨૧, ૧૭ શાબાનુલ મુઅઝ઼્ઝમ, હિ.સ. ૧૪૪૨, બુધવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. ❑ હાજી મુશ્તાક આદમ નાથા તા. ૧–૦૪–૨૦૨૧, ૧૮ શાબાનુલ મુઅઝ઼્ઝમ, હિ.સ. ૧૪૪૨, જુમેરાતના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. ❑ યાકૂબ અહમદ ટોલીવાલા તા. ૮–૦૪–૨૦૨૧, ૨૫ શાબાનુલ મુઅઝ઼્ઝમ, હિ.સ. ૧૪૪૨, જુમેરાતના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. ❑ અલીભાઈ આદમ ગની તા. ૧૦–૦૪–૨૦૨૧, ૨૭ શાબાનુલ મુઅઝ઼્ઝમ, હિ.સ. ૧૪૪૨, શનિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. ❑ જનાબ સલીમ ભાના પત્ની હસીના સલીમ ભા તા. ૧૫–૦૪–૨૦૨૧, ૦૨ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, જુમેરાતના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. ❑ બાબુભાઈ મૂસા જમાદાર તા. ૧૭–૦૪–૨૦૨૧, ૦૪ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, શનિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. ❑ જનાબ હાજી શબ્બીર અલી ધીરજ તથા જનાબ હાજી યુનૂસ ઈબ્રાહીમ માના તા. ૨૦–૦૪–૨૦૨૧, ૦૭ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, મંગળવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **સેગવા** : (જિ. ભરૂચ) ખાતે યાકૂબ અલી નાથા (સરપંચ) તા. ૨૮–૦૩–૨૦૨૧, ૧૫ શાબાનુલ મુઅઝ઼્ઝમ, હિ.સ. ૧૪૪૨, રવિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **જાંબિયા** : ખાતે દયાદરા નિવાસી યાકૂબ અહમદ પતરાવાલાના પત્ની રાબિયા બહેન યાકૂબ પતરાવાલા તા. ૨૯–૦૩–૨૦૨૧, ૧૬ શાબાનુલ મુઅઝ઼્ઝમ, હિ.સ. ૧૪૪૨ રવિવારની રાતે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **ભરૂચ** : બરેલીખો ખાતે હાજી અહમદખાં લાકડાવાલા તા. ૧૦–૦૪–૨૦૨૧, ૨૭ શાબાનુલ મુઅઝ઼્ઝમ, હિ.સ. ૧૪૪૨, શનિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. ❑ બરેલી ખો ભરૂચ ખાતે જનાબ મુનીરભાઈ પઠાણની વાલિદા ઝોહરા બીબી તા. ૧૪–૦૪–૨૦૨૧, ૧ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨ બુધવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **આમોદ** : ખાતે મૌલાના હસન રાણાના વાલિદ સાહબ જનાબ હાજી મુહમ્મદ રાણા તા. ૧૦–૦૪–૨૦૨૧, ૨૭ શાબાનુલ મુઅઝ઼્ઝમ, હિ.સ. ૧૪૪૨, શનિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **સૂરત** : હાજી આદમ હાજી અહમદ હાજી દયાદરાવાળાનો સૂરત મુક઼ામે તા. ૧૧–૦૪–૨૦૨૧, ૨૮ શાબાનુલ મુઅઝ઼્ઝમ, હિ.સ. ૧૪૪૨, રવિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **દહેગામ** : તા. જંબુસર ખાતે જનાબ હઝ઼રત અલ્લામા મૌલાના મુહમ્મદ ઝહીર અશરફી મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)ના વાલિદ સાહબ જનાબ દાઊદ અલી મલેક તા. ૧૮/૦૪/૨૦૨૧, ૦૫ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, રવિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **વાગરા** : ઈકબાલ અહમદ મુન્શી તા. ૨૦–૦૪–૨૦૨૧, ૦૭ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, મંગળવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફ઼ેરત ફ઼ર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે યાસીન શરીફ઼નો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફ઼ેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*